અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 20 ઓગસ્ટ 2026 ગુરુવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ -8 | અંક : 51 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  નવ મહિના પછી ઈમરાન ખાન બહેન અને પત્નીને મળ્યા: સુપ્રીમ કોર્ટના આદેશ બાદ અડિયાલા જેલ પહોંચ્યા...

4  હોર્મુઝમાં ફસાયેલા જહાજો સુપર સ્પ્રેડર બનવાનું જોખમ!

6  શૂટિંગ દરમિયાન કાર્તિક આર્યન ગંભીર રીતે ઈજાગ્રસ્ત, ઘૂંટણમાં વાગતાં હોસ્પિટલમાં દાખલ

7  ચાંદી ₹5,772 ઘટીને ₹2.27 લાખ પ્રતિ કિલો પર આવી: 10 ગ્રામ સોનાનો ભાવ ₹1,196 ઘટીને ₹1.53 લાખ થયો

### આ જીત સાથે ભારતીય ટીમે 1-0ની અજેય લીડ મેળવી લીધી

# ભારતે 165 રનોથી જીતી ગાલે ટેસ્ટ, માનવ સુથારે 10 વિકેટ લઈ રચ્યો ઈતિહાસ

## ચોથી ઈનિંગમાં 372 રનનો લક્ષ્યાંક આપ્યો હતો, પરંતુ શ્રીલંકા ફક્ત 206 રન જ બનાવી શક્યું : ભારતે બેટ અને બોલ બંનેથી શાનદાર પ્રદર્શન કર્યું

**કોલંબો, તા.19**

ભારતે શ્રીલંકાને ૧૬૫ રનથી હરાવ્યું. ચોથી ઈનિંગમાં ૩૭૨ રનનો લક્ષ્યાંક આપ્યો હતો, પરંતુ શ્રીલંકા ફક્ત ૨૦૬ રન જ બનાવી શક્યું. માનવ સુથારે પોતાની બીજી ટેસ્ટમાં ૧૦ વિકેટ લઈને ઈતિહાસ રચ્યો હતો. તેણે બીજી ઈનિંગમાં કુલ ૬ વિકેટ લીધી. આ સાથે ટીમ ઈન્ડિયાએ શ્રીલંકા સામે ૨૦૧૫ થી ચાલી રહેલી જીતનો સિલસિલો જાળવી રાખ્યો છે.

સ્પિનર માનવ સુથારે ટીમ ઈન્ડિયાની જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સુથારે બંને ઈનિંગ્સમાં કુલ ૧૦ બેટ્સમેનોને આઉટ કર્યા હતા. ગાલે ટેસ્ટની પહેલી ઈનિંગ્સમાં માનવે ચાર બેટ્સમેનોને આઉટ કર્યા હતા. બીજી ઈનિંગ્સમાં તેણે શ્રીલંકાના છ બેટ્સમેનોને આઉટ કર્યા હતા. સુથારે અફઘાનિસ્તાન સામેની પોતાની ડેબ્યૂ ટેસ્ટમાં સાત વિકેટ લીધી હતી અને હવે શ્રીલંકા સામેની પહેલી ટેસ્ટમાં તેણે ૧૦ વિકેટ લીધી છે. ટેસ્ટ મેચમાં સુથારની આ પહેલી ૧૦ વિકેટ છે. ટીમ ઈન્ડિયાએ શ્રીલંકા સામેની પહેલી ટેસ્ટ ૧૬૫ રનથી જીતી લીધી. આ જીત સાથે ટીમે ૧-૦ની અજેય લીડ મેળવી લીધી.

ભારતીય ક્રિકેટ ટીમે ગાલે મેચમાં બેટ અને બોલ બંનેથી શાનદાર પ્રદર્શન કર્યું હતું. દેવદત્ત પડિકલના શાનદાર ૧૬૭ રનની મદદથી ટીમ ઈન્ડિયાએ પ્રથમ ઈનિંગ્સમાં ૪૬૨ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં, શ્રીલંકા તેમની પ્રથમ ઈનિંગ્સમાં ફક્ત ૨૮૪ રન જ બનાવી શક્યું હતું. બીજી ઈનિંગ્સમાં, ભારતીય બેટિંગ ૧૯૩ રન સુધી મર્યાદિત રહી, જેના કારણે શ્રીલંકાને જીતવા માટે ૩૭૨ રનનો લક્ષ્યાંક મળ્યો. આ લક્ષ્યનો પીછો કરતા શ્રીલંકાના બેટ્સમેનો ૭૭.૪ ઓવરમાં ૨૦૬ રનના સ્કોર સુધી જ મેદાન પર ટકી શક્યા.



ટેસ્ટ ઈતિહાસમાં શ્રીલંકા પર ભારતનો આ સતત નવમો વિજય છે. શ્રીલંકાએ છેલ્લે ૨૦૧૫ માં ભારત સામે ટેસ્ટ મેચ જીતી હતી. ત્યારથી ભારતે ૧૧ માંથી નવ મેચ જીતી છે અને બે ડ્રો કરી છે. શ્રીલંકાએ ૧૧ વર્ષમાં ભારતને હરાવ્યું નથી.

માનવ સુથાર આ ટેસ્ટ મેચમાં જીતનો હીરો રહ્યો. સુથારેએ ગાલે ટેસ્ટની પહેલી ઈનિંગમાં ચાર અને બીજી ઈનિંગમાં છ વિકેટ લીધી હતી. તેણે બીજી ઈનિંગની ૭૬મી ઓવરમાં એક જ ઈનિંગમાં ત્રણ બેટ્સમેનોને આઉટ કર્યા હતા. ગોલમાં શ્રીલંકા વિરુદ્ધ પહેલી ટેસ્ટ ૧૬૫ રનથી જીતીને ભારતે શ્રીલંકા સામે બે મેચની ટેસ્ટ સિરીઝમાં ૧-૦થી લીડ મેળવી લીધી છે. હવે આ ટેસ્ટ સિરીઝની બીજી મેચ ૨૩ ઓગસ્ટે કોલંબોના સિંહલીઝ સ્પોર્ટ્સ ક્લબમાં રમાશે. માનવ સુથાર ઉપરાંત બીજી ઈનિંગમાં પ્રસિદ્ધ કૃષ્ણાએ ૨ વિકેટ અને રવિન્દ્ર જાડેજા તથા મોહમ્મદ સિરાજે ૧-૧ વિકેટ લીધી હતી. ભારત તરફથી સ્ટાર લેફ્ટ આર્મ સ્પીનર માનવ સુથાર મેચનો હીરો સાબિત થયો. સુથારે મેચમાં કુલ ૧૦ વિકેટ લીધી અને ટીમને પોતાના દમે મેચ જીતાડવામાં મોટી ભૂમિકા ભજવી છે. માનવ સુથારે પહેલી ઈનિંગમાં ૪ વિકેટ અને બીજી ઈનિંગમાં ૬ વિકેટ લીધી છે.

પોતાનિ કરિયરની ફક્ત બીજી ટેસ્ટ મેચમાં માનવ સુથારે પાંચમા દિવસે બીજી ઈનિંગમાં ૬ વિકેટલીધી અને મેચમાં કુલ ૧૦ વિકેટ લીધી. આ શાનદાર જીત બાદ ભારતે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપના ૧૨ મહત્વના અંક મેળવ્યા છે. આ જીત ટકાવારી પણ હવે ટીમ ઈન્ડિયાના ૫૦ પાર ગઈ છે. જે ઘણા સમય બાદ જોવા મળ્યું છે. આ મેચની જીત એટલા માટે પણ મહત્વની છે કારણ કે તેના પર વરસાદનો ઓછાયો હતો અને ઘણ ઓવરની રમત બગડી હતી. આ મેચ ભારતની ૬૦૦મી ટેસ્ટ હતી.

ટીમ ઈન્ડિયા હાલ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ૨૦૨૭ના પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને જ છે. જ્યારે શ્રીલંકા હારવા છતાં પણ છઠ્ઠા સ્થાને છે. જ્યારે પોઈન્ટ ટેબલમાં બાંગ્લાદેશ સામે શરમજનક હાર છતાં હજુ પણ ઓસ્ટ્રેલિયા ટોચ પર છે. ઓસ્ટ્રેલિયાની જીતની ટકાવારી હાલ ૭૭.૭૮ ટકા છે. જ્યારે બીજા નંબરની ટીમ સાઉથ આફ્રિકાની જીત ટકાવારી ૭૫ ટકા છે. ત્રીજા નંબરે ૭૨.૨૨ ટકા સાથે ન્યૂઝીલેન્ડ છે. જ્યારે ચોથા સ્થાને ૬૬.૬૭ ટકાની જીતની ટકાવારી સાથે બાંગ્લાદેશ છે અને પાંચમા નંબરે ૫૩.૩૩ ટકા જીત ટકાવારી સાથે ભારત છે. ભારતની આ ટેસ્ટ મેચ પહેલા ટકાવારી ૪૮.૧૫ હતી.

# અમેરિકી રાજદૂતે કહ્યું- જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે

- આર્ટિકલ 370 હટાવ્યા પછી અમેરિકી રાજદૂતની પ્રથમ મુલાકાત, CM ઉમર અબ્દુલ્લાને મળ્યા

**શ્રીનગર, તા.19**

ભારતમાં અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે બુધવારે કહ્યું કે જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. ગોરે જમ્મુ-કાશ્મીરની પોતાની યાત્રા દરમિયાન કહ્યું, હું પહેલીવાર આ સ્થળની મુલાકાત લઈ રહ્યો છું. આ એક અવિશ્વસનીય રીતે સુંદર સ્થળ છે.

ગોરે CM ઉમર અબ્દુલ્લા સાથે મુલાકાત કર્યા બાદ મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું કે અમેરિકા જમ્મુ-કાશ્મીરની યાત્રાને લઈને જાહેર પોતાની એડવાઈઝરી પર ફરીથી વિચાર કરશે.



ગોરે કહ્યું કે, અમેરિકા પ્રવાસ ચેતવણીઓ જાહેર કરે છે અને સમયાંતરે તેની સમીક્ષા પણ કરે છે. હું આજે અહીં કોઈ મોટી જાહેરાત કરી શકતો નથી, પરંતુ અમે આ અંગે વિચારણા કરીશું." જમ્મુ-કાશ્મીર એક સુંદર વિસ્તાર છે અને ઘણા અમેરિકનો અહીં આવીને તેની સુંદરતા અને અહીં ઉપલબ્ધ તકો જોવા માંગશે.

ગયા વર્ષે ઓપરેશન સિંદૂર અને મે 2020માં પૂર્વ લદ્દાખની ગલવાન ઘાટીમાં થયેલી અથડામણો પછી, અમેરિકી રાજદૂતની કાશ્મીરની આ પ્રથમ મુલાકાત છે. ગોર અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દક્ષિણ અને મધ્ય એશિયા માટે વિશેષ દૂત તરીકે પણ કાર્ય કરે છે.

ગોરની મુલાકાતને ક્ષેત્રમાં વધતા વ્યૂહાત્મક ઘટનાક્રમો વચ્ચે તાજેતરના વર્ષોમાં એક મહત્વપૂર્ણ અમેરિકી રાજદ્વારી પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

ઉમર અબ્દુલ્લાએ કહ્યું કે તેમને જમ્મુ-કાશ્મીર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને અમેરિકા અને ભારતના સંબંધો પર ચર્ચા કરવાની તક મળી.

તેમણે કહ્યું- અમારી બેઠક ખૂબ સારી રહી. અમને બંને દેશો વચ્ચેના સંબંધો પર ચર્ચા કરવાની તક મળી, પરંતુ ખાસ કરીને એ વાત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું કે અમેરિકા જમ્મુ અને કાશ્મીરના મામલે શું કરી શકે છે. દેખીતી રીતે, કેટલાક જૂના મુદ્દાઓ છે જેને અમે સમય જતાં ઉકેલવાનો પ્રયાસ કરીશું, પરંતુ અમે આ વાતચીતને આગળ વધારવા માટે ઉત્સુક છીએ.

# મરાઠી ન જાણનારા મહારાષ્ટ્રમાં ઓટો-ટેક્સી નહીં ચલાવી શકે: ટ્રાન્સપોર્ટ મંત્રી બોલ્યા- પહેલાં નોટિસ આપશે.....

**મુંબઈ, તા.19**

જે ડ્રાઈવરો મરાઠી ભાષા જાણતા નથી તેઓ હવે મહારાષ્ટ્રમાં ઓટો-ટેક્સી ચલાવી શકશે નહીં. રાજ્ય સરકાર 20 ઓગસ્ટથી એવા ઓટો-રિક્ષા અને ટેક્સી ડ્રાઈવરો સામે અભિયાન શરૂ કરવા જઈ રહી છે, જેમની પાસે મરાઠીનું 'વર્કિંગ નોલેજ' નથી.

પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે બુધવારે તેની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ડ્રાઈવરોને પહેલા નોટિસ આપીને 3 મહિનામાં મરાઠી શીખવાની તક આપવામાં આવશે. આ પછી પણ મરાઠી ન શીખવા પર લાઈસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવશે. આ અભિયાન આખા રાજ્યમાં એક મહિના સુધી ચાલશે.

આ અભિયાનની જવાબદારી અધિક પરિવહન આયુક્ત રવિ ગાયકવાડને સોંપવામાં આવી છે. RTOની ફ્લાઈંગ સ્ક્વોડ રાજ્યભરમાં ઓટો અને ટેક્સી ડ્રાઈવરોની તપાસ કરશે. અધિકારીઓને વીડિયો કોન્ફરન્સ



દ્વારા નિર્દેશ આપવામાં આવ્યા છે. ડ્રાઈવરોની મરાઠીની તપાસ અને વેરિફિકેશનની વીડિયો રેકોર્ડિંગ પણ કરવામાં આવશે.

સરકારના મતે, મહારાષ્ટ્રમાં લગભગ 6 લાખ ઓટો-રિક્ષા અને ટેક્સી ડ્રાઈવરો છે, ખાસ કરીને મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં મોટી સંખ્યામાં ડ્રાઈવરો કામ કરે છે. સરકાર આ બધાને મરાઠી શીખવાની પહેલ સાથે જોડવા માંગે છે. થોડા મહિના પહેલા શરૂ કરાયેલા આ અભિયાનમાં અત્યાર સુધીમાં 1 લાખ 65 હજાર 601 ડ્રાઈવરો જોડાઈ ચૂક્યા છે. સરકારના મતે, મરાઠી ભાષા વિભાગ હવે પરિવહન વિભાગ અને અન્ય અધિકારીઓ સાથે મળીને આ અભિયાનને આગળ વધારશે. મહારાષ્ટ્રમાં મોટી સંખ્યામાં ઓટો અને ટેક્સી ડ્રાઈવરો અન્ય રાજ્યોમાંથી આવે છે. તેમાંથી ઘણા ડ્રાઈવરોને મરાઠી આવડતી નથી અથવા તેઓ ખૂબ ઓછી મરાઠી બોલી શકે છે. આવા ડ્રાઈવરોને લાઈસન્સ અને પરમિટ રદ થવાનો ડર છે. જોકે, સરકારનું કહેવું છે કે પહેલા તેમને મરાઠી શીખવાની તક આપવામાં આવશે, ત્યારબાદ જ કાર્યવાહી થશે.

ડ્રાઈવર યુનિયને નિયમને લઈને સવાલો ઉઠાવ્યા છે. સેવા સારથી ઓટો-રિક્ષા ટેક્સી એન્ડ ટ્રાન્સપોર્ટ યુનિયનના નેતા ડી. એમ. ગોસાવીએ જણાવ્યું હતું કે સરકારે મરાઠીનું "વર્કિંગ નોલેજ" ફરજિયાત બનાવ્યું છે, પરંતુ તે સ્પષ્ટ કર્યું નથી કે કેટલી મરાઠી જાણવી પર્યાપ્ત ગણાશે. યુનિયનનું કહેવું છે કે નિયમો સ્પષ્ટ ન હોવાને કારણે RTO અધિકારીઓ અને ડ્રાઈવરો વચ્ચે વિવાદ થઈ શકે છે અને તેનાથી ભ્રષ્ટાચાર અથવા ડ્રાઈવરોના આર્થિક શોષણનો ખતરો વધી શકે છે.

# તમિલનાડુમાં ધારાસભ્યોને નવી કાર, ₹75 હજાર ભથ્થું મળશે

## મહિલા ધારાસભ્યએ ગૃહમાં ગીત ગાઈને આભાર માન્યો, વિદ્યાર્થીઓના પ્રદર્શન પર પ્રતિબંધ મૂકતો આદેશ પાછો ખેંચાયો

**ચૈન્નઈ, તા.19**

CM વિજય દ્વારા તમામ ધારાસભ્યો માટે નવી ગાડીઓની જાહેરાત પછી, વિધાનસભામાં TVK ધારાસભ્ય સિંધુએ ગીત ગાઈને તેમનો આભાર માન્યો. તેમણે તમિલ સુપરસ્ટાર MGRનું પ્રખ્યાત ગીત "કોડુત્તદેલામ કોડુત્તાન" ગાઈને CM વિજય પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.

આ સાથે જ ધારાસભ્યોને દર મહિને 1 લાખનું ભથ્થું આપવાની જાહેરાત કરવામાં આવી. વિજયે કહ્યું કે તેનાથી ધારાસભ્યો ઈમાનદારીથી કામ કરી શકશે.

વિજયે મુખ્યમંત્રી સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ વીમા કવચ 5 લાખ રૂપિયાથી વધારીને વાર્ષિક 25 લાખ રૂપિયા કરવાની જાહેરાત કરી. ટ્રાન્સજેન્ડર લોકો માટે સાત સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલોમાં મેડિકલ અને સર્જિકલ સારવારની વધારાની સુવિધા આપવામાં આવશે.



મુખ્યમંત્રી સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ ટ્રાન્સજેન્ડર લોકોને ચેન્નઈની સ્ટેનલી, તિરુનેલવેલી, તુતીકોરિન, ચેંગલપટ્ટુ, તિરુવરુર, ધર્મપુરી અને કન્યાકુમારીની સરકારી હોસ્પિટલોમાં મેડિકલ અને સર્જિકલ સારવાર મળશે.

મુખ્યમંત્રીએ રાજ્ય સરકારની 'આવિન' દૂધ ખરીદીની કિંમત 38 રૂપિયાથી વધારીને 41 રૂપિયા પ્રતિ લિટર કરવાની જાહેરાત કરી. તેનાથી સરકાર પર દર વર્ષે 360 કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ આવશે અને 3.16 લાખ દૂધ ઉત્પાદકોને ફાયદો થશે.

તમિલનાડુની વિજય સરકારે કોલેજના વિદ્યાર્થીઓને વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકતો આદેશ પાછો ખેંચી લીધો છે. કોલેજ શિક્ષણના સંયુક્ત નિર્દેશક સિન્થિયા સેલ્વી પી. દ્વારા બુધવારે જાહેર કરાયેલા નવા આદેશમાં 17 ઓગસ્ટના રોજ જાહેર કરાયેલ અગાઉનો પરિપત્ર તાત્કાલિક અસરથી રદ કરવાની જાણ કરવામાં આવી છે.

14 ઓગસ્ટના રોજ સરકારે અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો કે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને યુવાનો ડાબેરી પક્ષો અને કોકરોચ જનતા પાર્ટીના પ્રદર્શનોમાં ભાગ ન લે. ત્યારબાદ 17 ઓગસ્ટના રોજ કોલેજ શિક્ષણ કમિશનરે સરકારી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજોના આચાર્યોને વિદ્યાર્થીઓને આવા કાર્યક્રમોથી દૂર રાખવા માટે પોલીસ અને જિલ્લા પ્રશાસન સાથે સંકલન કરવા જણાવ્યું હતું.

વિધાનસભામાં રસ્તા બનાવવાના કામમાં અનિયમિતતાઓને લઈને TVK અને DMKના ધારાસભ્યો સામસામે આવી ગયા. રસ્તા બનાવવાના કામમાં ગેરરીતિઓ પર ચર્ચા દરમિયાન હોબાળો થયો. બંને પક્ષોના સભ્યોએ એકબીજા પર આરોપ લગાવ્યા.

મંગળવારે DMK ધારાસભ્ય EV વેલુ અને લોક નિર્માણ મંત્રી આધવ અર્જુન વચ્ચે દલીલ થઈ હતી. આ દલીલ મુખ્યમંત્રી કાર્યાલયને બીજી જગ્યાએ લઈ જવા માટે જારી કરાયેલા 5.54 કરોડ રૂપિયાના ટેન્ડરમાં અનિયમિતતાઓને લઈને થઈ હતી.

AIADMK ધારાસભ્યોએ તમિલનાડુ વિધાનસભામાંથી વોકઆઉટ કર્યું. સ્પીકર જેસીડી પ્રભાકરે કહ્યું હતું કે પાર્ટી જે મુદ્દો ઉઠાવવા માંગે છે, તેના પર ગુરુવારે ચર્ચા થશે. AIADMK નેતા એડપ્પાદી કે. પલાનીસ્વામીએ સ્પીકરને પોતાની પાર્ટીના નોટિસવાળા મુદ્દા પર ચર્ચા કરાવવાની માગ કરી, જેના પછી હોબાળો શરૂ થઈ ગયો.

વિધાનસભા પરિસરની બહાર પત્રકારો સાથે વાત કરતા પૂર્વ મુખ્યમંત્રી અને AIADMK મહાસચિવ એડપ્પાદી કે. પલાનીસ્વામીએ કહ્યું કે મયિલાદુથુરાઈના એક માછીમારના મૃત્યુની ઘટના પર સરકારની પ્રતિક્રિયા પર સવાલો ઉઠાવ્યા.



# PSI અને CNCDની ટીમ સાથે સાથે યુવકોની દાદાગીરી

## નવા વાડજમાં મોડી રાતે ઢોર પકડવાની કામગીરી સમયે PSIને લાકડી મારવાનો પ્રયાસ

**અમદાવાદ, તા.19**

ગુજરાતમાં રખડતા પશુઓના વધતા જતા ત્રાસ અને તેના કારણે થતા માર્ગ અકસ્માતો અંગે ગુજરાત હાઈકોર્ટે આકરી ઝાટકણી કાઢ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં રખડતા ઢોર પર અંકુશ મેળવવા માટે એક વિશેષ નીતિ અમલમાં મુકવામાં આવી હતી. આ નીતિ અમલી બનતાની સાથે જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરના વિવિધ ઝોનમાં ઢોર પકડવાની કામગીરી અત્યંત કડક બનાવી દેવામાં આવી હતી. જોકે, શરૂઆતી તબક્કે દેખાયેલી આ આક્રમકતા છેલ્લા એકાદ મહિનાથી ધીમી પડી ગઈ હોય તેમ લાગે છે. કોર્પોરેશનના સીએનસીડી (Cattle Nuisance Control Department) વિભાગની નિષ્ક્રિયતા અને ઢીલી નીતિના કારણે અમદાવાદ શહેરના મુખ્ય માર્ગો, બ્રિજ અને હાઈવે પર ફરી એકવાર રખડતા ઢોરનો જમાવડો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સાંજના સમયથી લઈને મોડી રાત સુધી પશુપાલકો દ્વારા પોતાના ઢોરને જાહેરમાં રસ્તા પર ખુલ્લા છોડી દેવામાં આવે છે. આ કારણે વાહનચાલકો માટે અકસ્માતનો મોટો ભય ઊભો થયો છે અને ટ્રાફિકની સમસ્યા પણ વિકટ બની છે. તંત્રની આ ઢીલી કામગીરીને કારણે હવે



પશુપાલકો અને દાદાગીરી કરતા સ્થાનિક તત્વોની હિંમત એટલી વધી ગઈ છે કે તેઓ કાયદા કે પોલીસનો સહેજ પણ ડર રાખ્યા વિના સરકારી કર્મચારીઓ અને ફરજ પરના પોલીસ અધિકારીઓ પર ખુલ્લેઆમ હુમલા કરવા સુધી ઉતરી આવ્યા છે.

તાજેતરમાં અમદાવાદ શહેરના નવા વાડજ વિસ્તારમાં કાયદા અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી આવી જ એક અત્યંત ગંભીર અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં જાહેર રસ્તા પરથી રખડતા પશુઓને પકડવા નીકળેલી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ અને તેમની સાથે સુરક્ષા માટે ગયેલા પોલીસ અધિકારી પર જાનલેવા હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બનાવની વિગત એવી છે કે પશ્ચિમ ઝોનના સીએનસીડી વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને વાડજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એમ. શેખ પોતાની ટીમ સાથે વિસ્તારમાં રખડતા ઢોર મુક્ત કરાવવા અને પેટ્રોલિંગ હાથ ધરવા માટે નીકળ્યા હતા. આ પેટ્રોલિંગ દરમિયાન નવા વાડજ સ્થિત આકાશદીપ એપાર્ટમેન્ટ નજીકથી પસાર થતાં રસ્તા પર કેટલીક ગાયો રખડતી અને વાહનવ્યવહારમાં અડચણરૂપ બનતી જોવા મળી હતી. તેથી સીએનસીડીની ટીમે સમય બગાડ્યા વિના તાત્કાલિક કામગીરી શરૂ કરી હતી અને ગાયોને પકડીને કોર્પોરેશનના સરકારી ટ્રેલરમાં પૂરવાની કવાયત હાથ ધરી હતી.

ટીમ દ્વારા ગાયોને ટ્રેલરમાં પૂરવાની કામગીરી ચાલી રહી હતી, તે જ સમયે ત્યાં આસપાસમાંથી પારસ ભરવાડ અને પિન્ટુ ભરવાડ નામના બે પશુપાલક યુવકો અચાનક દોડી આવ્યા હતા. તેમણે સ્થળ પર પહોંચીને જ સરકારી ટીમ સાથે ઉગ્ર બોલાચાલી શરૂ કરી દીધી હતી અને મનફાવે તેમ ગંદી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. આ બંને શખ્સોએ ટીમ સાથે ભારે દાદાગીરી અને જોહુકમી દર્શાવતા સ્પષ્ટ શબ્દોમાં ધમકી આપી હતી કે તેઓ કોઈપણ સંજોગોમાં આ ગાયોને સરકારી ટ્રેલરમાં પૂરવા દેશે નહીં. આટલેથી જ ન અટકતા, તેમણે ગાયોને છોડાવવા માટે પશુ પર જ હુમલો કરવાનું શરૂ કર્યું હતું. આ દ્રશ્ય જોઈને સ્થળ પર શાંતિ જાળવવા અને ફરજ બજાવવા હાજર પીએસઆઈ એસ.એમ. શેખે આગળ આવીને યુવકોને પશુ પર હુમલો કરતા અટકાવ્યા હતા. પીએસઆઈ દ્વારા કાયદાનું પાલન કરવા જણાવાતાં જ ઉશ્કેરાયેલા એક યુવકે હાથમાં રહેલી લાકડી વડે સીધો પીએસઆઈના મોં અને શરીર પર જાનલેવા પ્રહાર કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પીએસઆઈ એસ.એમ. શેખે અત્યંત સમયસૂચકતા અને ચાલાકી વાપરીને પોતાની પાસે રહેલી લાકડી વચ્ચે આડી ધરી દેતાં હુમલો નિષ્ફળ ગયો હતો અને તેઓ આબાદ બચી ગયા હતા.

ઘટના સ્થળે પરિસ્થિતિ વધુ વણસતી અને હિંસક બનતી જોઈને સીએનસીડી વિભાગની ટીમે વિલંબ કર્યા વગર તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને વધુ પોલીસ કાફલો સ્થળ પર મોકલવા માટે કટોકટીનો મેસેજ આપ્યો હતો. કંટ્રોલ રૂમનો મેસેજ મળતાં જ વાડજ પોલીસ સ્ટેશનની વધારાની ગાડીઓ ઘટનાસ્થળ તરફ રવાના થઈ ગઈ હતી. જોકે, વધારાનો પોલીસ કાફલો આવી પહોંચે તે પહેલાં જ પરિસ્થિતિનો તાગ મેળવી ગયેલા બંને હુમલાખોરોએ સરકારી કર્મચારીઓ અને પીએસઆઈને ગંભીર પરિણામો ભોગવવાની ખુલ્લી ધમકીઓ આપી હતી. તેમણે આક્રોશમાં કહ્યું હતું કે, 'અમારા ઢોર તો આ વિસ્તારમાં રસ્તા પર જ રહેશે અને જો હવે પછી કોઈ અહીં ગાયો પકડવા માટે આવશે તો અહીંથી જીવતા પાછા નહીં જાય.' આવી સીધી જાનથી મારી નાખવાની ધમકી આપીને બંને આરોપીઓ ઘટનાસ્થળેથી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. આ સમગ્ર બનાવ અંગે સીએનસીડી વિભાગના સત્તાવાર કર્મચારી દ્વારા વાડજ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# અમદાવાદમાં દહેજ ભૂખ્યા પતિ-સાસુનો અત્યાચાર: "પત્ની ઘર ન છોડે તો તેજાબ નાખી દો"

## ઓડિયો ક્લિપ મોકલી પરિણીતાને ઢોર માર મારી કાઢી મુકી

**અમદાવાદ, તા.19**

શહેરના શાહપુર વિસ્તારમાં રહેતી 28 વર્ષીય પરિણીતાએ પોતાના પતિ અને સાસુ વિરુદ્ધ દહેજ માટે શારીરિક-માનસિક ત્રાસ આપવાની ફરિયાદ નોંધાવી છે. લગ્નના એક જ અઠવાડિયા બાદ ફોર વ્હીલર ગાડી અને સોનાની માંગણી કરી પરિણીતાને મેણા-ટોણા મારી ઢોર માર મારવામાં આવતો હતો. એટલું જ નહીં, સાસુએ પુત્રને 'તારી પત્નીને ઘરમાંથી કાઢી મૂક અને ન જાય તો તેજાબ નાખી દે' તેવી ધમકી આપતી ઓડિયો ક્લિપ પણ વોટ્સએપ પર મોકલી હતી.અંતે પરિણીતાને પહેરેલા કપડે ઘરમાંથી હાંકી કાઢતા પોલીસે પતિ અને સાસુ સામે શાહપુર પોલીસ સ્ટેશને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ પેટલાદની યુવતીએ અમદાવાદના શાહપુર ખાતે રહેતા યુવક સાથે લગ્ન કર્યા હતા. લગ્નમાં પિતાએ 25 તોલા સોનું,85 હજાર રોકડા,ઓનલાઈન તથા અન્ય કરીયાવર આપ્યો હોવા છતાં, લગ્નના એક અઠવાડિયા બાદ જ પતિ અને સાસુએ વધુ સોનું તથા ફોર વ્હીલર ગાડીની માંગણી શરૂ કરી હતી. દહેજ બાબતે બોલાચાલી થતાં બંને જણાએ




પરિણીતાને ગડદાપાટુનો માર માર્યો હતો.

એક દિવસ સાસુએ પોતાના મોબાઈલમાંથી પરિણીતાના ફોન પર 2 ઓડિયો ક્લિપ મોકલી હતી. જેમાં સાસુ પોતાના પુત્રને પત્ની પર તેજાબ નાખી દેવા અને તેના માબાપને ગાળો આપવા ઉશ્કેરતી જોવા મળી હતી.આ બાબતે ખુલાસો પૂછતાં જ પતિ અને સાસુ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને પરિણીતાને ફરીથી ઢોર માર મારવા લાગ્યા હતા. જેથી જીવ બચાવવા પરિણીતાએ બાથરૂમમાં ભરાઈ અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો અને પેટલાદ ખાતે માતાને ફોન કરીને જાણ કરી હતી. બાદમાં પતિ-સાસુએ હેરાન ન કરવાની અને માતાને ન બોલાવવાની શરતે પરિણીતાને બાથરૂમમાંથી બહાર કાઢી હતી. 2 કલાક બાદ પરિણીતાના માતા અને નાની બહેન અમદાવાદ આવી પહોંચતા જ સાસુ-પતિએ 'તારી માતાને કેમ બોલાવી?' તેમ કહી ઉશ્કેરાઈને માતા-બહેનની હાજરીમાં જ પરિણીતાને ધક્કા મારી પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મૂકી હતી.આ અંગે શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# સાબરમતી અને ચાંદખેડાના વાહનચાલકો ઘરેથી વહેલા નીકળજો: ચીમનભાઈ પટેલ બ્રિજ પર બેરિંગની કામગીરી માટે બમ્પ મુકાયો

**અમદાવાદ, તા.19**

જો તમે ઉત્તર ગુજરાત પાલનપુર કડી, કલોલ અને ચાંદખેડાથી સાબરમતી થઈને અમદાવાદ શહેરમાં પ્રવેશ કરી રહ્યા હોય તો સવારના સમયે વહેલા નીકળજો કારણકે સાબરમતીનો ચીમનભાઈ પટેલ બ્રિજ પરના બેરિંગ બદલવાની કામગીરીના કારણે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાય છે. બ્રિજ પર RTO તરફના છેડા બાજુ બ્રિજની બેરિંગ બદલવાની કામગીરી કરવામાં આવી રહી છે.



તેના માટે લોખંડનો મોટો બમ્પ મૂકવામાં આવ્યો છે જેથી વાહનો ધીમી ગતિએ ચાલી રહ્યો છે. આ કામગીરીના કારણે સાબરમતી ટોરેન્ટ પાવર ચાર રસ્તા સુધી ટ્રાફિક જોવા મળે છે.

સાબરમતી અને ચાંદખેડા તરફથી આવનારા વાહનચાલકોએ હવે સમય કરતાં વહેલા નીકળવું પડશે. કારણ કે બ્રિજના વચ્ચેના ભાગે બેરિંગ બદલવાની કામગીરી માટે મોટો લોખંડનો બમ્બ મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા મૂકવામાં આવ્યો છે. જેના કારણે થઈને વાહનો ખૂબ જ ધીમી ગતિએ ચાલે છે. 500 મીટરથી વધારે લાંબો ટ્રાફિક હોય છે. એટલે સાબરમતી ટોરેન્ટ પાવર ચાર રસ્તા પાસે ખૂબ જ ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળતી હોવાના કારણે હવે સવારે 7 વાગ્યાથી જ રોડ ઉપર ટ્રાફિક પોલીસ મૂકવી પડે તેવી સ્થિતિ છે.

સાબરમતી ટોરેન્ટ પાવર ચાર રસ્તાથી આરટીઓ તરફ જવાના રોડ પર આ બમ્પ બ્રિજની કામગીરી માટે મૂકવામાં વાહન ચાલકોને પણ હેરાનગતિ ભોગવવી પડે છે, ત્યારે 108 એમ્બ્યુલન્સને પણ હાલાકી ભોગવવી પડે તેવી સ્થિતિ છે. કારણ કે ચીમનભાઈ પટેલ બ્રિજ ખૂબ જ સાંકડો છે અને હજારો વાહન ચાલકો બ્રિજ પરથી પસાર થાય છે ત્યારે ટોરેન્ટ પાવરથી બ્રિજ શરૂ થાય ત્યાંથી બમ્પ સુધી ખૂબ જ લાંબો ટ્રાફિકજામ થાય છે. અને ચાર રસ્તા પર ટ્રાફિક પોલીસ હવે મોડી રાત સુધી મૂકવી પડે તેવી સ્થિતિ છે.

# ખેડૂતને રાચરડાની જમીનનો સોદો ભારે પડ્યો

## 24 કરોડમાં નક્કી કરેલી જમીનના ભાવ વધતા માલિકો-દલાલની દાનત બગડી, ખેડૂતના 18.50 કરોડ પચાવી પાડ્યાની બોડકદેવમાં ફરિયાદ

**અમદાવાદ, તા.19**

અમદાવાદ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં જમીનની કિંમતો આસમાને પહોંચતા જમીન લેવેચમાં છેતરપિંડીના કિસ્સાઓ સતત વધી રહ્યા છે, ત્યારે રાચરડા ગામમાં જમીન લેવેચના નામે કરોડો રૂપિયાની વિશ્વાસઘાત અને છેતરપિંડીની એક મોટી ઘટના સામે આવી છે. આ કેસમાં જમીન માલિકો અને દલાલ સહિત કુલ સાત શખ્સોએ ભેગા મળીને ગોતા વિસ્તારમાં રહેતા અને ખેતી તેમજ દાડમના વેપાર સાથે સંકળાયેલા એક વેપારી સાથે જમીનનો કરોડો રૂપિયાનો સોદો નક્કી કર્યો હતો. શરૂઆતમાં વેચાણ લખાણ કરીને વિશ્વાસમાં લીધા બાદ આરોપીઓએ ફરિયાદી પાસેથી કરોડો રૂપિયા પડાવી લીધા હતા. પરંતુ બાદમાં તે જમીનના બજારભાવ અચાનક ખૂબ વધી જતાં આરોપીઓની દાનત બગડી હતી અને તેમણે દસ્તાવેજ કરી આપવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. એટલું જ નહીં, પોતાના પૈસા પાછા માંગવા ગયેલા વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતાં આખરે આ સમગ્ર મામલે અમદાવાદના બોડકદેવ પોલીસ સ્ટેશનમાં સાતેય આરોપીઓ સામે ગુનો નોંધાયો છે.

ઘટનાની વિગતો અનુસાર



ગોતા ખાતે પરિવાર સાથે રહેતા 50 વર્ષીય અશોકભાઈ વાસાણી પોતાના મિત્રો સાથે મળીને દાડમના વેપારના ઉપયોગ માટે જમીન ખરીદવાનું આયોજન કરી રહ્યા હતા. વર્ષ 2023માં તેમનો સંપર્ક જમીન દલાલ ગિરીશ ભરવાડ સાથે થયો હતો. દલાલે તેમને સાણંદ તાલુકાના રાચરડા ગામમાં આવેલી 6,744 ચોરસ મીટર જેટલી કિંમતી જમીન બતાવી હતી. આ જમીનનો સોદો જમીન માલિકો ઈશ્વર દેસાઈ, જયરામ દેસાઈ, નાનું દેસાઈ, તખીબેન દેસાઈ અને કુંવરબેન રબારી સાથે મળીને કુલ 24 કરોડ રૂપિયામાં નક્કી કરવામાં આવ્યો હતો. જુલાઈ 2023માં બે સાક્ષીઓની હાજરીમાં વિધિવત વેચાણ લખાણ તૈયાર કરવામાં આવ્યું હતું અને અશોકભાઈએ અગાઉથી ટોકન પેટે 25 લાખ રૂપિયા પણ ચૂકવી દીધા હતા. આ સમયે જમીન માલિકોએ જમીનનું ટાઈટલ ક્લિયર કરી આપવાની અને બધી કાનૂની પ્રક્રિયા પૂરી કરવાની ખાતરી આપી હતી.

સોદો નક્કી થયા બાદ આરોપીઓએ જમીનને બિનખેતી એટલે કે એન.એ. કરાવવાની કામગીરી ચાલી રહી હોવાનો બોગસ વિશ્વાસ અપાવ્યો હતો અને સમયગાળા દરમિયાન ફરિયાદી પાસેથી અવારનવાર ચેક તથા રોકડ સ્વરૂપે હપ્તે-હપ્તે કુલ 18.50 કરોડ રૂપિયા મેળવી લીધા હતા. જોકે, સમય જતાં રાચરડા વિસ્તારમાં જમીનના ભાવમાં જબરદસ્ત ઉછાળો આવ્યો હતો, જેના કારણે જમીન માલિકો અને દલાલની દાનત બગડી ગઈ હતી. તેઓ દસ્તાવેજ કરી આપવાના બહાને સતત સમય પસાર કરવા લાગ્યા હતા. માર્ચ 2026માં આરોપીઓએ ફરિયાદીને શીલજ ખાતે આવેલા એક તબેલા પર વાતચીત કરવા માટે બોલાવ્યા હતા. ત્યાં મીટિંગ દરમિયાન આરોપીઓએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે તેઓ હવે જમીનનો દસ્તાવેજ કરી આપશે નહીં અને મેળવેલા પૈસા પણ પાછા આપશે નહીં. જો ફરિયાદી વધુ આનાકાની કરશે કે પૈસા માંગશે તો તેમને જાનથી મારી નાખવાની ખુલ્લી ધમકી આપવામાં આવી હતી. આખરે છેતરાયેલા અશોકભાઈ વાસાણીએ જમીન દલાલ ગિરીશ ભરવાડ, જમીન માલિકો ઈશ્વર દેસાઈ, જયરામ દેસાઈ, નાનું દેસાઈ, તખીબેન દેસાઈ, કુંવરબેન રબારી અને અશોક રબારી નામના સાત શખ્સો વિરુદ્ધ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

# નરોડા GIDCમાં સ્ટેટ વિજિલન્સની ટીમે દારૂનું કટીંગ ઝડપ્યા બાદ નરોડા PIની ડિટેન્શન સેન્ટરમાં બદલી, નવા PI મુકાયા




**અમદાવાદ, તા.19**

અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ સી. વી. નાયકનો ડિટેન્શન સેન્ટર ખાતે બદલીનો ઓર્ડર કરી દીધો છે. નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ તરીકે ડિટેન્શન સેન્ટરમાં ફરજ બજાવતા બી.એમ. કાતરીયાને મૂકવામાં આવ્યા છે. પોલીસ કમિશનરે સિંગલ ઓર્ડરમાં પીઆઈની બદલી કરી છે જેમાં વહીવટી કારણોસર બદલી દર્શાવવામાં આવી છે. જોકે પોલીસ સૂત્રોના મુજબ નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા જીઆઈડીસી વિસ્તારમાં વિદેશી દારૂનું કટીંગ ઝડપી પાડવામાં આવ્યું હતું. સ્થાનિક નરોડા પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી જેથી પોલીસ કમિશનરે બીજા જ દિવસે બદલી કરી હોવાની ચર્ચા છે.

છેલ્લા 15 દિવસથી રાજ્યના પોલીસવડા જી.એસ મલિકની સીધી દેખરેખ હેઠળની સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા અમદાવાદ શહેરમાં દારૂ, જુગાર અને સ્પામાં રેડ કરવામાં આવી રહી છે. જી.એસ મલિક અગાઉ અમદાવાદ પોલીસ કમિશનર રહી ચૂક્યા છે ત્યારે અમદાવાદમાં ચાલતા દારૂ અને જુગારની પ્રવૃત્તિઓને લઈને તેઓ ખૂબ જ માહિતગાર હોવાથી હવે પોલીસવડા બન્યા બાદ અમદાવાદમાં દરોડા પાડવા સ્ટેટ મોનેટરીંગ સેલને ખૂબ જ સક્રિય કરવામાં આવી છે.

# ડુમસમાં સ્થાનિક પોલીસની બે રેડ બાદ ક્રાઈમ બ્રાન્ચ ત્રાટકી: ઉત્તરાખંડ પાસિંગ ટ્રકના ચોરખાનામાંથી 6 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**સુરત, તા.19**

સુરતના ડુમસ વિસ્તારમાં સ્થાનિક પોલીસે માત્ર 3 દિવસની અંદર 2 અલગ-અલગ દરોડા પાડી હાઈ પ્રોફાઈલ દારૂની મહેફિલો પકડી પાડી હતી. આ ચર્ચા હજુ શાંત નથી થઈ ત્યાં જ સુરત ક્રાઈમ બ્રાન્ચે એ જ વિસ્તારમાંથી ઉત્તરાખંડ પાસિંગ કન્ટેનર ટ્રકમાંથી મોટા પાયે વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બાતમી આધારે ઉત્તરાખંડ પાસિંગ (UK07CD4970) ટ્રક સાથે હરિયાણાના પાનીપતના રહેવાસી 27 વર્ષીય ચાંદ સતનારાયણ ભારદ્વાજ નામના ડ્રાઈવરની ધરપકડ કરી છે.

બ્રાન્ચની ટીમે ડુમસ ગોલ્ફ સાઈડ પાસે નહેર વાળા રસ્તા પર વોચ ગોઠવી હતી. શંકાસ્પદ કન્ટેનરને અટકાવી તપાસ કરતા ડ્રાઈવર કેબિન તથા છત ઉપર ખાસ બનાવેલા ચોરખાનામાંથી ભારતીય બનાવટની ઈમ્પોર્ટેડ સ્કોચ વ્હિસ્કીની 288 મોંઘી બોટલો મળી આવી હતી. જેની કિંમત 6,00,612 થાય છે. પોલીસે વિદેશી દારૂ, 10,00,000 ની કન્ટેનર ટ્રક અને 25,000 નો iPhone 15 મળી



કુલ 16,25,612 નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પકડાયેલા આરોપી ચાંદ ભારદ્વાજની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. હરિયાણા ખાતે રહેતા ટ્રક માલિકે પોતે જ કેબિનની છતમાં ચોરખાનું બનાવી દારૂ ભરી આપ્યો હતો. ટ્રક માલિકે આપેલા લોકેશન મુજબ આરોપી ડુમસ ખાતે આવીને સુરતના સ્થાનિક બુટલેગરને માલ ડિલીવરી કરવા રાહ જોઈ રહ્યો હતો, તે જ સમયે ક્રાઈમ બ્રાન્ચે તેને રંગેહાથ દબોચી લીધો હતો.

સુરત ક્રાઈમ બ્રાન્ચ (DCB) પોલીસે નશાબંધી સુધારા અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હરિયાણાથી માલ મોકલનાર ટ્રક માલિક અને સુરતમાં માલ મંગાવનાર સ્થાનિક બુટલેગરને વોન્ટેડ જાહેર કરાયા છે. આરોપીના કોર્ટમાંથી 3 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવી આ સમગ્ર નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.

# માનવતાએ ધર્મની દીવાલો તોડી: હિંદુ મહિલાએ મુસ્લિમ દર્દીને અને મુસ્લિમ મહિલાએ હિંદુ દર્દીને કિડની દાનમાં આપી

**અમદાવાદ, તા.19**

અમદાવાદના ગુરુકુળ સ્થિત સ્ટર્લિંગ હોસ્પિટલે પોતાનું પ્રથમ સફળ 'કિડની સ્વૈપ ટ્રાન્સપ્લાન્ટ' કરીને મેડિકલ લેવલે એક મોટું કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ અનોખા ટ્રાન્સપ્લાન્ટમાં એક હિંદુ મહિલાએ મુસ્લિમ દર્દીને પોતાની કિડની દાન કરી હતી. જ્યારે એક મુસ્લિમ મહિલાએ હિંદુ દર્દીને પોતાની કિડની દાન કરી. તબીબી રીતે પોતાના પરિવારજનોને સીધી કિડની આપી શકાય તેમ ન હોવાથી, યોગ્ય મેચિંગ બાદ બંને પરિવારો એકબીજાની મદદ માટે આગળ આવ્યા અને જીવન બચાવવાના આ માનવતાભર્યા નિર્ણયને સ્વીકાર્યો. બીજી ખાસ વાત એ હતી કે આ સર્જરી કરનાર ડોક્ટર પણ એક હિન્દુ ડૉ. સોનલ દલાલ અને એક મુસ્લિમ ડૉ. જાવેદ વકીલ હતા.

આ ઐતિહાસિક પ્રોસેસમાં કિડનીની ગંભીર બીમારીથી પીડાતા બે દર્દી સામેલ હતા, જેમના પોતાના પરિવારના સભ્યો મેડિકલ ઈનકોમ્પેટીબિલીટીને




કારણે સીધી રીતે કિડની દાન કરી શકતા ન હતા. અમદાવાદના 45 વર્ષીય હિન્દુ પુરુષ અને ઉદયપુરના 42 વર્ષીય મુસ્લિમ પુરુષ બંનેને કિડનીની જરૂરિયાત હતી. ડોક્ટરોની ટીમે સ્કેન અને રિપોર્ટ્સની ચકાસણી કર્યા બાદ જાણવા મળ્યું કે પ્રથમ દર્દીના પરિવારના દાતા બીજા દર્દી માટે અને બીજા દર્દીના પરિવારના દાતા પ્રથમ દર્દી માટે યોગ્ય મેચ થાય છે. બંને પરિવારોનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું અને તેઓ આ સ્વૈપ ટ્રાન્સપ્લાન્ટ માટે તૈયાર થયા હતા.

આ જટિલ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી 8 જુલાઈના રોજ એકસાથે કરવામાં આવી હતી. ડો. સોનલ દલાલ, ડો. જાવેદ વકીલ, ડો. અપૂર્વ પારેખ, ડો. કેતન શુક્લા અને ટ્રાન્સપ્લાન્ટ કોઓર્ડિનેટર રાહુલ શાહની આગેવાની હેઠળની મલ્ટીડિસિપ્લિનરી તબીબી ટીમે આ સર્જરીને સફળ બનાવી હતી. સર્જરી બાદ બંને દર્દીઓ અને દાન આપનાર મહિલાઓની તબિયતમાં ઝડપી સુધારો જોવા મળ્યો હતો. સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ બંને દર્દીઓને 18 જુલાઈના રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

ટ્રાન્સપ્લાન્ટ બાદ બંને દર્દીઓની તબિયતમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો. હોસ્પિટલમાંથી રજા આપતી વખતે બંને દર્દીઓના સીરમ ક્રિએટિનિનનું સ્તર અનુક્રમે 1.26 mg/dL અને 1.30 mg/dL હતું, જે નવી કિડનીની સારી કામગીરી દર્શાવે છે. બંને દાતાઓ પણ સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ 18 જુલાઈ, 2026ના રોજ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા.

સ્ટર્લિંગ હોસ્પિટલ્સના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ સંતોષ મરાઠે, ગ્રુપ મેડિકલ ડિરેક્ટર ડો. પ્રસાદ મુગલીકર અને ક્લિનિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. સુધીર મોરાડે આ સફળતા બદલ ડૉક્ટરોની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. હોસ્પિટલના વડાઓએ જણાવ્યું હતું કે, જ્યારે હેતુ કોઈનો જીવ બચાવવાનો હોય ત્યારે માનવતા દરેક સરહદો અને ધર્મોથી પર થઈ જાય છે. આ સફળ ટ્રાન્સપ્લાન્ટ એવા અનેક દર્દીઓ માટે આશાનું નવું કિરણ લઈને આવ્યું છે જેઓ યોગ્ય દાતાના અભાવે મુશ્કેલી ભોગવી રહ્યા છે. ડો. પ્રસાદ મુગલીકર (ગ્રુપ મેડિકલ ડિરેક્ટર, સ્ટર્લિંગ હોસ્પિટલ્સ) એ જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક સિદ્ધિ એડવાન્સ્ડ ટ્રાન્સપ્લાન્ટ કેર, ક્લિનિકલ એક્સેલન્સ અને દર્દીની શ્રેષ્ઠ સંભાળ પ્રત્યેની સ્ટર્લિંગ હોસ્પિટલની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરે છે. આ ઘટના એ વાતનું પણ એક શક્તિશાળી ઉદાહરણ છે કે જ્યારે ધ્યેય કોઈનો જીવ બચાવવાનો હોય, ત્યારે માનવતા દરેક સીમાઓને પાર કરી શકે છે. ડો. સુધીર મોરાડે (ક્લિનિકલ સુપરિન્ટેન્ડેન્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ) એ જણાવ્યું હતું કે, આ સિદ્ધિ માત્ર તબીબી ઉત્કૃષ્ટતા જ નહીં, પરંતુ બંને પરિવારો દ્વારા દર્શાવવામાં આવેલી કરુણા, વિશ્વાસ અને સંવાદિતાને પણ દર્શાવે છે. જ્યારે સીધું દાન શક્ય ન હોય ત્યારે કિડની સ્વૈપ આશાનું નવું કિરણ આપે છે. દર્દી-કેન્દ્રિત અભિગમ સાથે આધુનિક તબીબી કૌશલ્યનો ઉપયોગ કરીને લોકોના જીવ બચાવવામાં મદદ કરવાનો અમને ગર્વ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# નવ મહિના પછી ઈમરાન ખાન બહેન અને પત્નીને મળ્યા: સુપ્રીમ કોર્ટના આદેશ બાદ અડિયાલા જેલ પહોંચ્યા, પૂર્વ PMને હોસ્પિટલ ખસેડવામાં આવશે

**ઈસ્લામાબાદ, તા.19**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને તેમની બહેન નોરીન નિયાઝી અને પત્ની બુશરા બીબીએ અડિયાલા જેલમાં મળ્યા. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આ મુલાકાત થઈ. નોરીન 9 મહિના પછી ઈમરાનને મળ્યા. લગભગ 15 મિનિટની મુલાકાતમાં નોરીને ઈમરાનના સ્વાસ્થ્ય વિશે પૂછ્યું. તેમણે તેમને સુપ્રીમ કોર્ટના તે આદેશની જાણકારી પણ આપી, જેમાં ઈમરાનને સારવાર માટે શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલ મોકલવાનું કહેવામાં આવ્યું છે.



ઈમરાન અને પત્ની બુશરા બીબીની મુલાકાત લગભગ 30 થી 35 મિનિટ ચાલી. મુલાકાત પછી નોરીને ઈમરાનને મળવાની પુષ્ટિ કરી, પરંતુ કોર્ટના નિર્દેશ મુજબ મીડિયા સાથે વાત કરી નહીં.

નોરીન તેની બહેનો અલીમા ખાન અને ઉઝમા ખાન સાથે અડિયાલા જેલના રસ્તે ડહગલ ચેકપોઈન્ટ પર પહોંચી હતી. પોલીસે ત્રણેયને રોક્યા. બાદમાં માત્ર નોરીનને ઈમરાનને મળવા માટે જેલમાં જવા દીધા. લગભગ 15 મિનિટની મુલાકાત બાદ નોરીને ઈમરાનને મળ્યા હોવાની પુષ્ટિ કરી. જોકે, કોર્ટમાં આપેલા ભરોસા મુજબ તેમણે મીડિયા સાથે કોઈ વાત કરી ન હતી. સુપ્રીમ કોર્ટે મંગળવારે ઈમરાનના પરિવારને દર અઠવાડિયે મળાવવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે પરિવારને મળવું એ કોઈ અહેસાન નથી, પરંતુ મૂળભૂત અધિકાર છે.

અદાલતે છેલ્લા 3 વર્ષમાં ઈમરાન અને તેમની બહેનો વચ્ચે થયેલી મુલાકાતોનો રેકોર્ડ પણ માંગ્યો છે. તેમના પુત્રો સાથે થયેલી વાતચીત અને ફોન કોલની માહિતી આપવા પણ કહેવામાં આવ્યું છે.

સુપ્રીમ કોર્ટે ઈમરાનને સારવાર અને મેડિકલ તપાસ માટે શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલ મોકલવાનો આદેશ પણ આપ્યો છે. કોર્ટે તેમની સારવાર માટે મેડિકલ બોર્ડ બનાવવાનું કહ્યું છે, જેમાં તેમના અંગત ડોક્ટર અને બહેન ડો. ઉઝમા ખાનને સામેલ કરવામાં આવશે. અડિયાલા જેલના મેડિકલ રિપોર્ટમાં ઈમરાનના બ્લડ પ્રેશર અને તણાવ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

શહબાઝ સરકાર ઈમરાન ખાનને હોસ્પિટલ મોકલવાના આદેશ વિરુદ્ધ રિવ્યુ પિટિશન દાખલ કરશે. પાકિસ્તાનના કાયદા મંત્રી આઝમ નઝીર તરારે મીડિયાને જણાવ્યું કે સરકારે કોર્ટના આદેશની સમીક્ષા કરી છે. સરકારનું માનવું છે કે આદેશના કેટલાક ભાગો વર્તમાન કાયદા મુજબ નથી.

તરારે કહ્યું કે પાકિસ્તાનની જેલોમાં ઘણા કેદીઓ ગંભીર બીમારીઓથી પીડાઈ રહ્યા છે. જો ઈમરાનને જેલની બહાર એક ખાસ હોસ્પિટલમાં સારવારની સુવિધા આપવામાં આવે છે, તો સવાલ એ છે કે શું આ જ નિયમ અન્ય કેદીઓ પર પણ લાગુ પડશે? સરકારનું કહેવું છે કે સામાન્ય રીતે કેદીઓની સારવાર સરકારી હોસ્પિટલો અને નિર્ધારિત સરકારી વ્યવસ્થા હેઠળ થાય છે. 73 વર્ષીય ઈમરાન ખાન ઓગસ્ટ 2023થી જેલમાં છે. તેમને સૌ પ્રથમ તોશાખાના કેસમાં 3 વર્ષની સજા મળ્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમના પર સિફર, અલ-કાદિર ટ્રસ્ટ અને ઈદ્દત નિકાહ સહિતના ઘણા કેસ નોંધાયા હતા.

બાદમાં સિફર અને ઈદ્દત નિકાહ મામલાઓમાં તેમને કોર્ટમાંથી રાહત મળી ગઈ. તોશાખાના કેસમાં પણ તેમની એક સજા રોકી દેવામાં આવી. તેમ છતાં અન્ય કેસોને કારણે તેઓ હજુ જેલમાં છે. ઈમરાન ખાન અને તેમની પાર્ટી પીટીઆઈનું કહેવું છે કે 2022માં વડાપ્રધાન પદ પરથી હટ્યા પછી તેમની વિરુદ્ધ રાજકીય કારણોસર કેસ દાખલ કરવામાં આવ્યા હતા. તેમનો આરોપ છે કે તેમને રાજકારણ અને ચૂંટણીથી દૂર રાખવા માટે આવું કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન સરકાર અને તપાસ એજન્સીઓ આ આરોપોને નકારે છે અને કહે છે કે આ કેસો કાનૂની પ્રક્રિયા હેઠળ ચાલી રહ્યા છે. 2023માં ઈમરાન ખાનને તોશાખાના કેસમાં 3 વર્ષની સજા થઈ હતી. પાછળથી આ સજા મોકૂફ રાખવામાં આવી. જોકે, પાછળથી તોશાખાના સંબંધિત અન્ય એક કેસમાં ડિસેમ્બર 2025માં ઈમરાન ખાન અને બુશરા બીબીને 17-17 વર્ષની સજા સંભળાવવામાં આવી. આ સજા મોંઘી સરકારી ભેટોની કથિત ઓછી કિંમતે ખરીદી સાથે સંકળાયેલા કેસમાં છે.

ઈમરાન ખાનને સાયફર/સ્ટેટ સિક્રેટ્સ કેસમાં મળેલી 10 વર્ષની સજા હાઈકોર્ટે રદ કરી દીધી હતી. જૂન 2024માં તેમને આ કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા.

ફેબ્રુઆરી 2024માં ઈમરાન ખાન અને બુશરા બીબીને 7-7 વર્ષની સજા મળી હતી. જુલાઈ 2024માં બંનેને આ કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા.

આ મામલો ઈમરાન ખાન વડાપ્રધાન હતા ત્યારે બ્રિટનથી પાકિસ્તાન પરત લાવવામાં આવેલા લગભગ 190 મિલિયન અને તેની સાથે સંકળાયેલા કથિત ભ્રષ્ટાચાર સંબંધિત છે. 17 જાન્યુઆરી 2025 ના રોજ ઈમરાન ખાનને 14 વર્ષ અને બુશરા બીબીને 7 વર્ષની સજા સંભળાવવામાં આવી હતી. મે 2026 માં આ સજાને સ્થગિત કરવાની તેમની અરજી ઈસ્લામાબાદ હાઈકોર્ટે ફગાવી દીધી હતી. તેમની મુખ્ય અપીલ પર સુનાવણી ચાલુ છે.

# રિપોર્ટ- યુક્રેને બ્રિટિશ ડ્રોનથી રશિયા પર હુમલો કર્યો: ગુસ્સે થયેલા મોસ્કોએ કહ્યું- બ્રિટન યુદ્ધને વધુ ભડકાવી રહ્યું છે, મોટી કિંમત ચૂકવવી પડશે

**મોસ્કો/લંડન, તા.19**



રશિયાએ બ્રિટન પર યુક્રેન યુદ્ધમાં દખલ કરવાનો આરોપ લગાવ્યો છે. રશિયન સરકારનો દાવો છે કે યુક્રેને રશિયા પર હુમલો કરવા માટે જે ડ્રોનનો ઉપયોગ કર્યો હતો તે બ્રિટિશ કંપનીઓએ બનાવ્યો હતો. રશિયાએ કહ્યું કે આ માટે બ્રિટનને ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે. આ મામલો બ્રિટિશ અખબાર ધ સન્ડે ટાઈમ્સના અહેવાલ બાદ સામે આવ્યો છે. હકીકતમાં, આ જ અહેવાલમાં ખુલાસો થયો હતો કે યુક્રેને રશિયા પર હુમલો કરવા માટે 2 બ્રિટિશ કંપનીઓએ બનાવેલા ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. જો સન્ડે ટાઈમ્સનો આ અહેવાલ સાચો હોય, તો આ પહેલીવાર હશે જ્યારે બ્રિટિશ ટેકનોલોજીથી બનેલા ડ્રોનનો ઉપયોગ રશિયા પર થયેલા હુમલાઓમાં થયો હોય. બ્રિટનમાં સ્થિત રશિયન દૂતાવાસે કહ્યું કે લંડન જાણી જોઈને યુક્રેન સંકટને વધુ ભડકાવી રહ્યું છે. તે યુક્રેન દ્વારા રશિયાને વધુમાં વધુ નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. રશિયન દૂતાવાસે કહ્યું કે આના ગંભીર પરિણામો આવશે અને બ્રિટનને તેની કિંમત ચૂકવવી પડશે. આ મામલે બ્રિટનના વડાપ્રધાન એન્ડી બર્નહામનું નિવેદન સામે આવ્યું છે. બ્રિટિશ સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું કે બ્રિટન યુક્રેન સાથે મજબૂતીથી ઊભું છે. તેમણે એમ પણ કહ્યું કે રશિયાના હુમલાઓથી પોતાનો બચાવ કરવા માટે યુક્રેનને જે હથિયારોની જરૂર પડશે, બ્રિટન તેમને આપતું રહેશે.

પ્રવક્તાએ કહ્યું કે રશિયાને બ્રિટનની નીતિ અંગે કોઈ ગેરસમજ ન હોવી જોઈએ. બ્રિટન યુક્રેન અને તેના સહયોગી દેશો વિરુદ્ધ રશિયાની આક્રમકતાનો વિરોધ કરતું રહેશે. યુક્રેને આ વર્ષે રશિયાની અંદર ડ્રોન અને લાંબા અંતરની મિસાઈલોથી હુમલાઓ નોંધપાત્ર રીતે વધાર્યા છે. રિપોર્ટ્સ અનુસાર રશિયાએ જુલાઈમાં જાન્યુઆરીની સરખામણીમાં 3 ગણા વધુ હુમલા કર્યા. હવે યુક્રેનના હુમલા માત્ર રશિયાની સરહદ નજીકના વિસ્તારો સુધી સીમિત નથી. યુક્રેન રશિયાની અંદર ઘણા દૂર સુધી ડ્રોન અને મિસાઈલ મોકલીને હુમલા કરી રહ્યું છે. આ હુમલાઓમાં રશિયાના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, હથિયારો અને ઈંધણના ભંડારો પણ નિશાન પર છે. યુક્રેન રશિયાની તેલ રિફાઈનરીઓ, બંદરો અને ઔદ્યોગિક ઠેકાણાઓ પર પણ હુમલો કરી રહ્યું છે. બ્રિટન યુક્રેનના સૌથી મોટા સમર્થક દેશોમાંનો એક છે. યુદ્ધ શરૂ થયા પછી લંડને યુક્રેન માટે 25 અબજ પાઉન્ડ (લગભગ 3.24 લાખ કરોડ રૂપિયા)ની સહાય આપવાનું વચન આપ્યું છે. આમાં 16 અબજ પાઉન્ડની સૈન્ય મદદ પણ સામેલ છે. બ્રિટને યુક્રેનને ટેન્ક, મિસાઈલ, એર ડિફેન્સ સિસ્ટમ, ડ્રોન અને અન્ય હથિયારો પણ આપ્યા છે. આ ઉપરાંત, બ્રિટનમાં 63 હજારથી વધુ યુક્રેનિયન સૈનિકોને તાલીમ આપવામાં આવી છે. તાજેતરમાં બ્રિટને યુક્રેનને 1.5 લાખ ડ્રોન અને 350 એર ડિફેન્સ મિસાઈલો આપવાની પણ જાહેરાત કરી હતી.

# ટ્રમ્પ બોલ્યા- 2020ની ચૂંટણીમાં 24,000 બિન-નાગરિકોએ મત આપ્યા: ચૂંટણીમાં મારી જીત થઈ હતી, ગેરરીતિ રોકવા માટે કાયદો બનાવીશ

**વોશિંગ્ટન, તા.19**



અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર દાવો કર્યો છે કે 2020ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ગેરરીતિ થઈ હતી. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે મતદાર અને નાગરિકતા રેકોર્ડની તપાસમાં 24 હજારથી વધુ બિન-અમેરિકી નાગરિકોએ મતદાન કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે અમેરિકી વસ્તી ગણતરી બ્યુરો મતદાર રેકોર્ડ અને નાગરિકતા રેકોર્ડને મેચ કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં 12.8 કરોડ મતદારોની તપાસ કરવામાં આવી છે. હજુ 3.2 કરોડ વધુ મતદારોના રેકોર્ડની તપાસ થવાની બાકી છે.

અમેરિકી રાષ્ટ્રપતિએ દાવો કર્યો કે જેમ જેમ તપાસ આગળ વધશે તેમ તેમ ગેરકાયદેસર મતદાનના કેસોની સંખ્યા વધુ વધી શકે છે. તેમણે એવો પણ દાવો કર્યો કે 2020ની ચૂંટણીમાં તેમની જ જીત થઈ હતી. ટ્રમ્પે કહ્યું કે ચૂંટણીમાં છેતરપિંડી રોકવા માટે તેઓ 'સેવ અમેરિકા એક્ટ' લાવવાના છે.

અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણી માટે મતદાન કરવા માટે ઓળખ સંબંધિત માહિતી આપવી પડે છે. જોકે, આખા દેશમાં એકસરખો નિયમ નથી. દરેક રાજ્યના પોતાના ચૂંટણી નિયમો છે. તેથી, મત આપવા માટે માંગવામાં આવતા દસ્તાવેજો પણ રાજ્ય પ્રમાણે બદલાય છે.

વોશિંગ્ટન ડીસી સહિત 15 એવા રાજ્યો છે જ્યાં મત આપવા માટે ફોટો આઈડી જરૂરી નથી. તેમાંથી મોટાભાગના રાજ્યો એવા છે જ્યાં ચૂંટણીઓમાં ડેમોક્રેટિક પાર્ટીની જીત થાય છે.

ટ્રમ્પ અને તેમની પાર્ટીના નેતાઓનો આરોપ છે કે જે રાજ્યોમાં ફોટો આઈડી જરૂરી નથી, ત્યાં કોઈ બીજાના નામે મત આપવાનો અથવા બિન-નાગરિકોના મતદાનનો ખતરો રહે છે. તેથી તેઓ કડક ઓળખ અને નાગરિકતા તપાસની માગ કરી રહ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે 24 હજાર બિન-નાગરિકોના કથિત ગેરકાયદેસર મતદાનનો મુદ્દો એવા સમયે ઉઠાવ્યો છે, જ્યારે તેઓ સેવ અમેરિકા એક્ટ માટે સમર્થન એકત્ર કરી રહ્યા છે. જો આ કાયદો પસાર થાય છે તો વોટર રજીસ્ટ્રેશન સમયે નાગરિકતાનો પુરાવો આપવો ફરજિયાત બનશે.

ટ્રમ્પ અને તેમના સમર્થકોનું કહેવું છે કે આનાથી બિન-નાગરિકોના મતદાન પર રોક લાગશે અને ચૂંટણી પ્રક્રિયા વધુ સુરક્ષિત બનશે.

અમેરિકામાં 2020ની રાષ્ટ્રપતિ ચૂંટણી જો બાઈડને જીતી હતી. તેમણે તત્કાલીન રાષ્ટ્રપતિ ટ્રમ્પને હરાવ્યા હતા. આ ચૂંટણીમાં બાઈડનને 8.1 કરોડ મત મળ્યા હતા, જ્યારે ટ્રમ્પને 7.4 કરોડ મત મળ્યા હતા.

ઈલેક્ટોરલ કોલેજમાં બાઈડનને 306 મત મળ્યા હતા જ્યારે ટ્રમ્પને 232 મત મળ્યા હતા. ત્યાં રાષ્ટ્રપતિ ચૂંટણીનું પરિણામ ઈલેક્ટોરલ વોટથી જ નક્કી થાય છે. દરેક રાજ્યને તેની વસ્તી અને સંસદમાં તેના પ્રતિનિધિત્વના આધારે કેટલાક ઈલેક્ટોરલ વોટ મળે છે. અમેરિકામાં બધા રાજ્યોને મળીને 538 ઈલેક્ટોરલ વોટ છે. રાષ્ટ્રપતિ બનવા માટે કોઈ ઉમેદવારને 270 વોટ જોઈએ.

ઉદાહરણ તરીકે, જો કોઈ ઉમેદવારને કોઈ રાજ્યમાં સૌથી વધુ મત મળે છે, તો સામાન્ય રીતે તે રાજ્યના તમામ ઈલેક્ટોરલ વોટ તે ઉમેદવારને મળી જાય છે.

# બાંગ્લાદેશ બોલ્યું- ભારત પાસેથી ગંગા જળ કરારમાં ગેરંટી માંગીશું: જરૂર પડી તો આંતરરાષ્ટ્રીય મંચ પર જઈશું, 1996નો કરાર ડિસેમ્બરમાં સમાપ્ત થશે

**ઢાકા, તા.19**

બાંગ્લાદેશ, ભારત સાથે ગંગા જળ સંધિમાં 'ગેરંટી ક્લોઝ' શામેલ કરવા માંગે છે. બાંગ્લાદેશના જળ સંસાધન મંત્રી શાહિદુદ્દીન ચૌધરી એનીએ મંગળવારે ઢાકામાં એક કાર્યક્રમ દરમિયાન આ વાત કહી.

શાહિદુદ્દીને કહ્યું કે જો જરૂર પડશે તો બાંગ્લાદેશ આંતરરાષ્ટ્રીય મંચનો પણ સંપર્ક કરી શકે છે. હકીકતમાં, બાંગ્લાદેશ સાથેની ગંગા જળ સંધિ ડિસેમ્બર 2026માં સમાપ્ત થઈ જશે. આ કરાર હેઠળ કોરી સિઝનમાં ગંગાના પાણીની વહેંચણીની વ્યવસ્થા કરવામાં આવી છે. આવા સંજોગોમાં ઢાકા ગેરંટી ક્લોઝમાં ન્યૂનતમ જળ પ્રવાહની વાત શામેલ કરવાની માંગ કરી રહ્યું છે. બાંગ્લાદેશનું કહેવું છે કે વર્તમાન સંધિ સૂકા મોસમમાં જરૂરિયાત મુજબ પાણી ઉપલબ્ધ કરાવતી નથી.

75 હજાર ક્યુસેક કે તેથી વધુ: ભારતને 40 હજાર ક્યુસેક, બાકી બાંગ્લાદેશનેઆ કરાર 1 જાન્યુઆરીથી 31 મે સુધી લાગુ પડે છે. આ સમયગાળા દરમિયાન ગંગા નદીમાં પાણી પ્રમાણમાં ઓછું રહે છે. બાંગ્લાદેશનું કહેવું છે કે વર્તમાન સંધિમાં પાણી વહેંચવાનું સૂત્ર તો છે, પરંતુ નિશ્ચિત માત્રામાં પાણી મળવાની કાનૂની ગેરંટી નથી. તેથી તે નવી સંધિમાં 'ગેરંટી ક્લોઝ' ઉમેરવાની માંગ કરી રહ્યું છે. ગેરંટી ક્લોઝ એવો નિયમ છે, જે સુનિશ્ચિત કરે છે કે નદીના નીચલા ભાગમાં વસેલા દેશને પણ જરૂરિયાત મુજબનું પાણી મળતું રહે. એનો અર્થ એ છે કે જો નદીમાં પાણી ઓછું પણ થઈ જાય, તો પણ તેને એક નિશ્ચિત માત્રામાં પાણી આપવામાં આવશે. બાંગ્લાદેશ ઈચ્છે છે કે જો કોઈ વર્ષે પાણી ઓછું હોય અથવા કોઈ કારણસર કરારનું પાલન ન થાય, તો તેનું સમાધાન કેવી રીતે થશે અને કોની શું જવાબદારી હશે, તે પણ કરારમાં સ્પષ્ટ લખવામાં આવે. બાંગ્લાદેશનું કહેવું છે કે 1977ના ગંગા જળ કરારમાં આ વ્યવસ્થા હતી, પરંતુ 1996ની સંધિમાં તેને સામેલ કરવામાં આવી ન હતી. તેથી તે નવી સંધિમાં આ જોગવાઈને ઉમેરવાની માંગ કરી રહ્યું છે.

# બાંગ્લાદેશી કટ્ટરપંથી નેતા બોલ્યો- હિંદુઓને સરળતાથી મારી શકાય છે: અલ-કાયદા સાથે જોડાયેલા હારુન ઈઝહારનું નિવેદન સોશિયલ મીડિયા પર વાઈરલ

**ઢાકા, તા.19**



બાંગ્લાદેશમાં અલ-કાયદા સાથે જોડાયેલા નેતા હારુન ઈઝહારનું હિંદુઓને લઈને વિવાદાસ્પદ નિવેદન સામે આવ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં તે કહેતો જોવા મળી રહ્યો છે કે હિંદુઓને સરળતાથી મારી શકાય છે. આ વીડિયો ચટગાંવમાં આયોજિત એક કાર્યક્રમનો છે. તેમાં ઈઝહાર એવું પણ કહેતો સંભળાઈ રહ્યો છે કે તેને પોતે કંઈ કરવાની જરૂર નહીં પડે, કારણ કે તેના સમર્થકો જ આવું કરવા માટે પૂરતા છે. શેખ હસીનાના સત્તા પરથી હટ્યા બાદ બાંગ્લાદેશમાં હિંદુઓ અને અન્ય લઘુમતી સમુદાયો પર હુમલાઓ અને ભેદભાવના અનેક આરોપો લાગી ચૂક્યા છે.

હારુન ઈઝહાર બાંગ્લાદેશના ચટગાંવનો કટ્ટરપંથી ઈસ્લામી નેતા છે અને હિફાઝત-એ-ઈસ્લામ સાથે સંકળાયેલો રહ્યો છે. તેના પિતા મુફ્તી ઈઝહારુલ ઈસ્લામ પણ ચટગાંવના એક જાણીતા ઈસ્લામી નેતા અને મદરેસા સંચાલક રહ્યા છે. હારુનનું નામ લાંબા સમયથી કટ્ટરપંથ અને હિંસક ગતિવિધિઓ સાથે સંકળાયેલા મામલાઓમાં સામે આવતું રહ્યું છે. 2013માં ચટગાંવના લાલખાન બજાર સ્થિત મદરેસામાં વિસ્ફોટ થયો હતો. આ ઘટનામાં ત્રણ લોકોના મોત થયા હતા. તપાસ દરમિયાન પોલીસે વિસ્ફોટક બનાવવાની સામગ્રી, તેજાબ અને ન ફાટેલા ગ્રેનેડ જપ્ત કર્યા હતા. આ મામલામાં હારુન અને તેના પિતા સહિત ઘણા લોકો પર કેસ નોંધાયો હતો. હારુન ઈઝહારને લઈને અલ-કાયદા અને અન્ય જેહાદી નેટવર્ક સાથેના સંબંધોના આરોપો જૂના છે. બાંગ્લાદેશી મીડિયા રિપોર્ટ્સમાં તેના પિતાના મદરેસાને પ્રતિબંધિત સંગઠન હરકત-ઉલ-જેહાદ-અલ-ઈસ્લામી બાંગ્લાદેશના નેટવર્ક સાથે જોડીને જોવામાં આવ્યું છે. તેના પિતાના ઓસામા બિન લાદેન અને તાલિબાન નેતા મુલ્લા ઉમર સાથે સંપર્ક હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે.

રિપોર્ટ્સમાં હારુન ઈઝહારને કટ્ટરપંથી સંગઠન હેફાઝત-એ-ઈસ્લામનો વરિષ્ઠ નેતા ગણાવતા તેના આંતરરાષ્ટ્રીય જેહાદી નેટવર્ક સાથેના કથિત સંબંધોનો ઉલ્લેખ છે. માર્ચ 2021: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બાંગ્લાદેશ પ્રવાસ વિરુદ્ધ થયેલા પ્રદર્શનો દરમિયાન ચટગાંવ અને અન્ય વિસ્તારોમાં હિંસા થઈ હતી. હારુન ઈઝહારને આ હિંસક ઘટનાઓ સંબંધિત કેસોમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તેણે પૂછપરછ દરમિયાન હિંસામાં પોતાની ભૂમિકા સ્વીકારી અને તે લોકોના નામ પણ જણાવ્યા, જેમણે કથિત રીતે હિંસા ભડકાવવામાં ભૂમિકા ભજવી હતી. તેની વિરુદ્ધ ઢાકા, ચટગાંવ અને રાજશાહીમાં ઘણા કેસ નોંધાયેલા હતા. 2023: હારુન ઈઝહાર ચટગાંવ સેન્ટ્રલ જેલમાંથી જામીન પર બહાર આવ્યો. પોલીસના જણાવ્યા અનુસાર, ઈઝહાર વિરુદ્ધ નોંધાયેલા 11 કેસોમાં તેને જામીન મળી ગયા હતા અને પોલીસે કહ્યું હતું કે તે દેખરેખ હેઠળ રહેશે. 2025: ડિસેમ્બરમાં ભારત વિરોધી હિંસક પ્રદર્શનો દરમિયાન પણ હારુન ઈઝહારનું નામ સામે આવ્યું હતું.

national health authority
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
Pradhan Mantri Jan Arogya Yojana
Ayushman Bharat
PM-JAY





## AB PM-JAY અંતર્ગત સૂચિબદ્ધ NABH-માન્યતા પ્રાપ્ત હોસ્પિટલો માટે મહત્ત્વપૂર્ણ સૂચના

**1 સપ્ટેમ્બર 2026 થી લાગુ**

AB PM-JAY અંતર્ગત સૂચિબદ્ધ માત્ર એ જ NABH-માન્યતા પ્રાપ્ત હોસ્પિટલો PM-JAY પ્રોત્સાહન (Incentive) માટે પાત્ર રહેશે, જે:

- ABDM સક્ષમ (enabled) HMIS સોફ્ટવેરનો ઉપયોગ કરતી હોય
- મેડિકલ રેકોર્ડ લિંકેજ સુનિશ્ચિત કરતી હોય

**ડિજિટલ સ્વાસ્થ્ય ઓળખ**

- હેલ્થકેર પ્રોફેશનલ રજિસ્ટ્રી (HPR) દ્વારા આરોગ્ય વ્યાવસાયિકોને વિશ્વસનીય ડિજિટલ ઓળખ.
- ABHA ના માધ્યમથી નાગરિકો પોતાના ડિજિટલ સ્વાસ્થ્ય રેકોર્ડ સુરક્ષિત રીતે જોઈ, તૈયાર કરીને શેર કરી શકે છે.

**ABDM સાથે જોડાવાના મુખ્ય લાભ**

- Scan & Register દ્વારા સરળ OPD નોંધણી
- ABHA આધારિત ડિજિટલ હેલ્થ રેકોર્ડ
- સુરક્ષિત મેડિકલ રેકોર્ડ લિંકેજ
- ઝડપી અને પારદર્શક આરોગ્ય સેવા

"આરોગ્ય સુવિધાઓના ડિજિટલાઈઝેશનથી રાજ્યના દરેક નાગરિકને ઝડપી, પારદર્શક અને ગુણવત્તાસભર સારવાર-સેવા આપવાની સરકારની નેમ છે."
**- હર્ષ સંઘવી** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"ABDM સક્ષમ HMIS દ્વારા હૉસ્પિટલો ડિજિટલ આરોગ્ય વ્યવસ્થા સાથે જોડાશે, કામગીરી વધુ કાર્યક્ષમ અને પારદર્શક બનશે તથા નાગરિકોને ઝડપી, સુરક્ષિત અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળશે."
**- પ્રફુલ પાનશેરીયા** મંત્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર

**આજે જ તમારી હૉસ્પિટલને ABDM Enabled બનાવો**

ABDM Enabled HMIS (Hospital Management Information System) Partnersની યાદી જોવા માટે QR કોડ સ્કેન કરો અથવા વેબસાઈટ વિઝીટ કરો
https://abdm.gov.in/our-partners/HMIS

HPR QR

ABDM ટોલ ફ્રી નં. 14477
PMJAY ગુજરાત ટોલ ફ્રી નં. 079-6644-0104

Ayushman App

AAROGYA SETU 2.0 APP QR

**PMJAY-MA યોજના**
બ્લોક નં- ૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર**

તંત્રી લેખ

# વસ્તી ગણતરી વખતે બેંક ખાતાની જાણકારી મંગાશે?

વસ્તી ગણતરી ૨૦૨૭ને લઈને લોકો પાસે આધાર, ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ, મોબાઈલ નંબર અને બેંક ખાતા સાથે જોડાયેલી જાણકારી માંગવા બાબતે કેટલાક સવાલો થઈ રહ્યા છે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે વસ્તી ગણતરી વખતે નાગરીકો પાસેથી કોઈ ખાનગી બેંકીંગ જાણકારી માગવામાં આવશે નહીં. લોકોને ફક્ત બેંકના ખાતાઓની સંખ્યા પૂછવામાં આવશે. એનો મતલબ છે કે બેંક ખાતાની સંખ્યા, આઈએફએસસી કોડ, એટીએમ કે ડેબીટ કાર્ડ નંબર, પાસવર્ડ, પીન, ઓટીપી, ખાતામાં જમા રકમ કે આવક - જાવકની માહિતી માંગવામાં આવશે નહીં. એ જ રીતે આધાર, ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ અને પાસપોર્ટ જેવા સરકારી દસ્તાવેજોની જાણકારી માંગવામાં આવશે. આ જાણકારી હોય તો તે આપવી પડશે. ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી કિરણ બેદી એક જમાનામાં મોદી સરકારની ગૂડબુક્સમાં હતા. એમને પુંડીચેરીના ગવર્નર પણ બનાવવામાં આવ્યા હતા. કિરણ બેદી પણ ભાજપ તરફી રાગ આલાપતા હતા. હવે બાબા રામદેવની જેમ એમણે પણ પાટલી બદલી હોય એમ લાગી રહ્યું છે. પશ્ચિમ બંગાળના એક કાર્યક્રમમાં એમણે સ્ટેજ પરથી કહ્યું હતું કે, સરકાર બદલવાથી કઈ થવાનું નથી. લોકોએ એમને સવાલ પૂછવા જોઈએ. નેતાઓએ નિયમીત રીતે ટાઉન હોલ મીટીંગ કરવી જોઈએ. બેદીએ કહ્યું હતું કે, 'ભારતમાં ફેરફાર ફક્ત સરકાર બદલવાથી નથી થતો, એ માટે નાગરીકોએ પણ એક્ટીવ બનીને ભાગીદાર બનવું પડશે. સત્તામાં બેઠેલા લોકોને સવાલ પૂછવા પડશે. સત્તાધિશોએ પણ સામાન્ય માણસને મળીને એમની તકલીફ સમજવી પડશે. નવી પેઢીને સાંભળવી જરૂરી છે. યુવાનો વિરોધ કરે છે તો એને વિરોધ પ્રદર્શન ગણવો જોઈએ નહીં. જ્યારે નેતાઓ મત માંગવા આવે છે ત્યારે આપણી સેવા કરવાનો દાવો કરે છે, પછી કઈ થતું નથી.'

ઝારખંડના વિદ્યાર્થીઓ છેલ્લા કેટલાક દિવસોથી પરીક્ષા પદ્ધતિના બદલાવ માટે આંદોલન કરી રહ્યા હતા. આંદોલનનો વ્યાપ વધતો જતો હતો. ઝારખંડમાં કોંગ્રેસ સત્તાધારી પક્ષને ટેકો આપે છે. રાહુલને જ્યારે લાગ્યું કે વિદ્યાર્થીઓની નારાજગી વધતી જાય છે ત્યારે એમણે મુખ્યમંત્રી હેમંત સોરેનને કડક પત્ર લખીને કહ્યું હતું કે વિદ્યાર્થીઓ સાથે બેસીને વાતચીત કરે. આ પત્રના ૨૪ કલાકમાં જ મુખ્યમંત્રીએ વિદ્યાર્થીઓની તમામ માંગણીઓ સ્વિકારી લીધી હતી. ત્યાર પછી ઘણા દિવસથી ભૂખ હડતાળ પર ઉતરેલા વિદ્યાર્થી નેતા ઉમ્મે હબીબા અને રાહુલ ક્રાંતિએ એમની ભૂખ હડતાળ સમાપ્ત કરી હતી. ઉમ્મે હબીબાનું કહેવું છે કે વિદ્યાર્થીઓ સામે દાખલ થયેલી એફઆઈઆર સરકારે પરત લેવી જોઈએ. સ્વતંત્રતા દિવસે કોંગ્રેસ ખાતેની ઓફિસ પર યોજાયેલા કાર્યક્રમમાં પુરુ વંદે માતરમ ગીત નહીં ગવાતા વિવાદ થયો હતો. એવો આક્ષેપ થયો હતો કે, સોનિયા ગાંધીએ અધવચ્ચેથી વંદે માતરમ ગીત અટકાવ્યું હતું. હવે ફરીથી નવો એક વિવાદ થયો છે. કોંગ્રેસે ગોવા ખાતેના એક કાર્યક્રમમાં પણ અધુરુ વંદે માતરમ ગાયું હતું. આ કાર્યક્રમમાં મલ્લિકાર્જૂન ખડગે પણ હાજર રહ્યા હતા. પક્ષના પદાધીકારીઓ અને કાર્યકરોએ શરૂઆતના બે છંદ જ ગાયા હતા. આ બાબતે ભાજપે કોંગ્રેસની ટીકા કરીને સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે આ કોઈ ભૂલ નથી, પરંતુ કોંગ્રેસની વિચારસરણી છે. કોંગ્રેસના નેતાઓએ કહ્યું હતું કે હું પહેલા પણ આખુ વંદે માતરમ ગાતો નહોતો અને ભવિષ્યમાં પણ ગાઈશ નહીં. થોડા દિવસો પહેલા જ સરકારે સંસદમાં વંદે માતરમના અપમાન બદલ બીલ પસાર કર્યું હતું. જોકે સરકાર આ નવા કાયદાનો ઉપયોગ કરવાની હિંમત બતાવે એવું લાગતું નથી. મૃત્યુદંડ આપવા માટે ફાંસી દ્વારા અપાતી સજા ક્રૂર હોવાનું મનાય છે. મૃત્યુદંડની સજા ફાંસીને બદલે વધુ માનવીય ઝેરના ઈન્જેક્શન આપવાની માંગણી સુપ્રિમ કોર્ટમાં કરવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટે આ જાહેરહીતની માંગણી ફગાવી દીધી છે. જસ્ટીસ વિક્રમનાથ અને જસ્ટીસ સંદીપ મહેતાની બેચે ચોખ્ખુ કહ્યું છે કે, મૃત્યુદંડ માટે હમણા અપાતી ફાંસીની સજા બંધારણની દ્રષ્ટીએ યોગ્ય છે.

જહાજો લાંબા સમય સુધી સમુદ્રમાં એક જ જગ્યાએ ઊભા રહે છે, ત્યારે તેમના નીચેના ભાગ પર દરિયાઈ જીવો, શેવાળ, પરોપજીવીઓ અને અન્ય સૂક્ષ્મજીવો ચોંટવા લાગે છે. તેને બાયોફાઉલિંગ કહેવામાં આવે છે. હવે ભય જ એ છે કે, હોર્મુઝની ખાડી ખુલ્યા પછી જ્યારે આ જહાજો અલગ-અલગ દેશોના બંદરો તરફ રવાના થશે, ત્યારે તેમની સાથે આ જીવો પણ હજારો કિલોમીટર દૂર સુધી પહોંચી શકે છે : સમુદ્રમાં રહેતા મોટાભાગના જીવો તેમની સ્થાનિક ઈકોસિસ્ટમનો ભાગ હોય છે

# હોર્મુઝમાં ફસાયેલા જહાજો સુપર સ્પ્રેડર બનવાનું જોખમ!

## મહિનાઓથી દરિયામાં ફસાયેલા આ જહાજોની નીચે અનેક પરોપજીવીઓ ચોંટેલા હશે જે વિવિધ દેશોમાં પહોંચીને ડિસિઝ બોમ્બ બની શકે છે



જહાજો લાંબા સમય સુધી સમુદ્રમાં એક જ જગ્યાએ ઊભા રહે છે, ત્યારે તેમના નીચેના ભાગ પર દરિયાઈ જીવો, શેવાળ, પરોપજીવીઓ અને અન્ય સૂક્ષ્મજીવો ચોંટવા લાગે છે. તેને બાયોફાઉલિંગ કહેવામાં આવે છે. હવે ભય જ એ છે કે, હોર્મુઝની ખાડી ખુલ્યા પછી જ્યારે આ જહાજો અલગ-અલગ દેશોના બંદરો તરફ રવાના થશે, ત્યારે તેમની સાથે આ જીવો પણ હજારો કિલોમીટર દૂર સુધી પહોંચી શકે છે : સમુદ્રમાં રહેતા મોટાભાગના જીવો તેમની સ્થાનિક ઈકોસિસ્ટમનો ભાગ હોય છે. પરંતુ જો કોઈ બાહ્ય પ્રજાતિ કોઈ નવા દરિયાઈ ક્ષેત્રમાં પહોંચી જાય, તો ત્યાં તેનો કુદરતી શિકારી ન હોવાને કારણે તે ઝડપથી ફેલાઈ શકે છે. આનાથી સ્થાનિક માછલીઓ, દરિયાઈ વનસ્પતિ અને અન્ય જીવો માટે જોખમ ઊભું થઈ શકે છે. આ ઉપરાંત આની અસર માત્ર સમુદ્ર પૂરતી સીમિત નહીં રહે, તેની સાથે જોડાયેલી અર્થવ્યવસ્થા પણ તેની ઝપેટમાં આવી શકે છે : એક એવું નેટવર્ક વિકસાવવું પડશે જેથી આવા સંક્રમિત કે પરોપજીવી ધરાવતું જહાજ આવે તો તરત જ તેને આઈસોલેટ કરીને તેના ઉપર ટ્રિટમેન્ટ કરી શકાય. જો સમયસર આ સ્થિર જહાજોના જૈવિક કચરાનું સંચાલન કરવામાં નહીં આવે, તો આર્થિક નુકસાનમાંથી બહાર આવ્યા પછી વિશ્વએ એક નવા દરિયાઈ 'ઈકોલોજિકલ સંકટ'નો સામનો કરવો પડશે

હોર્મુઝની ખાડી લાંબા સમય સુધી બંધ રહેવાની અસર માત્ર ક્રૂડ, ગેસ અને વૈશ્વિક વેપાર પૂરતી મર્યાદિત નથી. ફારસની ખાડીમાં લાંબા સમયથી અટવાયેલા જહાજો હવે એક એવા જોખમને દુનિયાના વિવિધ દેશો સુધી વિસ્તારી શકે છે, જેની અસર હજારો કિલોમીટર દૂર સુધી પહોંચવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સંશોધકોએ ચેતવણી આપી છે કે પર્શિયન ગલ્ફમાં લાંબા સમયથી ઊભેલા ૧,૫૦૦થી વધુ કોમર્શિયલ જહાજો હવે એક અલગ પ્રકારનો ખતરો ઊભો કરી રહ્યા છે. તેઓ હવે બિમારીના બોમ્બ બનીને દુનિયાભરમાં ભય ફેલાવી શકે તેમ છે. ઉલ્લેખનીય છે કે, જ્યારે જહાજો લાંબા સમય સુધી સમુદ્રમાં એક જ જગ્યાએ ઊભા રહે છે, ત્યારે તેમના નીચેના ભાગ પર દરિયાઈ જીવો, શેવાળ, પરોપજીવીઓ અને અન્ય સૂક્ષ્મજીવો ચોંટવા લાગે છે. તેને બાયોફાઉલિંગ કહેવામાં આવે છે. જાણકારોના મતે હવે ભય જ એ છે કે, હોર્મુઝની ખાડી ખુલ્યા પછી જ્યારે આ જહાજો અલગ-અલગ દેશોના બંદરો તરફ રવાના થશે, ત્યારે તેમની સાથે આ જીવો પણ હજારો કિલોમીટર દૂર સુધી પહોંચી શકે છે. તેના દ્વારા વ્યાપક બિમારી અથવા તો અજ્ઞાત બિમારીઓ ફેલાવાનો ભય રહે છે. સમુદ્રમાં રહેતા મોટાભાગના જીવો તેમની સ્થાનિક ઈકોસિસ્ટમનો ભાગ હોય છે. પરંતુ જો કોઈ બાહ્ય પ્રજાતિ કોઈ નવા દરિયાઈ ક્ષેત્રમાં પહોંચી જાય, તો ત્યાં તેનો કુદરતી શિકારી ન હોવાને કારણે તે ઝડપથી ફેલાઈ શકે છે. આનાથી સ્થાનિક માછલીઓ, દરિયાઈ વનસ્પતિ અને અન્ય જીવો માટે જોખમ ઊભું થઈ શકે છે. આ ઉપરાંત આની અસર માત્ર સમુદ્ર પૂરતી સીમિત નહીં રહે. મત્સ્યપાલન, જળચર ઉછેર, દરિયાકાંઠાના ઉદ્યોગો અને તેની સાથે જોડાયેલી અર્થવ્યવસ્થા પણ તેની ઝપેટમાં આવી શકે છે. આ જ કારણ છે કે વૈજ્ઞાનિકો લાંબા સમય સુધી ખાડીમાં ઊભેલા જહાજોને સંભવિત 'સુપર-સ્પ્રેડર' માની રહ્યા છે. હકિકતે, પર્શિયન ખાડીનું ગરમ દરિયાઈ વાતાવરણ બાયોફાઉલિંગ માટે અનુકૂળ માનવામાં આવે છે. એટલે કે, જહાજો જેટલા લાંબા સમય સુધી અહીં ઊભા રહેશે, તેમની સપાટી પર દરિયાઈ જીવો અને વનસ્પતિઓ જમા થવાની શક્યતા વધશે. પશયનની ખાડીમાં પહેલેથી જ ૫૦થી વધુ બિન-સ્થાનિક દરિયાઈ પ્રજાતિઓ હાજર હોવાનું કહેવાય છે. આવા સંજોગોમાં અહીં લાંબા સમયથી અટવાયેલા જહાજો જ્યારે વિશ્વના અન્ય ભાગોમાં જશે ત્યારે તેમની સાથે નવા દરિયાઈ જીવો પહોંચવાનું જોખમ વધી શકે છે. વિશ્વમાં દરિયાઈ વેપારના એવા ઘણા માર્ગો છે, જેને 'ચોક પોઈન્ટ' કહેવામાં આવે છે. આ માર્ગો અવરોધાતાં જહાજોની અવરજવર ખરાબ રીતે પ્રભાવિત થાય છે. મોટાભાગના ચોક પોઈન્ટ માટે વૈકલ્પિક માર્ગો ઉપલબ્ધ છે, પરંતુ કેટલાક એવા દરિયાઈ માર્ગો છે જ્યાં વિકલ્પો અત્યંત મર્યાદિત અથવા વ્યવહારુ રીતે ઉપલબ્ધ નથી. હોર્મુઝની ખાડી પણ આ અત્યંત મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાં સ્થાન ધરાવે છે. આ ઉપરાંત ઓરેસુંડ, બોસ્ફોરસ-ડાર્ડેનેલ્સ અને બોહાઈ જેવા માર્ગો પણ વૈશ્વિક દરિયાઈ વેપાર માટે વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. ઈતિહાસમાં દરિયાઈ માર્ગો લાંબા સમય સુધી ખોટકાઈ જવાના ભૂતકાળમાં પણ ઘણા ઉદાહરણો મળતા રહ્યા છે. સુએઝ નહેરમાં ૨૦૨૧નો અકસ્માત અને પનામા નહેરમાં દુષ્કાળને કારણે સર્જાયેલી પરિસ્થિતિઓએ દર્શાવ્યું છે કે દરિયાઈ પરિવહનમાં કોઈ એક મહત્વપૂર્ણ માર્ગનો અવરોધ કેટલી મોટી સમસ્યા બની શકે છે. પરંતુ હોર્મુઝના કિસ્સામાં ચિંતાનું એક નવું પાસું સામે આવ્યું છે. જહાજોનું લાંબા સમય સુધી એક જ દરિયાઈ વિસ્તારમાં સ્થિર ઊભા રહેવું. સંશોધન મુજબ, હોર્મુઝમાંથી નીકળ્યા પછી તરત જ જહાજો દ્વારા ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સુધી આ ખતરો પહોંચવાની શક્યતા ઓછી હોઈ શકે છે. પરંતુ સમય જતાં ઘણા જહાજો આ દેશોના બંદરો સુધી પહોંચી શકે છે.

બંને દેશોમાં દરિયાઈ જૈવ-સુરક્ષાને લઈને કડક નિયમો છે. ત્યાં શંકાસ્પદ જહાજોની તપાસ કરવામાં આવે છે અને જરૂર પડયે તેમની બાહ્ય સપાટી, પ્રોપેલર અને અન્ય ભાગોની સફાઈ કરવામાં આવે છે. તેમ છતાં, મોટી સંખ્યામાં જહાજોની એકસાથે અવરજવર શરૂ થવા પર આ પડકાર ઘણો મોટો બની શકે છે. નિષ્ણાતોનું કહેવું છે કે હોર્મુઝ વિસ્તારમાંથી નીકળતા પહેલા જહાજોની તપાસ જરૂરી છે. તેમની બાહ્ય સપાટી પર જમા થયેલા જીવો અને જૈવિક સામગ્રીની ઓળખ કરી શકાય છે. જરૂર પડયે સમુદ્રમાં આગળ વધતા પહેલા જહાજની અંડરવોટર સફાઈ પણ થવી જોઈએ. જોકે સફાઈ દરમિયાન સાવચેતી અત્યંત જરૂરી રહેશે. જો જહાજમાંથી નીકળેલો જૈવિક કચરો સીધો સમુદ્રમાં ભળી જશે તો સમસ્યા ઘટવાને બદલે વધુ વધી શકે છે. હોર્મુઝની ખાડી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પૈકીનો એક છે. અહીં લાંબા સમયથી લાગેલા પ્રતિબંધો વૈશ્વિક વેપાર અને તેલ-ગેસના પુરવઠા માટે પહેલેથી જ ચિંતાનો વિષય છે.

હવે તેની સાથે દરિયાઈ જૈવ-સુરક્ષાનો ખતરો જોડાતાં પડકાર વધુ જટિલ બન્યો છે. જહાજો સ્થિર ઊભા રહેવાથી આવો ખતરો ઊભો થયો હોય તેવી આ પહેલી ઘટના નથી. આંતરરાષ્ટ્રીય વેપાર ઠપ થવાને કારણે વિશ્વના ૧૦% કન્ટેનર અને ૨૫% રીફર્ડ જહાજો મહિનાઓ સુધી સમુદ્રમાં ઊભા રહ્યા હતા.

વર્ષ ૧૯૭૦ની તેલ કટોકટી પણ આવું જ ઉદાહરણ છે જ્યારે વિશ્વભરમાં ૪૬૬ તેલ ટેન્કરો ઊભા કરી દેવામાં આવ્યા હતા. દક્ષિણ ચીન સાગરમાં દર વર્ષે માછીમારી પર લાગતા પ્રતિબંધોને કારણે હજારો બોટ એક જ જગ્યાએ ઊભી રહે છે, જેનાથી આ જૈવિક સંક્રમણ પેદા થાય છે. ઈન્ટરનેશનલ મરીન ઓર્ગેનાઈઝેશન (IMO)ની સલાહ છે કે ૩૦ દિવસથી વધુ સમય માટે નિષ્ક્રિય ઊભેલા જહાજોને મુસાફરી શરૂ કરતા પહેલા બાયોફાઉલિંગ મેનેજમેન્ટની તાત્કાલિક જરૂરિયાત હોય છે. જોકે આ જહાજો દરિયાઈ જીવોના વિકાસ અને પ્રજનનની મુખ્ય ઋતુમાં લગભગ ચાર મહિનાથી અટવાયેલા છે. IMOના સંશોધન મુજબ, ચીકણી લીલનું એક પાતળું પડ પણ ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો કરી શકે છે, જ્યારે બાર્નકલના સહેજ વધારાથી પણ ઈંધણના વપરાશ અને ઉત્સર્જનમાં ૫૦ ટકાથી વધુનો વધારો થઈ શકે છે. આ સિવાય IMOનો અંદાજ છે કે શિપિંગ ઉદ્યોગના કુલ ઈંધણનો લગભગ ૧૦ ટકા હિસ્સો માત્ર બાયોફાઉલિંગને કારણે પેદા થતા ઘર્ષણને ઘટાડવામાં ખર્ચાઈ જાય છે. સંશોધકોએ એમ પણ જણાવ્યું હતું કે આધુનિક શિપિંગને હંમેશાં દરિયાઈ આક્રમક પ્રજાતિઓના ફેલાવા માટેનું મુખ્ય કારણ માનવામાં આવે છે. તેઓએ ચેતવણી આપી હતી કે જહાજોના આટલા લાંબા રોકાણનું આ પ્રમાણ ઈતિહાસમાં અભૂતપૂર્વ છે. તાજેતરના દાયકાઓમાં ખાડી ક્ષેત્રમાંથી બાયોફાઉલિંગ દ્વારા ફેલાયેલી આક્રમક પ્રજાતિઓએ એટલાન્ટિક અને પ્રશાંત મહાસાગરોમાં સ્થાનિક પ્રજાતિઓને વિસ્થાપિત કરીને બંદરોના માળખાને ભારે નુકસાન પહોંચાડયું છે. ઈકોલોજિકલ અસરનું એક ઉદાહરણ 'એશિયન ગ્રીન મસલ' છે, જેને ખૂબ જ આક્રમક માનવામાં આવે છે.

હિંદ અને પ્રશાંત મહાસાગરના ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાંથી ઉદ્ભવેલી આ મસલ ખાડી વિસ્તારમાં સામાન્ય છે અને હવે તે કેરેબિયન તેમજ દક્ષિણ એટલાન્ટિક મહાસાગરમાં ફેલાઈ ચૂકી છે, જેનાથી સ્થાનિક પ્રજાતિઓને નુકસાન પહોંચ્યું છે. જાણકારોના મતે જો આ જહાજોની યોગ્ય ચકાસણી અને સાફસફાઈ નહીં કરવામાં આવે તો આગામી સમયમાં તે દુનિયાભરમાં અને દરિયાઈ દુનિયામાં પણ મહામારી ફેલાવી શકે છે. કોઈ પણ જહાજ અહીંયાથી રવાના થાય તે પહેલાં તેમના પાણી અને તળિયાના ભાગનું 'પર્યાવરણીય ડીએનએ' પરીક્ષણ કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. આ ઉપરાંત ખાડી વિસ્તાર છોડતા પહેલાં જ જહાજોના નીચેના ભાગની વિશેષ ઉપકરણો દ્વારા સફાઈ કરવામાં આવે જેથી પરોપજીવીઓ ત્યાં જ નષ્ટ થઈ જાય. આ સફાઈ દરમિયાન કચરો દરિયામાં જ પડવાના બદલે તેને કોઈ રીતે સંગ્રહિત કરવામાં આવે તે વધારે ગ્રાહ્ય છે. જહાજો પોતાના ડેસ્ટિનેશન ઉપર પહોંચે અને ત્યારબાદ તેને સફાઈ કરવામાં આવે તો પરોપજીવીઓ નવા દરિયામાં જ પહોંચી જવાના છે અને કોઈ અર્થ સરવાનો નથી. જહાજો જે બંદરો પર પહોંચવાના હોય તેમને અગાઉથી જાણ કરવામાં આવે જેથી તેઓ સુરક્ષા તપાસની પૂર્વ તૈયારી રાખી શકે. આ બાબતે ઉપર ખાસ ધ્યાન રાખવા જેવું છે. એક વખત બિમારી મરિન ઈકોલોજીમાં પહોંચી ગઈ તો તેને દૂર કરવામાં ઘણી મુશ્કેલી ઊભી થઈ શકે છે. આ સિવાય રેપિડ રિસ્પોન્સ સિસ્ટમ પણ વિકસાવવી જોઈએ. દરેક દેશની પોર્ટ ઓથોરિટી ત્વરિત તપાસ અને રિસ્પોન્સ ફોર્સ તૈનાત કરે જે આવા જહાજો માટે ઝડપથી કામ કરી શકે અને બિમારી ફેલાતા પહેલાં જ તેને જડમૂળમાંથી જ અટકાવી દે. આ ઉપરાંત ગ્લોબલ એલર્ટ નેટવર્ક વિકસાવવું પડશે. દરિયાઈ સીમાઓને બચાવવા માટે વિશ્વભરના દેશો રિયલ-ટાઈમ ડેટા શેર કરીને એક એવું નેટવર્ક વિકસાવવું પડશે જેથી આવા સંક્રમિત કે પરોપજીવી ધરાવતું જહાજ આવે તો તરત જ તેને આઈસોલેટ કરીને તેના ઉપર ટ્રિટમેન્ટ કરી શકાય. જો સમયસર આ સ્થિર જહાજોના જૈવિક કચરાનું સંચાલન કરવામાં નહીં આવે, તો આર્થિક નુકસાનમાંથી બહાર આવ્યા પછી વિશ્વએ એક નવા દરિયાઈ 'ઈકોલોજિકલ સંકટ'નો સામનો કરવો પડશે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : મોહમાં ન ઝૂકનાર મહાદેવથી માતૃભાવે પ્રગટેલી ઉમા સુધી: આજના જીવન માટે શિવ મહિમાનો શાશ્વત બોધ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા

આપણે શ્રાવણ માસમાં શિવ મહિમા થકી ભોળાનાથના ગુણગાન ગાઈ રહયા છીએ આજે શ્રાવણ સુદ આઠમે જોઈએ તો માણસ જીવનભર ત્રણ વસ્તુની પાછળ દોડે છે-સુખ,સત્તા અને સૌંદર્ય. પરંતુ જે દેવ આ ત્રણેયથી પર છે,જે રાજ ભોગ છોડીને સ્મશાનમાં બિરાજે છે, જેની પાસે ધન નથી પણ જે આખી સૃષ્ટિના ધણી છે,તેનું નામ છે ભગવાન સદા શિવ. શિવનો મહિમા મંદિરની ઘંટડીમાં નથી,શિવનો મહિમા હિમાલયની શાંતિમાં છે.શિવનો મહિમા ભોગમાં નથી, ત્યાગમાં છે. આજે આપણે જે કથા સાંભળવા જઈ રહ્યા છીએ તે કથા આપણને શીખવે છેકેજ્યારે આખું જગત પણ શિવને ડગાવી ન શકે, ત્યારે જ સાચી ભક્તિથી જ શિવ પ્રસન્ન થાય છે.આ કથા બ્રહ્મા ના અહંકારથી શરૂ થાય છે અને ઉમા રૂપે જગદંબાના પ્રાકટ્ય પર પૂર્ણ થાય છે. વચ્ચે છે વૈરાગ્ય,તપ અને શાશ્વત બોધ.કામદેવની હાર વૈરાગ્યની જીત સૃષ્ટિના આરંભે બ્રહ્માજીએ સૃષ્ટિ રચી.પરંતુ એક વાર તેમના મનમાં મોહ જાગ્યો. તેમણે પોતાની પુત્રી સંધ્યા તરફ અભિલાષા કરી.આ જોઈને મહાદેવજીએ તેમને ઠપકો આપ્યો અને તેમના તથા તેમના પુત્રોનો તિરસ્કાર કર્યો.આ અપમાનથી બ્રહ્માજીનું હૃદય દુઃખી થયું.તેમને થયું કે જો સ્વયં મહાદેવ પણ ગૃહ સ્થ બને, સ્ત્રીને સ્વીકારે તો જ સૃષ્ટિનું ચક્ર સંપૂર્ણ થશે અને મારું અપમાન પણ દૂર થશે. આ સંકલ્પ સાથે બ્રહ્માજીએ કામદેવ,રતિ અને વસંત ઋતુને બોલાવ્યા.તેમને આજ્ઞા આપી કે જાઓ અને ધ્યાનમાં બેઠેલા શિવને મોહમાં નાખો.

વસંત આવ્યો. ચારે તરફ સુગંધ ફેલાઈ.કોયલ ટહુકી.શીતળ પવન વહેવા લાગ્યો. કામદેવે પોતાનું પુષ્પબાણનું ધનુષ તાણ્યું. રતિએ પોતાનું સૌંદર્ય પાથર્યું. પ્રકૃતિએ પોતાનો બધો જ શણગાર શિવની સામે રજૂ કર્યો.પરંતુ જે શિવ સ્વયં કામને ભસ્મ કરનારા છે,જેનું મન આત્મામાં લીન છે, તેમના ચહેરા પર એક પણ રેખા ન આવી.તેઓ પૂર્વ વત ધ્યાનમાં જ બેઠા રહ્યા. કામદેવ ના બધા બાણ નિષ્ફળ ગયા.વસંત ની બધી શક્તિ વ્યર્થ ગઈ. અહીં શિવનો સૌથી મોટો મહિમા પ્રગટ થાય છે.શિવ આપણને કહે છે કે જ્યાં સુધી મનુષ્ય પોતાની વાસના અને મોહ પર વિજય ન મેળવે ત્યાં સુધી તે ઈશ્વરની નજીક જઈ જ ન શકે. બહારની દુનિયા ગમે તેટલી આકર્ષક હોય, જો અંદરનું ચિત્ત સ્થિર હોય તો કોઈ પણ તમને ડગાવી શકતું નથી.

વિષ્ણુનું માર્ગદર્શન: ભક્તિ જ એકમાત્ર માર્ગ નિરાશ થયેલા બ્રહ્માજીએ ભગવાન વિષ્ણુનું સ્મરણ કર્યું. વિષ્ણુ પ્રગટ થયા અને કારણ પૂછ્યું. બ્રહ્માજીએ બધી વાત કરી અને કહ્યું: "હે પ્રભુ, હવે તમે જ કોઈ ઉપાય બતાવો."

વિષ્ણુએ ખૂબ જ ઊંડી વાત કહી: "બ્રહ્મા, તમે શક્તિથી કે યુક્તિથી શિવને નહીં પામી શકો. શિવને પામવાનો એક જ માર્ગ છે - શિવા. તમે નિર્ગુણ શિવાદેવીનું શ્રદ્ધાથી આરાધન કરો. જો તે સગુણ સ્વરૂપે અવતાર લે તો જ તે શિવનાં અર્ધાં ગિની બનશે.માટે તમે દક્ષ પ્રજાપતિ ને કહો કે તે ઘોર તપ કરે."આ વચન માં જીવનનું સૌથી મોટું સત્ય છે. શિવ વિના શક્તિ નિર્જીવ છે અને શક્તિ વિના શિવ નિર્ગુણ છે. જગત ના કલ્યાણ માટે બંનેનું મિલનજરૂરી હતું.પરંતુ તે મિલન બળથી નહીં, પણ પ્રેમ અને સમર્પણથી થવાનુંહતું

દક્ષનું ઘોર તપ અને જગદંબાનો વર દાનબ્રહ્માજીની આજ્ઞા મળતાં જ દક્ષ પ્રજાપતિએ ક્ષીરસાગરના ઉત્તર કિનારે તપ શરૂ કર્યું.તેમણેઅન્ન-જળ નો ત્યાગ કર્યો. માત્ર જળ પર રહીને હૃદયમાં શિવાનું ધ્યાન ધર્યું. વર્ષો વીતી ગયા. દક્ષના તપોબળથી આખું બ્રહ્માંડ ડોલવા લાગ્યું.

અંતે દેવી જગદંબા પ્રસન્ન થઈને પ્રગટ થયાં. તેમનું તેજ જોઈને દક્ષે આંસુથી સ્તુતિ કરી અને કહ્યું: "હે માતા, તમે મારે ત્યાં પુત્રી રૂપે જન્મો અને રુદ્રનાં પત્ની બનો. બ્રહ્માજીએ પણ મને આ જ પ્રેરણા આપી છે." દેવી થોડીવાર મૌન રહ્યાં. પછી તેમણે કહ્યું: "હું અવશ્ય કઠિન તપ કરીને સદાશિવને વરીશ. પરંતુ મારી એક શરત છે. જે દિવસે મારા પ્રત્યેનો આદર-સન્માન ઓછો થશે, તે દિવસે હું આ શરીરનો ત્યાગ કરીને મારા મૂળ સ્વરૂપમાં લીન થઈ જઈશ."

આ શરત માત્ર શરત નહોતી. તે ભવિષ્યમાં બનનારી દક્ષયજ્ઞની કથાનું બીજ હતું. તે આપણને શીખવે છે કે સંબંધમાં માન-સન્માન સૌથી મહત્વનું છે.

ઉમાનો જન્મ અને દેવોની પ્રશંસા, ત્યારબાદ દક્ષે પ્રજાવૃદ્ધિ માટે લગ્ન કર્યા. પહેલા તેમને દસ હજાર પછી એક હજાર પુત્રો થયા. પરંતુ નારદજીના ઉપદેશથી બધા પુત્રો મોક્ષના માર્ગે ચાલ્યા ગયા. આથી ક્રોધિત થઈને દક્ષે નારદને શાપ પણ આપ્યો.છેવટે દક્ષે પુત્રીઓને જન્મ આપવાનું નક્કી કર્યું. તેમની સાઠ કન્યાઓમાં સૌથી જ્યેષ્ઠ અને તેજસ્વી હતાં દેવી શિવા.તેઓ સાક્ષાત પ્રગટ થયાં હતાં. દક્ષે તેમને જોઈને સ્તુતિ કરી. દેવીએ બાળ સ્વરૂપ ધારણ કર્યું.દક્ષે તેમનું નામ 'ઉમા' પાડ્યું,જેનો અર્થ થાય છે - "જેને જોઈને માતાનું હૃદય 'ઉમા' એટલે'ન કર'બોલી ઉઠે તેવી કોમળ.

આકાશમાંથી બ્રહ્મા,વિષ્ણુ અને સર્વ દેવો આવ્યા.તેમણે ઉમાના દર્શન કરીને કહ્યું: "આજે સૃષ્ટિનું કલ્યાણ થશે. કારણ કે હવે શિવ અને શક્તિનું મિલન નિશ્ચિત છે."

આજના જીવન માટે ત્રણ શાશ્વત બોધ આ આખી કથા માત્ર પુરાણની વાત નથી. તે આપણા રોજિંદા જીવન માટે ત્રણ મોટા સંદેશ આપે છે. કામદેવ હાર્યો કારણ કે શિવનું મન સ્થિર હતું. આજે આપણી આસપાસ પણ સોશિયલ મીડિયા, લાલચ અને નકારાત્મકતાનો 'વસંત' ચાલે છે. જો આપણું મન અડગ હશે તો કોઈ પણ આપણને ખોટા માર્ગે નહીં લઈ જઈ શકે. શિવ કહે છે -પહેલા પોતાના પર કાબૂ મેળવો.

બ્રહ્માજી જેવા સર્જનહાર પણ યોજનાથી નિષ્ફળ ગયા. પરંતુ દક્ષે જ્યારે આંસુ અને શ્રદ્ધાથી તપ કર્યું ત્યારે જગદંબા પ્રગટ થયાં. આપણા જીવનમાં પણ જ્યારે આપણે ફરિયાદ કરવાને બદલે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે જ ઉકેલ આવે છે.

ઉમાએ જે શરત મૂકી તે આજે પણ દરેક સંબંધ માટે લાગુ પડે છે. પતિ- પત્ની,માતા-પિતા,મિત્ર-કોઈપણ સંબંધમાં જ્યારે આદર ખતમ થાય છે ત્યારે સંબંધ પણ ખતમ થઈ જાય છે. શિવ-ઉમાનું મિલન એટલે સમાનતા અને સન્માનનું મિલન. આમ,એક તરફ છે મોહમાં ન ઝૂકનાર મહાદેવ અને બીજી તરફ છે માતૃભાવે પ્રગટેલી ઉમા.બંને વચ્ચેનો સેતુ છે-તપ અને ભક્તિ. શિવ આપણને વૈરાગ્ય શીખવે છે અને ઉમા આપણને પ્રેમ શીખવે છે. શિવ આપણને કહે છે કે અંદર ડૂબો અને ઉમા કહે છે કે બહારના જગત ની સેવા કરો. આ બંનેના સંતુલનનું નામ જીવન છે.

# આજે 20 ઓગસ્ટ, એટલે કે સદભાવના દિવસ! ચાલો શિવ પાસેથી સદભાવના શીખીએ!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને મારાં સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.આજે 20 ઓગસ્ટ એટલે સદભાવના દિવસ, અને બીજું સદભાવના એ જ જાણે જન્મ લીધો હોય એવાં પપ્પાની પુણ્ય તિથિ,પપ્પાની વિદાયને છ વર્ષ પૂરાં થયાં! પણ 20 ઓગસ્ટ આવતાં જ જીવન કિતાબનાં એ પાનાઓનો ફફડાટ એવો તીવ્ર થાય છે, કે અતીતમાં ગયાં વગર રહેવાતું નથી. એમની એક એક શીખ સંસ્કાર આજ સુધી જીવન અજવાળી રહ્યાં છે. પપ્પાએ સ્વકેન્દ્રી નહીં પણ સ્નેહ કેન્દ્રી બનવાની શીખ આપી છે. એ હવે નથી એ વિચારે ક્યારેક ક્રોધ આવે, દુઃખ થાય,અને નિરાશા ઘેરી વળે, એમ માનવ સહજ લાગણીઓ ક્ષણિક થાય. પણ અંતે તો સદગુરુ કૃપાથી સુખ દુઃખની લાગણીઓ ભગવાન શંકરની જટામાં સમાઈ જાય,અને હૃદયસ્થ સત્ય, પ્રેમ, કરુણાનાં ભાવમાં કોઈ ફેર પડે નહીં. જોકે અમારી માટે તો એ જ શંકર હતાં, આબેહૂબ ગૌર વર્ણ, તેજસ્વી કપાળ, અને સમાજ સંસારને સમ રાખવાં કેટલુય વિષ પીધું! અને સંસારી હોવા છતાં નિત્ય સંન્યાસી જેમ જીવ્યા! અમે તો માત્ર એણે ચીંધેલા પરમાર્થનાં માર્ગ પર પા પા પગલી કરીએ છીએ. આમતો ચિંતનની ધારામાં નીજી પરિવાર વિશે લખવું ઉચિત નથી, પણ પૂરાં શ્રાવણ મહિનાની તપશ્ચર્યા બાદ આ દુનિયામાંથી પપ્પાએ વિદાય લીધી, અને પૂર્ણ શિવભક્ત હતાં. ગાંધીજીના અગિયાર મહાવ્રતનાં વ્રતી, નામ તનસુખ પણ શરીર તદન સુકલકડી હતું, છતાં દ્રઢ નિશ્ચયી અને સકારાત્મક મનોબળ વાળાં પૂર્ણ વિરક્તિ સંન્યાસી, શબ્દો મળે નહીં એટલું ઉદાર અને પ્યારું વ્યક્તિત્વ હતું. પપ્પા એ પરોપકારના પંથે દોરતાં કહ્યું કે, કોઈ વસ્તુ લેવાથી ખુશી મળી શકે, પરંતુ આનંદ તો આપવાથી જ મળે! અને એ વાત એણે જીવન પર્યંત એવું જીવીને સાબિત કરી, એમ કહો કે જીવ શિવ ની સમ્યકતા એમનામાં હતી. તો શ્રાવણ ચાલે છે, એટલે શિવ કંઈ રીતે થવાય એ જરા જોઈએ.

ભગવાન શંકર કરુણા અવતાર છે, અને એમનો મૂળ સ્વભાવ કરુણા છે, તો આજે આ વાતને જુદી રીતે સમજીએ. એટલે કે શું શંકર અને શિવ બંને એક છે? એવો કોઈ પ્રશ્ન થાય તો આપણો જવાબ શું હોઈ શકે! ભારતીય અધ્યાત્મ પ્રમાણે શંકર અને શિવ બંને એક નથી, પરંતુ જીવની શંકર જેવી એક સ્થિતનું નામ શિવ છે. શિવ એટલે અધ્યાત્મની પૂર્ણ પરાકાષ્ઠાની સ્થિતિ, કે જ્યાં જીવ જ શિવ તત્વમાં ફેરવાઈ જાય છે. આ લખવું અને કહેવું એ જેટલું સહેલું છે, એટલું કરવું બહુ અઘરું છે. જીવ પૂર્ણ પણે સંસારી અને ભોગી છે, જ્યારે જીવને ભગવાન શંકરની સ્થિતિએ લઈ જવાનો છે, એટલે કે એનાં સ્વભાવને આત્મસાત કરવાનો છે. ભગવાન શંકર ત્રિગુણાવતીત છે, એટલે અહીં સત્વ રજસ અને તમસની બાદબાકી હોય, એવો સ્વભાવ બનાવવાનો છે, આ ઉપરાંત વિષમ પરિસ્થિતિઓનું વિષ પી ને પણ પ્રસન્ન રહેવાનું છે. વૈરાગ્યની વૃતિને કેળવીને, સ્મશાનમાં રહેવાનું છે, એટલે કે નિત્ય મૃત્યુનું સ્મરણ કરી, મૃત્યુ શાશ્વત સત્ય છે, એને સહજ બનાવવાનું છે. અઘરું છે પરંતુ અશક્ય નથી. કારણ કે ભગવાન શંકર સંસારી છે, અને એણે સંસારી હોવા છતાં સંન્યાસીના ધર્મને સહજ રીતે નિભાવ્યો છે. પરિવારથી જ દરેકનું પરિસર બનતું હોય છે, તો એ રીતે વિચારીને ભગવાન શંકરનાં પરિવારની વાત કરીએ તો, માતા સતી એટલે કે બુદ્ધિ, તો બુદ્ધિમાં જ્યારે શંકા કે સંશયનો પ્રવેશ થાય, ત્યારે એનો પણ ત્યાગ કરવો! પાર્વતી એટલે શ્રદ્ધા! તો એને પ્રેમ માન સન્માન આપવું, એટલે કે શ્રદ્ધાની પુષ્ટિ કરવી. ગણેશ એટલે પરિપક્વ વિવેક પણ જ્યારે વિવેકનાં નામ પર બગાવત કરે તો એને પણ અહંકાર મુક્ત કરવા એનો છેદ કરવો. કાર્તિકેય એટલે શૂરવીરતા,પણ આપણાં બળ પર અહમ આવે ત્યારે એને નાથવું બહુ જરૂરી છે. ભગવાન શંકરનું વાહન નંદી એટલે કે ધર્મનાં વાહન પર બેસીને જીવન વિચરણ કરવું! અને સદા માનવતાનો ધર્મ પ્રેરિત થાય એવો વ્યવહાર કરવો.

હવે કરુણાનો મૂળ ભાવ એટલે કે આપવાની વૃત્તિ! આપણી માટે આમ તો આપવા માટે કંઈ એવું છે નહીં! છતાં ઈશ્વરે થોડું ઘણું કંઈ આપ્યું હોય, તો સામેવાળાના ગુણ દુર્ગુણ જોયા વગર એની જરૂરિયાતને મહત્વ આપી એને આપવું એ શંકરનો પહેલો સ્વભાવ છે. સમગ્ર સૃષ્ટિના હિતનું તો આપણે કેટલું વિચારી શકીએ! આપણા વિચારની પણ એક મર્યાદા છે! પરંતુ છતાં સમસ્ત સૃષ્ટિના હિત માટે સતત પ્રયત્નશીલ રહેવું, જેમકે પ્રકૃતિ સંવર્ધન વિશે વિચારવું! સામાન્ય રીતે દ્રષ્ટિથી જે દેખાતું હોય એ જ સત્ય નથી, એવી સમજણ કેળવવી, અને અન્ય સાથેનો વ્યવહાર સુમધુર રાખવો એ ત્રિનેત્રીનું મૂળ લક્ષણ છે, એટલે કે સમજણનું ત્રીજું નેત્ર અભ્યાસથી ખોલવું. વૈરાગ્ય પરિપક્વ થાય એ માટે સત્ય પ્રેમ ને કરુણાનું ત્રિપુંડ કરવું! આપણે સ્થૂળ રીતે તો મહાદેવના ઉપાસક છીએ એમ દર્શાવવા આવું કરતા હોઈએ છીએ, પણ સુક્ષ્મ રીતે એ સ્થિતિ તરફ જોતા પણ નથી. ગંગાને જટામાં સમાવી એટલે કે સાંસારિક વૃત્તિઓમાં પવિત્રતા રાખવી. ભાલમાં બીજનો ચંદ્ર એટલે કલા કે વિદ્યાની પ્રગતિ તરફ ધ્યાન કેન્દ્રિત કરી તેને પૂર્ણતા બક્ષવી. સામાજિક નિંદા ઈર્ષા કે અન્યના અન્ય પ્રકારના દૂષિત ભાવને બહાર જ રોકી દેવા અંદર પ્રવેશે નહીં, તેનું સતત ધ્યાન રાખવા સર્પનો શણગાર કર્યો. ડમરું નો નાદ પોતે શંકર છે, એને અન્યથી કોઈ લેવાદેવા નથી, એવી મસ્તીમાં રાખવા માટે છે. ત્રિશૂલ એટલે કે ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળનું મુખ્ય શૂળ, ભોગની લાલસા, એને નાથવા માટે. વાઘ ચર્મ પર આસન એટલે હિંસક વૃત્તિની સમાપ્તિ,ને અહિંસાનું આચરણ. તો ભારતીય અધ્યાત્મદર્શનમાં જીવનું શિવ થવું એ શક્ય બતાવ્યું છે, અને જે ઈશ્વર નામે અધ્યાર તત્વ છે, એને આપણી અંદર જ મહેસુસ કરવાનું છે, અને એટલે જ અહમ બ્રહ્માસ્મીની વાત પણ આવી. આ સૂત્ર એક ખુમારી દર્શાવે છે, નહીં કે અહમ! પરંતુ આપણે એવી સ્થિતિ અર્જિત કર્યા વગર અહમ બ્રહ્માસ્મી થઈ, અને સમાજમાં આતંક ફેલાવીએ છીએ, જેને કારણે સામાજિક અશાંતિ છે. શિવ તત્વની પ્રાપ્તિ કે અનુભૂતિ એ અંતરને પ્રકાશિત કરનારી છે.

# પાલીતાણાની સરકારી હોસ્પિટલમાં ટાંકી જ નહીં, છતાં ₹50.43 લાખનું બિલ!

## 2 ઈજનેર સસ્પેન્ડ, કોન્ટ્રાક્ટર બ્લેકલિસ્ટ થશે, 13 દિવસ પહેલા મંત્રી પ્રફુલ પાનસેરિયાની મુલાકાત સમયે ભાંડો ફૂટ્યો હતો

**ભાવનગર, તા.19**

ભાવનગર જિલ્લાના પાલીતાણા ખાતે આવેલી સરકારી હોસ્પિટલમાં પ્રશાસનિક અને નાણાકીય ગેરરીતિનો એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે, જેના કારણે રાજ્યના આરોગ્ય વિભાગમાં ભારે હલચલ મચી ગઈ છે. હોસ્પિટલ માટે મંજૂર કરવામાં આવેલી અઢી લાખ લીટરથી વધુ એટલે કે ૨.૫૫ લાખ લીટર ક્ષમતાની ભૂગર્ભ પાણીની ટાંકીનું સ્થળ પર વાસ્તવમાં કોઈ જ ભૌતિક કામ થયું ન હોવા છતાં, તેના નામે રૂ. ૫૦.૪૩ લાખનું ભારી ભરખમ બિલ મંજૂરી માટે રજૂ કરી દેવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે. આ ગંભીર કૌભાંડ અને વહીવટી બેદરકારીની ગંભીર નોંધ લેતા રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે તાત્કાલિક અને અત્યંત કડક કાર્યવાહી કરવાના આદેશો જારી કર્યા છે, જેના ભાગરૂપે બે જવાબદાર ઈજનેરોને સસ્પેન્ડ પણ કરી દેવામાં આવ્યા છે.

આ સમગ્ર ભ્રષ્ટાચારનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે રાજ્યના આરોગ્ય મંત્રીએ આશરે તેર દિવસ પહેલા પાલીતાણાની આ સરકારી હોસ્પિટલની અચાનક મુલાકાત લીધી હતી. હોસ્પિટલ પરિસરમાં વિકાસકાર્યો અને સુવિધાઓની ચકાસણી કરતી વખતે મંત્રીનું ધ્યાન ગયું કે કાગળો પર મંજૂર થયેલી અને અસ્તિત્વમાં હોવી જોઈએ તેવી વિશાળ ભૂગર્ભ પાણીની ટાંકી હકીકતમાં સ્થળ પર ક્યાંય જોવા જ મળી ન હતી. આ આશ્ચર્યજનક બાબત સામે આવ્યા બાદ જ્યારે આંતરિક તપાસ હાથ ધરવામાં આવી ત્યારે ચોંકાવનારી વિગતો બહાર આવી હતી કે જમીન પર એક પણ ઈંટ મૂક્યા વિના અથવા



કોઈ જ ઉત્ખનન કાર્ય કર્યા વિના લાખો રૂપિયાનું એડવાન્સ કે ફાઈનલ બિલ વડી કચેરીમાં મંજૂરી અર્થે આગળ મોકલી દેવામાં આવ્યું હતું.

આ ગંભીર અનિયમિતતા ધ્યાનમાં આવતા જ આરોગ્ય મંત્રીએ સમયનો બગાડ કર્યા વગર તાત્કાલિક એક ઉચ્ચ સ્તરીય વીડિયો કોન્ફરન્સ યોજી હતી. આ ડિજિટલ બેઠકમાં પાલીતાણા હોસ્પિટલ અને પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટ (PIU) ના સંબંધિત તમામ અધિકારીઓને હાજર રાખીને આખી પ્રક્રિયાની વિગતવાર માહિતી માંગવામાં આવી હતી. બિલ તૈયાર કરવાની અને તેને આગળ વધારવાની પ્રક્રિયામાં પોતાની ફરજ ચૂકનારા અધિકારીઓની શંકાસ્પદ ભૂમિકાને લઈને તંત્ર દ્વારા સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં કસૂરવાર માલૂમ પડતા આ કેસમાં સીધી સંડોવણી ધરાવનાર ઈંચાર્જ કાર્યપાલક ઈજનેર મેહુલ દવે અને નાયબ કાર્યપાલક ઈજનેર એન. વી. કાલીયા સામે કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવવાના સ્પષ્ટ નિર્દેશો આપવામાં આવ્યા છે અને સાથે જ ફરજમાં ગંભીર બેદરકારી દાખવવા બદલ બંને અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

માત્ર સરકારી કર્મચારીઓ જ નહીં પરંતુ આ કૌભાંડમાં સંડોવાયેલી ખાનગી એજન્સી સામે પણ સરકારે દાખલો બેસાડતી કાર્યવાહી શરૂ કરી છે. આ બોગસ બિલ રજૂ કરનાર અને કામગીરીમાં ગેરરીતિ આચરનાર સુરતની ધર્મનંદન કન્સ્ટ્રકશન નામની કંપનીને બ્લેકલિસ્ટ કરવાની સત્તાવાર પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. આ સમગ્ર ઘટનાક્રમ બાદ રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે રાજ્યની જનતા માટેની આરોગ્ય સેવાઓ અને વિકાસકાર્યો માટે ફાળવવામાં આવતા જાહેર નાણાંના ઉપયોગમાં કોઈપણ સ્તરે બેદરકારી, ભ્રષ્ટાચાર કે અનિયમિતતા સાંખી લેવામાં આવશે નહીં. સરકારી હોસ્પિટલો અને આરોગ્યલક્ષી માળખાકીય કાર્યોમાં ગુણવત્તા, પારદર્શિતા અને જવાબદારીનું કડકપણે પાલન થાય તે વર્તમાન સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

# પાટણના યાત્રીઓ માટે ખુશખબર: 21 ઓગસ્ટથી ભગત કી કોઠી-ચેન્નાઈ સુપરફાસ્ટ એક્સપ્રેસનુ પાટણ સ્ટેશન પર સ્ટોપેજ

**અમદાવાદ, તા.19**

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને માંગને ધ્યાનમાં રાખતાં ટ્રેન નંબર 20626/20625 ભગત કી કોઠી-એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ-ભગત કી કોઠી સુપરફાસ્ટ એક્સપ્રેસ (પાંચ દિવસ પ્રતિ સપ્તાહ) નું પાટણ સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ સ્ટોપેજ 21 ઓગસ્ટ 2026 (શુક્રવાર) થી પ્રભાવી થશે. ટ્રેન નંબર 20626 ભગત કી કોઠી-એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસનું તારીખ 21 ઓગસ્ટ 2026 થી દરેક સોમવાર, બુધવાર, ગુરૂવાર, શુક્રવાર અને રવિવારે પાટણ સ્ટેશન પર 11:35 કલાકે આગમન તથા 11:37 કલાકે પ્રસ્થાન થશે. એ જ રીતે, ટ્રેન નંબર 20625 એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ- ભગત કી કોઠી સુપરફાસ્ટ એક્સપ્રેસ તારીખ 21 ઓગસ્ટ 2026 થી દરેક સોમવાર, મંગળવાર, ગુરૂવાર, શુક્રવાર અને રવિવારે સાંજે 19:35 કલાકે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે પાટણ સ્ટેશન પર સવારે 03:57 કલાકે આગમન તથા 03:59 કલાકે પ્રસ્થાન કરશે. આ સ્ટોપેજથી પાટણ અને આસપાસના વિસ્તારોના યાત્રીઓને ચેન્નાઈ, રાજસ્થાન તથા માર્ગમાં આવનારા મુખ્ય શહેરો માટે રેલવે યાત્રાની ઉત્તમ સુવિધા ઉપલબ્ધ થશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે I-Khedut પોર્ટલ ખુલ્લુ મૂકાયું

## અમદાવાદ જિલ્લાના બાગાયતદાર ખેડૂતો નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ સહાયલક્ષી યોજનાઓમાં લાભ લેવા માટે ૨૬ ઓગસ્ટ ૨૦૨૬ સુધી અરજી કરી શકશે

**અમદાવાદ, તા.19**

અમદાવાદ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતોને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ સહાયલક્ષી યોજનાઓમાં લાભ લેવા માટે વિવિધ ઘટકો જેવા કે, આંબા જામફળ ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, કમલમ ફળ (ડ્રેગન ફ્રુટ) ના વાવેતર માટે સહાયનો કાર્યક્રમ, ક્રોપ કવર (શાકભાજી પાકો માટે), દાડમ ક્રોપ કવર/ખારેક બંચ કવર, ફ્રૂટ કવર, ટીસ્યુકલ્ચર ખારેકની ખેતીમાં સહાય, ફળપાકોના પ્લાન્ટિંગ મટીરીયલમાં સહાય, શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન , હવાઈ માર્ગે બાગાયતી પેદાશની નિકાસ માટેના નૂરમાં સહાય, નિકાસકારોને બાગાયતી પાકોને ઈરેડીએશન પ્રક્રિયા માટે સહાય વગેરે માટે તા.૨૦/૦૮/૨૦૨૬ થી તા.૨૬/૦૮/૨૦૨૬ સુધી આઈ ખેડૂત ૨.૦ પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવનાર છે. તેમજ નેટહાઉસ/એગ્રો ટેક્ષ્ટાઈલ નેટ હાઉસ માટે સહાય ઘટકમાં તા.૨૧/૦૮/૨૦૨૬થી તા.૨૦/૦૯/૨૦૨૬ સુધી આઈ ખેડૂત ૨.૦ પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવનાર છે. અમદાવાદ જિલ્લામાં બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતોએ Ikhedut Portal 2.0 (web site: www.ikhedut.gujarat.gov.in) પર ઉપર મુજબના સમયગાળા દરમ્યાન અરજી કરવાની રહેશે. વધુમાં, નવીન આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ પર નોંધણી થયેલ તેમજ નવી નોંધણી કરનાર ખેડૂતોએ પોતાનું આધાર ઓથેન્ટીકેશન ફરજિયાત કરવાનું રહેશે. તેમજ અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી પ્રિન્ટ લઈ ખેડૂતોએ પોતાની પાસે જ રાખવાની રહેશે, એમ નાયબ બાગાયત નિયામક,અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે. જિલ્લાના ખેડૂતો વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદ જિલ્લાનો, ફોન નં. 079 26577316 પર સંપર્ક કરી શકે છે.

# ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા બાદ દુષ્કર્મ: સગીરાનું અપહરણ કરી મીરાપુરમાં અવારનવાર દુષ્કર્મ આચર્યું

**સુરત, તા.19**

સુરત શહેરના લિંબાયત પોલીસ મથક વિસ્તારમાં સગીર વયની બાળા સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી ગંભીર ગુનો આચરવાની ઘટના સામે આવી છે. ભોગ બનનાર સગીરાની આરોપી સાથે ઈન્સ્ટાગ્રામ પર વાતચીત શરૂ થઈ હતી, જે બાદ બંને વચ્ચે મિત્રતા થઈ હતી. આરોપીએ આ મિત્રતાનો ગેરલાભ ઉઠાવી સગીરાને પ્રેમજાળમાં ફસાવી પોતાની સાથે લઈ જવાનું કાવતરું ઘડ્યું હતું. આરોપીએ સગીરાને લગ્ન કરવાની લાલચ આપી તેનું સુરતથી અપહરણ કર્યું હતું અને તેને પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકા સ્થિત મીરાપુર ગામે લઈ ગયો હતો. ત્યાં આરોપીએ સગીરાની મરજી વિરુદ્ધ જબરજસ્તીથી તેની સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. આટલું જ નહીં, આરોપીએ કોઈને પણ આ બાબતે જાણ ન કરવા અંગે સગીરાને જાનથી મારી નાખવાની ગંભીર ધમકી પણ આપી હતી.



સમગ્ર મામલે સગીરાના પરિવારે લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણ, દુષ્કર્મ અને ધમકી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. લિંબાયત પોલીસે બનાવની ગંભીરતા સમજી ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી અને આરોપીનું પગેરું મેળવવા અલગ-અલગ ટીમો બનાવી કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે મળેલી ચોક્કસ બાતમીના આધારે પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે દરોડો પાડી આરોપી સુરેશભાઈ લિંબાભાઈ ખાંટ (ઉ.વ. 22, ધંધો-મજૂરી, રહે. ખાંટ ફળિયું, જૂના મીરાપુર, તા. શહેરા, જી. પંચમહાલ)ને ઝડપી પાડ્યો છે.

# રૂ 1.35 કરોડના ઊંચા વ્યાજે આપેલા નાણાં સામે પઠાણી ઉઘરાણી: સુરતના બિલ્ડરને વ્યાજના ચક્કરમાં ફસાવી ₹1 કરોડના બે ફ્લેટ પડાવ્યા, છતાં ₹7 કરોડની ખંડણી માંગી

**સુરત, તા.19**

સુરત શહેરમાં વ્યાજખોરોનો ત્રાસ દિન-પ્રતિદિન બેફામ બની રહ્યો છે. ડભોલી વિસ્તારમાં રહેતા અને જમીન-કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા બિલ્ડર પરિવારને ઊંચા વ્યાજે નાણાં ધીરી વ્યાજનું વ્યાજ ગણી 1 કરોડના બે લક્ઝુરિયસ ફ્લેટ પડાવી લીધા બાદ પણ વધુ 1.87 કરોડથી 7 કરોડ સુધીની પઠાણી ઉઘરાણી કરી સોપારી આપી જાનથી મારી નાખવાની ધમકી આપવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે સિંગણપોર-ડભોલી પોલીસ મથકે કુખ્યાત વ્યાજખોર કિરીટ વાઘાણી સામે ગુનો નોંધાયો છે.

ડભોલી ગામ, એસ.એમ.સી. ગાર્ડન સામે સરોવર હાઈટ્સમાં રહેતા 33 વર્ષીય બિલ્ડર ઈશાન ઘનશ્યામભાઈ કેવડીયાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમના પિતા ઘનશ્યામભાઈ સાથે વર્ષ 2018થી આરોપી કિરીટ નાથુભાઈ વાઘાણીનો મિત્રતાભર્યો સંબંધ હતો. કિરીટ વાઘાણી નાણાં




ધીરધારનો ધંધો કરતો હોવાથી તેણે મુંબઈ ખાતે પ્રોજેક્ટ હોવાનું જણાવી નાણાંની જરૂરિયાત ઊભી કરી હતી. ત્યારબાદ જરૂર પડ્યે ફરિયાદીના પિતાને દર મહિને 1.50% થી 2.25% સુધીના તોતિંગ વ્યાજે ટુકડે-ટુકડે કુલ 1,35,25,000 આપ્યા હતા.

ફરિયાદી પરિવારે નિયમિતપણે તોતિંગ વ્યાજ સહિત મુદલની રકમ ચૂકવી હોવા છતાં વ્યાજખોરે હિસાબની આંટીઘૂંટીમાં 88,10,000 લેવાના બાકી નીકળે છે તેમ દર્શાવ્યું હતું. આ બાકી રકમ સામે કિરીટ વાઘાણીએ દબાણ કરીને નક્ષત્ર પ્રોજેક્ટમાં આવેલા 50-50 લાખની બજાર કિંમતના બે ફ્લેટ (નંબર N-1202 અને N-1203 - કુલ કિંમત 1 કરોડ) પોતાના મળતિયા દિલીપભાઈ વાઘાણીના નામે દસ્તાવેજ કરાવી પડાવી લીધા હતા.

આશ્ચર્યજનક રીતે 88.10 લાખના દેવા સામે 1 કરોડના બે ફ્લેટ પોતાના નામે લખાવી લીધા બાદ પણ વ્યાજખોર કિરીટ વાઘાણીએ સંતોષ માન્યો ન હતો. તેણે 'હજુ 38 લાખ બાકી નીકળે છે' તેમ કહી તેના પર ચક્રવૃદ્ધિ વ્યાજનું વ્યાજ ગણી કરોડો રૂપિયાનું લેણું ઊભું કરી દીધું હતું.

વ્યાજખોર કિરીટ વાઘાણીએ ફરિયાદીની ઓફિસે અવારનવાર 10 થી 15 અજાણ્યા અસામાજિક તત્વોને મોકલી પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી. તેણે ક્યારેક 1,87,00,000 તો ક્યારેક 6 થી 7 કરોડની તોતિંગ રકમની ગેરકાયદે માંગણી કરી હતી. જો આ નાણાં નહીં ચૂકવે તો ખોટા કેસમાં ફસાવી દેવાની તેમજ પાંચ હજાર મા ટ્રક વાળા મળે તેના દ્વારા ઉડાવી દઈ જાનથી મારી નાખવાની ગંભીર ધમકીઓ આપી હતી.

સતત મળતી ધમકીઓ અને વ્યાજના વિષચક્રથી ત્રસ્ત થઈ આખરે ઈશાન કેવડીયાએ સિંગણપોર-ડભોલી પોલીસ મથકે કિરીટ નાથુભાઈ વાઘાણી વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી પી.આઈ.ના માર્ગદર્શન હેઠળ આરોપીની ધરપકડ માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# સાબરમતીથી શ્રી માતા વૈષ્ણો દેવી કટરા જનારા યાત્રીઓ માટે મોટી ખુશખબર

## ટ્રેન નંબર 19223 નું શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સુધી વિસ્તરણ, સામ્બા, બાડી બ્રાહ્મણ અને શહીદ કપ્તાન તુષાર મહાજન પર અતિરિક્ત સ્ટોપેજ

**અમદાવાદ, તા.19**

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખતાં સાબરમતી અને જમ્મુ તવી વચ્ચે ચાલનારી ટ્રેન નંબર 19223 ને શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સુધી વિસ્તારિત કરવામાં આવી છે. આનાથી માતા વૈષ્ણો દેવીના દર્શન માટે જનારા યાત્રીઓને સીધી કટરા સુધી રેલવે સેવા ઉપલબ્ધ થશે. જેની વિગતો નીચે મુજબ છે :

ટ્રેન નંબર 19223 સાબરમતી-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ સાબરમતીથી 18 ઓક્ટોબર 2026 થી દરરોજ 10:25 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે 18:55 કલાકે શ્રી માતા વૈષ્ણો દેવી કટરા પહોંચશે. પરતમાં ટ્રેન નંબર 19224 શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-સાબરમતી એક્સપ્રેસ શ્રી માતા વૈષ્ણો દેવી કટરાથી 20 ઓક્ટોબર 2026 થી દરરોજ 04:50 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે 14:05 કલાકે સાબરમતી પહોંચશે.

ટ્રેન નંબર 19223 સાબરમતી-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસનો પાલનપુર રેલવે સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય 13:20 કલાકે અને 13:22 કલાકે રહેશે.

આ ટ્રેનના વિસ્તરણની સાથે યાત્રીઓની સુવિધા માટે સામ્બા, બાડી બ્રાહ્મણ અને શહીદ કપ્તાન તુષાર મહાજન સ્ટેશનો પર વધારાના સ્ટોપેજ પણ આપવામાં આવ્યા છે.

ટ્રેન નંબર 19415 સાબરમતી-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસના સમયમાં ફેરફાર

ટ્રેન નંબર 19415 સાબરમતી-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસના સમયમાં 25 ઓક્ટોબર 2026 થી ફેરફાર કરવામાં આવ્યા છે. ફેરફાર કરાયેલા સમય મુજબ, જમ્મૂ તવી સ્ટેશન પર ટ્રેનના આગમન અને પ્રસ્થાન ક્રમશઃ 04:05 કલાકે અને 04:15 કલાકે રહેશે, જ્યારે શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સ્ટેશન પર ટ્રેનનું આગમન 06:25 કલાકે થશે.

ટ્રેન નંબર 12473 ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સર્વોદય એક્સપ્રેસના સમયમાં ફેરફાર

ટ્રેન નંબર 12473 ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સર્વોદય એક્સપ્રેસના સમયમાં 24 ઓક્ટોબર 2026 થી ફેરફાર કરવામાં આવ્યા છે. ફેરફાર કરાયેલા સમય મુજબ, જમ્મૂ તવી સ્ટેશન પર ટ્રેનના આગમન અને પ્રસ્થાન ક્રમશઃ 14:32 કલાકે અને 14:37 કલાકે રહેશે.

ટ્રેન નંબર 19223 અને 12473 નું બુકિંગ 21 ઓગસ્ટ, 2026 થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ઉપલબ્ધ થશે.

ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચનાથી સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ધંધુકાના ગલસાણા ગામે પ્રાકૃતિક કૃષિ નિષ્ણાતો અને પ્રતિનિધિઓની વિશેષ મુલાકાત યોજાઈ

## ■ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન સાથે ખેડૂતોને યોગ્ય બજાર અપાવવા કૃષિ અધિકારીઓ, યુનિવર્સિટી ટીમ અને APMC ચેરમેનનું સંયુક્ત મંથન

**અમદાવાદ, તા.19**

ધંધુકા તાલુકાના ગલસાણા ગામે રાઘવજીભાઈ ખડસલીયાના 'લક્ષ્મી પ્રાકૃતિક ફાર્મ' ખાતે પ્રાકૃતિક ખેતી, કૃષિ તંત્ર અને માર્કેટિંગ વ્યવસ્થાનો એક અનોખો 'ત્રિવેણી સંગમ' જોવા મળ્યો હતો.

શૂન્ય ખર્ચ આધારિત અને ગાય આધારિત ખેતી કરતા ખેડૂતો પોતાની ગુણવત્તાયુક્ત પેદાશોનું યોગ્ય રીતે માર્કેટિંગ અને વેચાણ કેવી રીતે કરી શકે તે દિશામાં આ મુલાકાત અત્યંત ફળદાયી રહી હતી. અહીં એક જ સ્થળે ખેડૂતો, કૃષિ નિષ્ણાતો અને બજાર વ્યવસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ માટે એકત્ર થયા હતા.



આ વિશેષ મુલાકાત દરમિયાન ગુજરાત રાજ્ય સરકારના સંયુક્ત ખેતી નિયામક શ્રી એમ. એસ. દવે, અમદાવાદ જિલ્લા પંચાયત ખેતીવાડી અધિકારી શ્રી એચ. આઈ. પટેલ, ધોળકા વિભાગના શ્રી રવિન્દ્રસિંહ રાઠોડ, તાલુકા પંચાયત ખેતીવાડી વિસ્તરણ અધિકારી શ્રી જે. બી. ઠાકોર તેમજ સ્થાનિક ગ્રામ સેવકો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ સાયન્સ યુનિવર્સિટી તરફથી શ્રી નારસંગભાઈ મોરી અને તેમની ટીમે પણ ફાર્મની મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓનું નિરીક્ષણ કર્યું હતું.

ખેડૂતોને હંમેશા સતાવતી મુખ્ય સમસ્યા એટલે કે ઉત્પાદન પછી માર્કેટિંગ અને યોગ્ય ભાવ મેળવવાની બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધંધુકા APMC ચેરમેન શ્રી ચેતનસિંહ, શ્રી વિજયસિંહ બારડ, અડવાળ ગામના સરપંચ શ્રી જયરાજસિંહ ઝાલા, અમદાવાદ જિલ્લા પ્રાકૃતિક કૃષિ સહસંયોજક શ્રી મનહરસિંહ રાણા તેમજ ધંધુકા તાલુકા પ્રાકૃતિક કૃષિ ટીમના શ્રી કુલદીપ જાદવ અને શ્રી મનોજ બાવળીયા ખાસ હાજર રહ્યા હતા.

ધંધુકા તાલુકાને પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે સમગ્ર અમદાવાદ જિલ્લામાં અવ્વલ સ્થાને પહોંચાડવાના સંકલ્પ સાથે કાર્યરત સ્થાનિક ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવો અને અધિકારીઓએ ગાય આધારિત ખેતી પદ્ધતિની પ્રશંસા કરી ખેડૂતોને પ્રાકૃતિક પેદાશોના વેચાણ અને સીધા ગ્રાહક જોડાણ માટે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# અમદાવાદ-ભાગલપુર વચ્ચે સાપ્તાહિક અમૃત ભારત એક્સપ્રેસનું નિયમિત સંચાલન

**અમદાવાદ, તા.19**

પશ્ચિમ રેલવે દ્વારા 09447/09448 અમદાવાદ-પટના-અમદાવાદ સાપ્તાહિક ક્લોન સ્પેશિયલ ટ્રેનને નિયમિત કરતાં ટ્રેન નંબર 19423/19424 અમદાવાદ-ભાગલપુર-અમદાવાદ સાપ્તાહિક અમૃત ભારત એક્સપ્રેસ તરીકે સંચાલિત કરવામાં આવશે. ટ્રેન નંબર 19423 ની નિયમિત સેવા 26 ઓગસ્ટ 2026 થી તથા ટ્રેન નંબર 19424 ની નિયમિત સેવા 28 ઓગસ્ટ 2026 થી પ્રભાવી થશે.

ટ્રેન નંબર 19423 અમદાવાદ-ભાગલપુર અમૃત ભારત એક્સપ્રેસ દરેક બુધવારે અમદાવાદથી 18:30 કલાકે પ્રસ્થાન કરશે તથા શુક્રવારે 06:40 કલાકે ભાગલપુર પહોંચશે. પરતમાં ટ્રેન નંબર 19424 ભાગલપુર-અમદાવાદ અમૃત ભારત એક્સપ્રેસ દરેક શુક્રવારે ભાગલપુરથી 16:45 કલાકે પ્રસ્થાન કરશે તથા રવિવારે 05:25 કલાકે અમદાવાદ પહોંચશે.

મુખ્ય સ્ટોપેજ

આ ટ્રેન માર્ગમાં બંને દિશાઓમાં આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, હિંડૌન સિટી, બયાના, ઈદગાહ આગરા, ટૂંડલા, ગોવિંદપુરી, સૂબેદારગંજ, પં. દીન દયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પટના, બખ્તિયારપુર, મોકામા, કિઊલ, અભયપુર, જમાલપુર તથા સુલ્તાનગંજ સ્ટેશનો પર રોકાશે.



આ ટ્રેનમાં સેકન્ડ ક્લાસ સ્લીપર, જનરલ ક્લાસ અને રસોઈ યાન કોચ હશે.

ટ્રેન નંબર 19423 નું બુકિંગ 21 ઓગસ્ટ, 2026 થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.

આ નિયમિત સેવાથી ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહારના મુખ્ય શહેરો વચ્ચે રેલવે સંપર્કને વધુ ઉત્તમ બનાવવાની સાથે-સાથે યાત્રીઓને સુવિધાજનક સાપ્તાહિક રેલવે સેવા ઉપલબ્ધ થશે.

ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચનાથી સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ઈન્સ્ટાગ્રામ પર પોલીસને બેફામ ગાળો આપતો વીડિયો મૂક્યો: સુરતમાં એમ્બ્રોડરી વર્કર્સના તોફાનમાં પથ્થરમારા બાદ લાઠીચાર્જ સમયે સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ કરનાર સામે ગુનો દાખલ

**સુરત, તા.19**

સુરત શહેરમાં સોશિયલ મીડિયાના માધ્યમથી પોલીસ પ્રશાસન અને અન્ય નાગરિકો વિરુદ્ધ અભદ્ર અને બીભત્સ ભાષાનો પ્રયોગ કરી વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરનાર એક શખ્સ સામે અમરોલી પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. ઈન્સ્ટાગ્રામ પર પોલીસ કર્મચારીઓને જાહેરમાં ગાળો આપતો વીડિયો અપલોડ કરનાર મોનુ યાદવ નામના ઈસમ સામે પોલીસે કડક કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

અમરોલી પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા રવિરાજસિંહ હરિસિંહ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, સુરત શહેર અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં કારખાનેદારો તથા એમ્બ્રોડરી કામદારો વચ્ચે માંગણીઓને લઈને ચાલતા વિવાદ તેમજ હડતાળને પગલે કોઈ અસામાજિક તત્વો ઉશ્કેરણીજનક પ્રવૃત્તિ ન કરે તે



માટે પોલીસ સતત પેટ્રોલિંગ અને ટેકનિકલ સર્વેલન્સ કરી રહી હતી.

પોલીસ સ્ટાફ વેડરોડ ચોકડી પાસે પેટ્રોલિંગ અને સર્વેલન્સમાં હતો, તે દરમિયાન સોશિયલ મીડિયા મોનિટરિંગ દરમિયાન monu_yadav નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી પોસ્ટ કરવામાં આવેલો એક રીલ ધ્યાને આવી હતી. જેમાં એક શખ્સ પથ્થરમારા બાદ કરવામાં આવેલા લાઠીચાર્જ સમયનો વીડિયો બનાવી પોલીસ વિભાગ તથા અન્ય લોકોને ઉદ્દેશીને જાહેરમાં અત્યંત ગંદી અને બીભત્સ ગાળો બોલી રહ્યો હતો.

સોશિયલ મીડિયા પર આવા અશોભનીય કૃત્યથી પોલીસની છબી ખરડાતી હોવાથી તેમજ જાહેર શાંતિ જોખમાતી હોવાથી અમરોલી પોલીસે આ મામલે તાત્કાલિક નોંધ લીધી હતી. આ બનાવ સંદર્ભે ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક મોનુ યાદવ વિરુદ્ધ કાયદેસરનો ગુનો દાખલ કર્યો છે.

# 'કોહલી મારા ભાઈ જેવો છે': ખરાબ સમયમાં વિરાટની આ સલાહે પી વી સિંધુની જિંદગી બદલી નાંખી.....

**નવી દિલ્હી, તા.19**




ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી પી વી સિંધુએ ક્રિકેટ દિગ્ગજ વિરાટ કોહલી સાથેના પોતાના ખાસ સંબંધોનો ખુલાસો કર્યો છે. તે કોહલીને પોતાના ભાઈ જેવો માને છે. બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પી વી સિંધુએ જણાવ્યું કે, કરિયરના સૌથી મુશ્કેલ સમયમાં જ્યારે હું નિરાશ હતી, ત્યારે વિરાટ કોહલીએ મને કોર્ટ પર માત્ર પોતાની રમત રમવાની સલાહ આપી હતી. પી વી સિંધુના જણાવ્યા પ્રમાણે વિરાટ કોહલીની આ સલાહે તેનો દ્રષ્ટિકોણ સંપૂર્ણપણે બદલી નાંખ્યો.

નવી દિલ્હીમાં આયોજિત BWF વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લઈ રહેલી પી વી સિંધુએ RCB પોડકાસ્ટના નવા એપિસોડમાં વિરાટ કોહલી સાથેના પોતાના સંબંધો વિશે વાત કરી હતી. બે વખતની IPL ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ પોતાના X હેન્ડલ પર આ નવા એપિસોડનું ટીઝર શેર કર્યું છે.

પી વી સિંધુએ પોતાના કરિયરના મુશ્કેલ તબક્કામાં વિરાટ પાસેથી મળેલી સલાહ વિશે ચર્ચા કરતા કહ્યું કે, 'ભારતીય બેટ્સમેને મને મેચ અને ટ્રેનિંગ માટે મેદાન પર ઉતરવા અને પોતાની સ્વાભાવિક રમત રમવાની સલાહ આપી હતી. તે મારા ભાઈ જેવો છે. મને યાદ છે કે, જ્યારે હું મારા કરિયરના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહી હતી ત્યારે હું તેમને મળી હતી અને કહ્યું હતું કે કંઈ પણ સારું થઈ રહ્યું નથી. તેમણે કહ્યું કે કોઈ વાંધો નહીં, બસ મેદાન પર જાઓ અને પોતાની રમત રમો.'

પી વી સિંધુએ પોતાની વાત આગળ વધારતા કહ્યું કે, 'વિરાટ કોહલીએ કહ્યું હતું તમને જ્યાં પણ અને જ્યારે પણ તક મળે બસ ત્યાં જાઓ અને પોતાની રમત રમો. વધુમાં વધુ શું થશે? કારણ કે તમે કંઈ ગુમાવવા નથી જઈ રહ્યા. તમે જાણો છો કે તમે શું છો અને તમે કેટલી મહેનતથી તૈયારી કરી છે. બસ દુનિયાને બતાવો કે તમે કોણ છો. વિરાટ કોહલીની આ વાત મારા દિલને સ્પર્શી ગઈ અને તે સલાહે મારો દ્રષ્ટિકોણ સંપૂર્ણપણે બદલી નાંખ્યો.

પી વી સિંધુએ જણાવ્યું કે, 'હું વિરાટ કોહલીના સંપર્કમાં રહું છું અને જ્યારે પણ જીત મળે છે ત્યારે પોતાની ખુશી તેમની સાથે શેર કરું છું. જ્યારે પણ હું જીતું છું ત્યારે તેમને જણાવું છું કે મેં આ કે તે જીત્યું છે. તાજેતરમાં પણ હું તેમને મળી હતી. જે વ્યક્તિએ આટલું બધું મેળવ્યું છે, તેમને મળવું હંમેશા સારું લાગે છે. તેમનાથી શીખવા મળે છે. તેઓ કઈ રીતે વિચારે છે, મેદાન પર કેવી રીતે ઉતરે છે, કેવી રીતે રમે છે, આ બધામાંથી ઘણું બધું શીખવા મળે છે. તેમને મારા સેલ્યુટ છે.'

પી વી સિંધુએ વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં મહિલા સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં આયર્લેન્ડની સોફિયા નોબલ સામે ઉત્કૃષ્ટ રમત બતાવી અને 21-7, 21-11 થી જીત મેળવી. વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં પી વી સિંધુનો રેકોર્ડ ખૂબ જ શાનદાર રહ્યો છે. તે વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં પાંચ વખતની મેડલ વિજેતા છે. પી વી સિંધુએ ટૂર્નામેન્ટમાં મહિલા સિંગલ્સમાં સૌથી વધુ મેડલ (એક ગોલ્ડ, બે સિલ્વર અને બે બ્રોન્ઝ) જીતવાના મામલે ચીનની ઝાંગ નિંગની બરાબરી કરી છે.

વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ભારતે 49 વર્ષમાં 15 મેડલ જીત્યા છે. પ્રકાશ પાદુકોણથી શરૂ થયેલો સફર પી વી સિંધુ, સાઈના નહેવાલ, અને સાત્વિક-ચિરાગ સુધી પહોંચી.

# જાડેજાના નામે નોંધાયો શરમજનક રેકોર્ડ! ટેસ્ટમાં બીજા બોલરો કરતાં બમણા નો-બોલ ફેંક્યા

**નવી દિલ્હી, તા.19**



રવીન્દ્ર જાડેજાની ગણતરી એવા ખેલાડીઓમાં થાય છે જે ઝડપથી પોતાની ઓવર પૂરી કરીને નીકળી જાય છે. પરંતુ આ જ જાડેજાના નામે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ 'નો-બોલ' ફેંકવાનો રેકોર્ડ પણ નોંધાયેલો છે. સાંભળવામાં થોડું અજીબ લાગે છે ને? ઝડપથી ઓવર પૂરી કરતો બોલર આખરે સૌથી વધુ નો-બોલ કેવી રીતે ફેંકી શકે? આંકડાઓએ ખૂબ જ રસપ્રદ સ્ટોરી અહીં રજૂ કરી છે. તો ચાલો જાણીએ જાડેજાના સૌથી વધુ નો-બોલ ફેંકવાના આંકડા શું છે.

2021થી જો આંકડાઓ પર નજર કરવામાં આવે તો, સ્પિનર તરીકે સૌથી વધુ ટેસ્ટ નો-બોલ રવીન્દ્ર જાડેજાના નામે જ જોવા મળે છે. ભારતીય ખેલાડી 84 નો-બોલ સાથે પ્રથમ સ્થાને છે. આ યાદીમાં પાકિસ્તાનના નૌમાન અલી બીજા નંબર પર છે, જેમણે 40 નો-બોલ ફેંક્યા છે. જાડેજા અને નૌમાન વચ્ચે બમણાથી પણ વધુનો તફાવત છે. આ રીતે જાડેજાના નામે સૌથી વધુ નો-બોલનો શરમજનક રેકોર્ડ નોંધાઈ ચૂક્યો છે.

ભારતીય ટીમ હાલમાં ગૉલ ખાતે શ્રીલંકા સામે 2 મેચોની ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચ રમી રહી છે. મેચમાં શ્રીલંકાની પ્રથમ ઈનિંગ્સ દરમિયાન જાડેજાએ 3 વિકેટ ઝડપી હતી. આ દરમિયાન તેણે 21 ઓવરમાં 57 રન આપ્યા હતા. આ સાથે જ જાડેજાએ ટેસ્ટ ક્રિકેટમાં 350 વિકેટનો આંકડો પાર કરી લીધો છે. તે ભારત માટે ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેનાર 5મો બોલર બની ગયો છે.

જાડેજા ટીમના અનુભવી ખેલાડીઓમાં સામેલ છે. તેણે 2012માં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. તે ભારત માટે ત્રણેય ફોર્મેટ રમતો ખેલાડી રહ્યો છે. જોકે 2024 T20 વર્લ્ડ કપ પછી જાડેજાએ T20 ઈન્ટરનેશનલમાંથી સંન્યાસ લઈ લીધો હતો. હવે તે ટીમ ઈન્ડિયા માટે માત્ર ટેસ્ટ અને વન-ડે ફોર્મેટમાં જ ઉપલબ્ધ છે.

# દારૂ પીને ગાડી ચલાવતો ઝડપાયો સ્ટાર ક્રિકેટર! કોર્ટે ફટકાર્યો દંડ, કારમાં ખાસ ડિવાઈસ પણ લગાવવું પડશે

**નવી દિલ્હી, તા.19**



ઓસ્ટ્રેલિયાના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન ડેવિડ વોર્નરને સિડનીની વેવરલી લોકલ કોર્ટે ડ્રિંક એન્ડ ડ્રાઈવના કેસમાં દોષિત ઠેરવ્યા છે. 39 વર્ષીય વોર્નર પર કાનૂની મર્યાદા કરતાં બમણાથી વધુ દારૂ પીને કાર ચલાવવાનો આરોપ સાબિત થયો છે. આ મામલે કોર્ટે તેમને 1,500 ઓસ્ટ્રેલિયન ડોલર (આશરે 1 લાખ ભારતીય રૂપિયા) નો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, હવેથી કાર ચલાવવા માટે વોર્નરે પોતાની ગાડીમાં ખાસ 'ઈન્ટરલોક ડિવાઈસ' (બ્રેથ એનાલાઈઝર) લગાવવું પડશે, જે તેમના શરીરમાં દારૂનું પ્રમાણ જણાશે તો કારને સ્ટાર્ટ થવા દેશે નહીં.

આ ઘટના ગત 5 એપ્રિલે ઈસ્ટર સનડેના દિવસે ઘટી હતી. વોર્નર કાર ચલાવી રહ્યા હતા ત્યારે અચાનક રેન્ડમ બ્રેથ-ટેસ્ટિંગ સાઈટ નજીક પહોંચતા જ તેમણે એક સહ-મુસાફર સાથે સીટ બદલવાનો પ્રયાસ કર્યો હતો. તપાસ દરમિયાન તેમના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ કાયદાકીય મર્યાદા કરતાં બમણાથી વધુ મળી આવ્યું હતું. જજ ક્લેયર ફોર્નને ચુકાદો આપતાં નોંધ્યું હતું કે લોકોમાં દારૂ પીને ગાડી ચલાવવાની પ્રવૃત્તિ અટકાવવી અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને જ્યારે ઘટના સમયે કારમાં બાળકો પણ સવાર હતા, ત્યારે આ ગુનો વધુ ગંભીર બની જાય છે. વોર્નરના વકીલ અવેશ અહમદે કોર્ટમાં દલીલ કરી હતી કે ગ્લોબલ મીડિયા આઉટલેટ્સમાં આ ઘટનાના સમાચાર પ્રસારિત થવાથી અને સોશિયલ મીડિયા પર વોર્નર તથા તેમની પત્ની કેન્ડિસ સામે થયેલી ક્રૂર ટીકાઓથી તેમના અસીલને અગાઉથી જ માનસિક શિક્ષા મળી ચૂકી છે.

# હોકી વર્લ્ડ કપમાં 16 વર્ષ પછી ભારત-પાક મહામુકાબલો: 53 વર્ષ જૂના ઈતિહાસનું પુનરાવર્તન કરવા ઉતરશે ટીમ ઈન્ડિયા!

**નવી દિલ્હી, તા.19**



હોકીના સૌથી મોટા મંચ FIH વર્લ્ડ કપમાં બુધવાર (19 ઓગસ્ટ) ના રોજ ભારત અને પાકિસ્તાન ફરી એકવાર આમને-સામને ટકરાશે. નેધરલેન્ડ્સનું ઐતિહાસિક વેગનર સ્ટેડિયમ પાંચ દાયકા પછી આ હાઈ-વોલ્ટેજ મુકાબલાની યજમાની કરવા માટે તૈયાર છે. આ જ મેદાન પર 31 ઓગસ્ટ 1973ના રોજ રમાયેલા વર્લ્ડ કપના સેમિ ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને 1-0થી માત આપી હરાવ્યુ હતું, જ્યાં બીપી ગોવિંદાએ 62મી મિનિટે ગોલ ફેંક્યો હતો. ભારતને આગામી રાઉન્ડમાં પહોંચવા માટે આવા જ કારનામાનું પુનરાવર્તન કરવું પડશે. વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની ટક્કર પૂરા 16 વર્ષના લાંબા ઈંતજાર બાદ થઈ રહી છે. આ પહેલાં છેલ્લે બંને ટીમો 2010માં નવી દિલ્હી વર્લ્ડ કપમાં આમને-સામને આવી હતી, જેમાં રાજપાલ સિંહની આગેવાની હેઠળની ભારતીય ટીમે પાકિસ્તાનને 4-1થી પરાજય આપ્યો હતો. છેલ્લા એક દાયકાથી પાકિસ્તાન સામે અજેય રહેલી ભારતીય ટીમ માટે આ મુકાબલો કરો યા મરો સમાન બની ચૂક્યો છે.

ટૂર્નામેન્ટના પોતાના પ્રથમ મુકાબલામાં ભારતે વેલ્સને 3-1થી હરાવ્યું હતું. પરંતુ ઈંગ્લેન્ડ સામેની બીજી મેચમાં પ્રથમ હાફમાં 2-1ની લીડ મેળવ્યા છતાં ટીમ ઈન્ડિયાને ડિફેન્સની ભૂલોને કારણે 2-4થી હારનો સામનો કરવો પડ્યો હતો. હવે આગામી રાઉન્ડમાં સ્થાન પાક્કું કરવા માટે ભારતીય ટીમે પોતાના ડિફેન્સને મજબૂત રાખીને પાકિસ્તાન સામે જીત અથવા ઓછામાં ઓછો ડ્રો હાંસલ કરવો પડશે.

હોકી વર્લ્ડ કપના ઈતિહાસમાં બંને ટીમો વચ્ચે અત્યાર સુધી કુલ 5 મુકાબલા રમાયા છે. આ મેચો વર્ષ 1971, 1973, 1975, 1986 અને 2010માં રમાઈ હતી. આ દરમિયાન ભારતે 3 મુકાબલા પોતાના નામે કર્યા છે અને 2 મેચ પાકિસ્તાનની ટીમે જીતી છે. આ 5 મેચોમાં ભારતે પાકિસ્તાન સામે કુલ 10 ગોલ કર્યા છે. સંદીપ સિંહ વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ભારત તરફથી ટોપ સ્કોરર છે, જેમણે 2010ની મેચમાં પેનલ્ટી કોર્નર દ્વારા બે ગોલ કર્યા હતા.

# શૂટિંગ દરમિયાન કાર્તિક આર્યન ગંભીર રીતે ઈજાગ્રસ્ત, ઘૂંટણમાં વાગતાં હોસ્પિટલમાં દાખલ

**મુંબઈ, તા.19**



બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન જાણીતા ડિરેક્ટર કબીર ખાનની આગામી અનટાઈટલ્ડ સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મના શૂટિંગ દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. મુંબઈમાં ફિલ્મના શૂટિંગના અંતિમ તબક્કા દરમિયાન તેના ઘૂંટણમાં ગંભીર ઈજા થઈ છે, જેના પગલે તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને ટૂંક સમયમાં તેના ઘૂંટણની સર્જરી કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ, ફિલ્મનું શૂટિંગ પૂર્ણતાના આરે હતું અને છેલ્લા 2 દિવસ માટે મહત્ત્વપૂર્ણ એક્શન દૃશ્યો શૂટ કરવાના બાકી રાખવામાં આવ્યા હતા. કાર્તિક આ ખાસ સીન માટે એક્શન કોચ સાથે સઘન ટ્રેનિંગ લઈ રહ્યો હતો. જોકે, એક્શન સીનના શૂટિંગ દરમિયાન અચાનક તેના ઘૂંટણમાં ગંભીર ઈજા પહોંચી હતી.

ઈજા બાદ કાર્તિકને તાત્કાલિક મુંબઈની ફોર્ટિસ રહેજા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. પ્રોડક્શન સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, ડોક્ટરો આગામી 1થી 2 દિવસમાં તેના ઘૂંટણની સર્જરી કરશે. સર્જરી બાદ કાર્તિકને સંપૂર્ણપણે સાજા થવા માટે થોડા દિવસો આરામ કરવાની સલાહ આપવામાં આવશે, ત્યારબાદ જ તે શૂટિંગના સેટ પર પરત ફરી શકશે.

ઉલ્લેખનીય છે કે, કબીર ખાન અને કાર્તિક આર્યનની સાથે આ બીજી ફિલ્મ છે. આ અગાઉ બંનેએ સ્પોર્ટ્સ બાયોપિક ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન'માં સાથે કામ કર્યું હતું. 'ચંદુ ચેમ્પિયન'માં શાનદાર અભિનય માટે કાર્તિક આર્યને તાજેતરમાં બેસ્ટ એક્ટરનો નેશનલ ફિલ્મ એવોર્ડ પણ જીત્યો છે. આ સફળતા બાદ તેણે ફિલ્મ પ્રોડક્શન ક્ષેત્રે પણ ઝંપલાવ્યું છે.

કબીર ખાનની સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ ઉપરાંત કાર્તિક આર્યન પાસે અન્ય મોટા પ્રોજેક્ટ્સ પણ લાઈનઅપમાં છે: નાગઝિલા: કરણ જોહર દ્વારા નિર્મિત અને મૃગદીપ સિંહ લાંબા દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'નાગઝિલા'માં તે જોવા મળશે.

કેપ્ટન ઈન્ડિયા: આ ફિલ્મમાં કાર્તિક એક પાઈલટની મુખ્ય ભૂમિકા ભજવતો નજરે પડશે. સર્જરી અને રિકવરી બ્રેક બાદ કાર્તિક આ તમામ ફિલ્મોનું બાકીનું કામ પૂર્ણ કરવા સેટ પર વાપસી કરશે.

# એક્તા કપૂર હવે ટીવીને બદલે મોટા પડદા માટે નાગીન ફિલ્મ બનાવશે

## ટીવી પર નાગિન સીરિયલની સાત સીઝન આવી, 11 વર્ષ સુધી ચાલી હતી





**મુંબઈ, તા.19**

એક્તા કપૂરે નાગિન ફિલ્મ આવી રહી હોવાના સંકેતો આપ્યા છે. એક્તાએ તેની ટીવી સિરિયલ્સમાં નાગિનની ભૂમિકાઓ ભજવનારી વિવિધ એક્ટ્રેસીસના શોટ ભેગાં કરેલી બનાવેલો વિડિયો શેર કરી જણાવ્યું હતું કે કશુંક વધુ રોમાંચક આવી રહ્યું છે. હેપી નાગપંચમી.

એક્તાએ નાગપંચમીના દિવસે ઈન્સ્ટા પર વિડિયો શેર કરી જણાવ્યું હતું કે નાગિને ૧૧ વર્ષ ટીવીના નાના પડદે રાજ કર્યું છે. હવે બાલાજી ટેલિફિલ્મ્સ લિ. આ ફ્રેન્ચાઈઝીને ટીવીની પણ પેલે પાર લઈ જવા તૈયાર છે. એક્તા કપૂર નાગિન ફિલ્મમાં મુખ્ય ભૂમિકા માટે કોને પસંદ કરે છે તેના પર બધાની નજર છે.

૨૦૨૫ માં પહેલીવાર નાગિન ટીવી શ્રેણી રજૂ થઈ ત્યારે મૌની રોય અને અર્જુન બિજલાનીની જોડી તેમાં હતી. એ પછી ત્રીજી સીઝનમાં સુરભિ જ્યોતિ નાગિન બની હતી. જ્યારે ચોથી સીઝનમાં નિયા શર્મા નાગિન બની હતી પણ કોરોના મહામારીને કારણે સિરિયલ અચાનક બંધ કરી દેવી પડી હતી.

# જિંદગી ના મિલેગી દોબારા ટુ બની રહી હોવાનું કન્ફર્મ

## જોકે, ફિલ્મના કલાકારો કે શૂટિંગ શિડયૂલ વિશે હાલ કોઈ માહિતી નહીં

**મુંબઈ, તા.19**




૨૦૧૧માં આવેલી હૃતિક, અભય દેઓલ તથા ફરહાન અખ્તર અને કેટરિના કૈફની હીટ ફિલ્મ 'જિંદગી ના મિલેગી દોબારા' ફિલ્મને ૫દર વર્ષ થયા તે નિમિત્તે એક ફિલ્મોત્સવમાં વાત કરતાં ઝોયા અખ્તરે ફિલ્મની સિક્વલ આવી રહી હોવાનું જણાવ્યું હતું.

ઝોયાએ જણાવ્યું હતું કે તે રીમા કાગતી સાથે મળી આ સિક્વલની સ્ટોરી ડેવલપ કરી રહી છે. જોકે, ઝોયાએ કાસ્ટિંગ કે પછી શૂટિંગ શિડયૂલ વિશે હાલ કોઈ માહિતી આપી નથી. ઝોયાએ જણાવ્યું હતું કે ફિલ્મના પાત્રો તેમની જિંદગીના વિવિધ તબક્કે પહોંચ્યા હોય અને તેમની સ્ટોરી રસપ્રદ બની રહેશે તો જ પ્રોજેક્ટ આગળ વધશે. જો અમને લાગશે કે બધું બરાબર છે અને આ પાત્રોને આજે મળવાની મજા આવશે તો અમે આગળ વધીશું.દરમ્યાન ઝોયાએ ફોડ પાડયો હતો કે ફિલ્મમાં નતાશાનું પાત્ર ભજવનાર કલ્કિ કોચલીન ફિલ્મની ખલનાયિકા નહોતી.

'જિંદગી ના મિલેગી દોબારા' ફિલ્મનું નિર્માણ એક્સલ એન્ટરટેઈનમેન્ટ દ્વારા ૪૫ કરોડ રૂપિયાના બજેટમાં કરવામાં આવ્યું હતું. સ્પેન, ભારત અને યુકેમાં શૂટ કરવામાં આવેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ૧૫૩ કરોડ રૂપિયા રળી હીટ નીવડી હતી.

# શાહરૂખના મન્નત બંગલામાં બે સાપ નીકળ્યા: એક મળ્યો, બીજો સરકી ગયો

## જોક, હાલ બંગલાનું રિનોવેશન ચાલતું હોવાથી શાહરુખ પરિવાર અન્યત્ર ભાડે રહે છે

**મુંબઈ, તા.19**




શાહરૂખ ખાનના મુંબઈમાં બાન્દ્રા પશ્ચિમ વિસ્તારમાં આવેલાં મન્નત બંગલામાં રવિવારે બે સાપ નીકળ્યા હતા. મન્નત બંગલામાં એક સીડીની નીચે બંને સાપ ગુંચડું વળીને પડેલાં દેખાયા હતા. ઉલ્લેખનીય છે કે શાહરુખના ઘરથી થોડાં ડગલાં દૂર આવેલાં સલમાનના ગેલેક્સી એપાર્ટમેન્ટમાં પણ થોડા સમય પહેલાં સાપ નીકળ્યો હતો. મુંબઈમાં ચોમાસા દરમિયાન જુદા જુદા વિસ્તારોમાં સાપ નીકળવા બહુ સામાન્ય ગણાય છે.

સર્પમિત્ર વિકી દુબેને રવિવારે સાંજે આઠ વાગ્યાના સુમારે ફોન આવ્યો હતો કે મન્નત બંગલામાં બે સાપ નીકળ્યા છે.

વિકીએ તરત જ વન વિભાગના રાઉન્ડ ઓફિસર દિપક દાદા ગાયકવાડને તથા થાણે મુંબઈ રેન્જ ઓફિસને જાણ કરી હતી.

વનખાતાના અધિકારીઓ સાથે સર્પમિત્ર મન્નત બંગલામાં પહોંચતા તેમને આઠ ફૂટ લાંબી ધામણ દેખાતાં તેને બચાવીને કુદરતી રહેઠાણમાં છોડી મુકવામાં આવી હતી, પરંતુ લોકોની હિલચાલ થતાં બીજો સાપ સરકી ગયો હતો.

ઉલ્લેખનીય છે કે શાહરુખ હાલ મન્નત બંગલામાં બે માળ એક્ષ્ટેન્ડ કરાવી રહ્યો છે. આથી તે પરિવાર સમેત પાલી હિલમાં ડુપ્લેક્સ ફ્લેટમાં ભાડે રહેવા ગયો છે. જોકે, તેમ છતાં પણ શાહરુખના બંગલા સામે દિવસભર મોટી સંખ્યામાં ચાહકોની ભીડ જામેલી રહે છે.

# UPI પેમેન્ટથી લઈ મેન્યુફેક્ચરિંગ સુધીના નિયમો બદલાયા: રાષ્ટ્રપતિએ નવા કાયદા પર લગાવી મંજૂરીની મહોર!

નવી દિલ્હી, તા.19

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ટેક્સ અને ઓનલાઈન પેમેન્ટ સાથે જોડાયેલા મહત્ત્વપૂર્ણ નવા કાયદાઓને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. આ ફેરફારોથી વિદેશી કંપનીઓ દ્વારા ભારતમાં રોકાણ કરવા, ઈલેક્ટ્રોનિક્સ સામાનના ઉત્પાદન અને ડિજિટલ પેમેન્ટ સંબંધિત નિયમોમાં વ્યાપક બદલાવ આવશે.



કાયદા મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ, 'ટેક્સેશન એન્ડ અધર લોઝ (અમેન્ડમેન્ટ) એક્ટ, 2026' અને 'પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, 2007'માં સંશોધન કરતા એક્ટને 17 ઓગસ્ટ 2026ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળી ગઈ છે. આ બંને બિલો અગાઉ 10 ઓગસ્ટના રોજ સંસદમાં પસાર કરવામાં આવ્યા હતા અને રાષ્ટ્રપતિની મંજૂરી બાદ હવે તે કાયદાનો ભાગ બની ગયા છે.

સરકાર આ ટેક્સ કાયદાઓ દ્વારા ભારતમાં વધુ વિદેશી રોકાણ લાવવા માંગે છે. સાથોસાથ, દેશમાં ઈલેક્ટ્રોનિક્સ સામાન બનાવતી કંપનીઓને પ્રોત્સાહન આપવા અને વિદેશી ક્લાઉડ કંપનીઓ માટે ભારતના ડેટા સેન્ટર્સનો ઉપયોગ વધુ સરળ બનાવવાનો પ્રયાસ કરાયો છે. આ માટે ટેક્સ સાથે જોડાયેલા નિયમોને પહેલાં કરતાં વધુ સ્પષ્ટ અને સરળ બનાવવામાં આવ્યા છે.

MDR નક્કી કરવાની સરકારની સત્તા: આ એક્ટમાં થયેલા ફેરફાર બાદ હવે સરકાર એ નક્કી કરી શકશે કે કયા ડિજિટલ પેમેન્ટ્સ પર MDR (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) વસૂલવામાં આવશે કે નહીં. સરળ શબ્દોમાં કહીએ તો UPI અને અન્ય ઈલેક્ટ્રોનિક પેમેન્ટ્સ પર લાગતા ચાર્જ અંગેના નિયમો નક્કી કરવાનો સીધો અધિકાર હવે સરકાર પાસે રહેશે.

ગ્રાહકો માટે UPI રહેશે સંપૂર્ણ મફત: સમાચાર એજન્સી PTI અનુસાર, બિલ પર ચર્ચાનો જવાબ આપતાં કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે સ્પષ્ટતા કરી હતી કે સામાન્ય ગ્રાહકો માટે UPI પેમેન્ટ સંપૂર્ણપણે મફત રહેશે. ભવિષ્યમાં જો કોઈ પણ MDR લાગુ કરવામાં આવશે તો તે ફક્ત કેટલીક ચોક્કસ કેટેગરીના મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન્સ પર જ લાગુ થશે.

RuPay અને UPI પર વર્તમાન સ્થિતિ: હાલમાં UPI અને RuPay ડેબિટ કાર્ડ દ્વારા કરવામાં આવતા પેમેન્ટ્સ પર બેંકો અને પેમેન્ટ કંપનીઓ યુઝર્સ પાસેથી કોઈ પણ પ્રકારનો ચાર્જ લઈ શકતી નથી. હવે MDR સંબંધિત નિર્ણયો લેવામાં NPCIની અધ્યક્ષતાવાળી 'UPI એન્ડ સર્વિસીસ સ્ટીયરિંગ કમિટી' પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે.

5 જૂનના ઓર્ડિનન્સનું સ્થાન: આ નવો કાયદો ગત 5 જૂનના રોજ લાવવામાં આવેલા વટહુકમની જગ્યા લે છે. જેમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોને સરકારી બોન્ડ્સમાં રોકાણથી થતી વ્યાજની આવક અને કેપિટલ ગેઈન્સ પર ઈન્કમટેક્સમાં મુક્તિ આપવામાં આવી હતી.

ફંડ મેનેજર્સ માટે નિયમો સરળ: કાયદા હેઠળ વિદેશી રોકાણકારો અને ફંડ મેનેજર્સ માટે ભારતમાં કામગીરી શરૂ કરવી કે શિફ્ટ કરવી ઘણી સરળ બનાવવામાં આવી છે.

ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ માટે 2040-41 સુધી ટેક્સ છૂટ: ભારતમાં કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરર દ્વારા ઈલેક્ટ્રોનિક સામાન બનાવતી વિદેશી કંપનીઓને મળતી ઈન્કમટેક્સ છૂટને હવે 2040-41 સુધી લંબાવી દેવામાં આવી છે.

આવરી લેવાયેલી ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સ: એક્ટમાં સ્પષ્ટ કરાયેલી વસ્તુઓમાં મોબાઈલ ફોન, લેપટોપ, પર્સનલ કમ્પ્યુટર, ટેબ્લેટ, સર્વર તેમજ તેના મુખ્ય પાર્ટ્સ અને એક્સેસરીઝનો સમાવેશ થાય છે.

કસ્ટમ્સ વેરહાઉસ અને કમ્પોનન્ટ સપ્લાય: ઈલેક્ટ્રોનિક્સ ફેક્ટરીઓ માટે કમ્પોનન્ટ્સના પુરવઠાને સુનિશ્ચિત કરવા માટે, ભારતમાં કોઈપણ કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરરને સપ્લાય કરવા માટે કસ્ટમ્સ વેરહાઉસમાં કમ્પોનન્ટ્સ રાખતી વિદેશી કંપનીઓને 15 વર્ષ માટે ઈન્કમટેક્સમાંથી મુક્તિ આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

# ક્વિક કોમર્સ કંપની Zeptoએ ફ્રી ડિલિવરી માટે મિનિમમ ઓર્ડર વેલ્યુ વધારી દીધી, Zomatoમાં પણ ભોજન મોંઘું થશે

નવી દિલ્હી, તા.19

ભારતમાં ક્વિક કોમર્સ અને ઓનલાઈન ફૂડ ડિલિવરી ક્ષેત્રે સક્રિય કંપનીઓ દ્વારા પોતાના નિયમો અને કિંમતોમાં મહત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે, જેની સીધી અસર ગ્રાહકોના ખિસ્સા પર પડશે. ક્વિક કોમર્સ પ્લેટફોર્મ ઝેપ્ટો (Zepto) એ ગ્રાહકો માટે ફ્રી ડિલિવરી મેળવવાની મર્યાદામાં વધારો કર્યો છે. નવી નીતિ અનુસાર, હવે ગ્રાહકોએ કોઈપણ ડિલિવરી ચાર્જ ચૂકવ્યા વિના સામાન મંગાવવા માટે ઓછામાં ઓછી 199 રૂપિયાની કાર્ટ વેલ્યુ બનાવવી પડશે, જે અગાઉ માત્ર 149 રૂપિયા હતી. આ ફેરફાર બાદ ઝેપ્ટોની ફ્રી ડિલિવરી માટેની લઘુત્તમ મર્યાદા તેના અન્ય મુખ્ય સ્પર્ધકો જેવા કે બ્લિંકિટ (Blinkit) અને સ્વિગી ઈન્સ્ટામાર્ટ (Instamart) ની બરાબરી પર આવી ગઈ છે. વધુમાં, જ્યારે બજારમાં ઓર્ડરની તીવ્ર માગ એટલે કે પીક અવર્સ હોય છે, ત્યારે ફ્રી ડિલિવરી માટેની આ મિનિમમ ઓર્ડર વેલ્યુ વધીને 299 રૂપિયા સુધી પહોંચી જાય છે.



કંપની દ્વારા કરવામાં આવેલા આ નિર્ણય પાછળનું મુખ્ય આર્થિક કારણ ઓર્ડર દીઠ થતા ખર્ચને નિયંત્રિત કરવાનું છે. ઝેપ્ટો હવે માત્ર કુલ ઓર્ડરની સંખ્યા વધારવાને બદલે સરેરાશ બાસ્કેટ વેલ્યુ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સામાન્ય રીતે ખૂબ જ ઓછી કિંમતના નાના ઓર્ડર્સ પર પેકેજિંગ ચાર્જ અને ડિલિવરી પાર્ટનરનો ખર્ચ સરભર કરવો કંપનીઓ માટે પડકારજનક બની જાય છે. ડિલિવરી ચાર્જ બચાવવાના ઉદ્દેશ્યથી હવે ગ્રાહકો પોતાની કાર્ટમાં વધુ સામગ્રી ઉમેરવા માટે પ્રોત્સાહિત થશે, જેનાથી કંપનીની દરેક ફેરી દીઠ આવક અને નફાકારકતામાં સુધારો થશે.

બીજી તરફ, ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ ઝોમેટો (Zomato) પરથી ઓનલાઈન ખોરાક ઓર્ડર કરવો પણ આગામી સમયમાં 10 ટકાથી લઈને 30 ટકા સુધી મોંઘો થઈ શકે છે. આ ભાવવધારો સસ્ટેનેબલ અને બાયોડિગ્રેડેબલ પેકેજિંગ મટીરીયલના ઉપયોગને પ્રોત્સાહન આપવાના કારણે આવી શકે છે. ઝોમેટો લિમિટેડના ચીફ સસ્ટેનેબિલિટી ઓફિસરના જણાવ્યા અનુસાર, પર્યાવરણને નુકસાન પહોંચાડતા સિંગલ-યુઝ પ્લાસ્ટિક પેકેજિંગથી દૂર થઈને વધુ પર્યાવરણ-અનુકૂળ વિકલ્પો અપનાવવાથી ગ્રાહકો પર આર્થિક બોજ વધશે. વર્તમાન સમયમાં મોટાભાગનો ખોરાક પ્લાસ્ટિકના ડબ્બાઓ અથવા પ્લાસ્ટિક રેપિંગ મટીરીયલમાં ડિલિવર કરવામાં આવે છે, જેનો પેકેજિંગ ખર્ચ સામાન્ય રીતે કુલ ઓર્ડર મૂલ્યના લગભગ 5 ટકા જેટલો હોય છે અને તે ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવે છે. પર્યાવરણીય ચિંતાઓ અને ગ્રાહકોની ચૂકવણી કરવાની ક્ષમતા - આ બંને પાસાઓને ધ્યાનમાં રાખીને ગ્રીન પેકેજિંગ તરફ જવાનો નિર્ણય લેવામાં આવી રહ્યો છે.

# સેન્સેક્સ 326 પોઈન્ટ ઘટીને 76,910 પર બંધ: નિફ્ટીમાં 77 પોઈન્ટનો ઘટાડો રહ્યો, FMCG અને એનર્જી શેરોમાં વધુ વેચવાલી રહી

મુંબઈ, તા.19

આજના કારોબારી દિવસે ભારતીય શેરબજારમાં ભારે વેચવાલીનો માહોલ જોવા મળ્યો છે. 19 ઓગસ્ટના રોજ ભારતીય શેરબજારના બંને મુખ્ય સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી નોંધપાત્ર ઘટાડા સાથે બંધ થયા છે. દિવસ દરમિયાન બજારમાં સતત દબાણ જોવા મળ્યું હતું, જેમાં મુખ્યત્વે એફએમસીજી, મીડિયા અને એનર્જી ક્ષેત્રના શેરોમાં રોકાણકારો તરફથી સવારથી જ મોટું વેચાણ જોવા મળ્યું હતું. આ ક્ષેત્રોમાં થયેલી તીવ્ર વેચવાલીને કારણે સમગ્ર બજારનું સેન્ટિમેન્ટ નકારાત્મક બન્યું હતું. આ ઘટાડાનો સિલસિલો માત્ર આજ પૂરતો સીમિત નથી, પરંતુ ગઈકાલે એટલે કે 18 ઓગસ્ટના રોજ પણ ભારતીય બજારમાં મોટો ઘટાડો નોંધાયો હતો. સતત બે દિવસથી થઈ રહેલા આ ઘટાડાને કારણે રોકાણકારોની સંપત્તિમાં ધોવાણ થયું છે અને બજાર પોતાના મહત્વના સ્તરોથી નીચે સરકી ગયું છે.



ભારતીય બજારમાં જોવા મળી રહેલી આ મંદી પાછળ વૈશ્વિક બજારોની નબળાઈ પણ મુખ્ય કારણ માનવામાં આવી રહી છે. વૈશ્વિક સ્તરે અમેરિકી અને એશિયન બજારોમાંથી પણ ચિંતાજનક સંકેતો મળી રહ્યા છે. 18 ઓગસ્ટના રોજ અમેરિકી શેરબજારના તમામ પ્રમુખ સૂચકાંકો ડાઉ જોન્સ, નાસ્ડેક અને એસ એન્ડ પી 500 કડાકા સાથે લાલ નિશાનમાં બંધ થયા હતા. અમેરિકી બજારની આ મંદીની અસર આજે એશિયન બજારો પર પણ સ્પષ્ટપણે જોવા મળી હતી. દક્ષિણ કોરિયાના કોસ્પી અને જાપાનના નિકેઈ જેવા અગ્રણી એશિયન ઈન્ડેક્સમાં ભારે ઘટાડો નોંધાયો હતો, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ મામૂલી સુધારા સાથે કારોબાર કરી રહ્યો હતો. વૈશ્વિક બજારોમાં વધી રહેલી અસ્થિરતા વચ્ચે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) ભારતીય બજારમાંથી સતત પોતાના નાણાં પાછા ખેંચી રહ્યા છે અને છેલ્લા સાત દિવસમાં તેમણે મોટા પાયે વેચવાલી કરી છે. જોકે, આ મુશ્કેલ સમયમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) સતત ખરીદી કરીને બજારને ટેકો આપવાનો પ્રયાસ કરી રહ્યા છે.

એક તરફ સેકન્ડરી માર્કેટમાં ઘટાડાનો માહોલ છે, તો બીજી તરફ પ્રાઈમરી માર્કેટ એટલે કે આઈપીઓ ક્ષેત્રે જબરદસ્ત ઉત્સાહ અને ધમધમાટ જોવા મળી રહ્યો છે. ઈ-કોમર્સ લોજિસ્ટિક્સ ક્ષેત્રની જાણીતી કંપની શિપરોકેટ લિમિટેડના શેરે આજે સ્ટોક એક્સચેન્જ પર ધમાકેદાર બોહણી કરી છે. કંપનીનો શેર તેના મૂળ ઈશ્યુ પ્રાઈસ સામે ખુબ જ ઊંચા પ્રીમિયમ પર લિસ્ટ થયો છે, જેના કારણે પહેલા જ દિવસે શેર મેળવનારા રોકાણકારોને જબરદસ્ત વળતર મળ્યું છે. આ ઉપરાંત, પ્રાથમિક બજારમાં રોકાણની નવી તકો પણ સામે આવી રહી છે. ગાઝા અલ્ટરનેટિવ એસેટ મેનેજમેન્ટનો નવો આઈપીઓ આજથી રોકાણકારો માટે ખુલ્લો મુકાયો છે. કંપની આ આઈપીઓ દ્વારા મોટું ભંડોળ એકત્ર કરવાની યોજના ધરાવે છે અને રોકાણકારો પાસે આગામી થોડા દિવસો સુધી આમાં બોલી લગાવવાની ઉત્તમ તક રહેશે.

# ખાવા-પીવાની ચીજ વસ્તુઓ મોંઘી થશે: સામાન્ય માણસના ખિસ્સા પર સીધી અસર, સરકારને ₹3 લાખ કરોડનો બોજ વધશે, જેપી મોર્ગનનું એલર્ટ

મુંબઈ, તા.19

વૈશ્વિક ફાઈનાન્સિયલ સર્વિસિસ ફર્મ જેપી મોર્ગન દ્વારા જાહેર કરવામાં આવેલા એક તાજેતરના અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે વર્ષ 2027 સુધીમાં ભારતમાં ખાદ્યપદાર્થોના ભાવમાં નોંધપાત્ર અને ચિંતાજનક વધારો થઈ શકે છે. આ વૈશ્વિક સંકટને કારણે ભારત સરકાર પર ખાતર સબસિડીનો બોજ વધીને 3 લાખ કરોડ રૂપિયાથી પણ વધુ થઈ જવાની શક્યતા છે. રિપોર્ટ અનુસાર આ મોંઘવારીની અસર માત્ર ભારત પૂરતી સીમિત નહીં રહે પરંતુ સમગ્ર વિશ્વ પર જોવા મળશે. ખાતરની વધતી અછત, વિવિધ દેશો વચ્ચેનો ભૌગોલિક રાજકીય તણાવ અને તેની સાથે જ શક્તિશાળી 'સુપર અલ નીનો' વાવાઝોડાનું આગમન આ ખાદ્ય સંકટને વધુ ઘેરું અને ગંભીર બનાવશે. આંકડા દર્શાવે છે કે વર્ષ 2026ના પ્રથમ છ મહિનામાં વૈશ્વિક સ્તરે ખાદ્યપદાર્થોના ભાવમાં 2.8 ટકાનો વધારો થયો હતો, જે વર્ષ 2027ના પ્રથમ છ મહિના સુધીમાં વધીને 5 ટકા સુધી પહોંચી શકે છે. ભારત માટે આ સ્થિતિ વધુ ગંભીર એટલા માટે છે કારણ કે દેશમાં ખાતરના ભાવ પહેલેથી જ ઊંચા સ્તરે છે.



આ સંકટ પાછળ મિડલ ઈસ્ટ એટલે કે આરબ દેશોની સ્થિતિ અને ગેસના દરો મુખ્ય ભાગ ભજવી રહ્યા છે. વિશ્વમાં વપરાતા કુલ યુરિયાનો 42 ટકા અને એમોનિયાનો 27 ટકા હિસ્સો મિડલ ઈસ્ટમાંથી સપ્લાય થાય છે. જો ત્યાં કોઈ યુદ્ધ કે રાજકીય અસ્થિરતાને કારણે સપ્લાય ચેન ખોરવાય, તો સમગ્ર વિશ્વમાં ખાતરની અછત સર્જાશે અને ભાવ અસાધારણ રીતે વધી જશે. ઉપરાંત, યુરિયા જેવા ખાતરોના ઉત્પાદનમાં નેચરલ ગેસનો ઉપયોગ મુખ્ય કાચા માલ તરીકે થાય છે, જેથી ગેસ મોંઘો થતાં ખાતરનું ઉત્પાદન પણ મોંઘું થશે. ખાતરના ભાવ વધવાથી ખેડૂતો તેનો ઉપયોગ ઘટાડશે, જેની સીધી નકારાત્મક અસર પાકની ઉપજ પર પડશે. આ સિવાય, જો સંકટના કારણે ખાતરના કારખાના કે ગેસ પ્લાન્ટ્સ પ્રભાવિત થાય છે, તો તેમને પૂર્વવત કાર્યરત થવામાં 1 થી 5 વર્ષ સુધીનો લાંબો સમય લાગી શકે છે.

ભારતમાં ખાતરના ભાવ અને સરકારી સબસિડીનું ગણિત પણ ખૂબ જ નાજુક વળાંક પર છે. ભારત વિશ્વમાં યુરિયાનો સૌથી મોટો આયાતકાર દેશ છે, જ્યાં ખેડૂતોને 45 કિલોની યુરિયાની બેગ માત્ર 266.50માં આપવામાં આવે છે, જ્યારે સરકાર તેને આંતરરાષ્ટ્રીય બજારમાંથી આના કરતાં દસ ગણાથી પણ વધુ ભાવે ખરીદે છે. આ તફાવતનો આખો ખર્ચ સરકાર 'ખાતર સબસિડી' તરીકે ઉઠાવે છે, જે આ વર્ષે 3 લાખ કરોડ વટાવી જાય તેવી ધારણા છે. જો મિડલ ઈસ્ટનું સંકટ લાંબું ખેંચાશે તો સરકાર સામે બે જ વિકલ્પો બચશે - કાં તો સરકારી તિજોરી પર ભારે નુકસાન વેઠીને સબસિડી ચાલુ રાખવી અથવા ખેડૂતો પર ભાવ વધારાનો બોજ નાખવો, જે ખેતીની ઉપજ ઘટાડી શકે છે.

ખાતરની અછતની સાથે હવામાનનું સંતુલન બગડવું પણ એક મોટો પડકાર બનશે. જેપી મોર્ગનના અંદાજ મુજબ 2026ના અંત સુધીમાં ખતરનાક 'સુપર અલ નીનો' આવવાની 81 ટકા સંભાવના છે, જે 2027 સુધી લંબાઈ શકે છે. અલ નીનોના કારણે તાપમાન વધવાથી અને હવામાન ખરાબ થવાથી વૈશ્વિક સ્તરે પાકની સરેરાશ ઉપજમાં 3.5 ટકાનો ઘટાડો થઈ શકે છે, જેનાથી દુનિયાભરમાં ખાદ્ય મોંઘવારીમાં 1.5 ટકાનો વધારો થશે. ભારતીય કૃષિ ક્ષેત્ર મોટાભાગે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા પર નિર્ભર હોવાથી અલ નીનો સામાન્ય રીતે નબળા વરસાદ સાથે જોડાયેલું માનવામાં આવે છે. જોકે, ભૂતકાળમાં એવું પણ બન્યું છે કે 1997માં મજબૂત અલ નીનો હોવા છતાં 'ઈન્ડિયન ઓશન ડિપોલ' જેવા સાનુકૂળ પરિબળોના કારણે ભારતમાં સામાન્ય કરતાં 2 ટકા વધુ વરસાદ નોંધાયો હતો, તેથી હવામાનની ચોક્કસ અસર આવનારા સમયના દરિયાઈ પરિબળો પર પણ આધાર રાખશે.

# રૂપિયાને ઘટતો અટકાવવાની જરૂર નથી: PM સલાહકારે કહ્યું- બજારને ચલણનું સ્તર નક્કી કરવા દેવું જોઈએ, ભારત મોંઘવારી નિયંત્રિત કરવા પર ફોકસ કરે

નવી દિલ્હી, તા.19

વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય સંજીવ સાન્યાલે દેશના અર્થતંત્ર અને ચલણ નીતિને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે ભારતે ભારતીય રૂપિયામાં આવી રહેલા ઘટાડાને રોકવા માટે જબરદસ્તી પ્રયાસો ન કરવા જોઈએ, પરંતુ તેને બજારની સ્થિતિ અને માગ-પુરવઠાના નિયમો અનુસાર પોતાનું કુદરતી સ્તર નક્કી કરવા દેવું જોઈએ. સાન્યાલના મતે નીતિ નિર્માતાઓનું મુખ્ય ધ્યાન ચલણના દરને નિયંત્રિત કરવાને બદલે દેશમાં મોંઘવારી દરને યોગ્ય મર્યાદામાં જાળવી રાખવા પર હોવું જોઈએ. જ્યારે દેશે 'ઈન્ફ્લેશન ટાર્ગેટિંગ ફ્રેમવર્ક' અપનાવ્યું હતું, ત્યારે જ એ સ્પષ્ટ થઈ ગયું હતું કે ભારતે કરન્સી એક્સચેન્જ રેટ પર અંકુશ રાખવાને બદલે એક સ્વતંત્ર મોનેટરી પોલિસી પસંદ કરી છે, કારણ કે ઓપન કેપિટલ એકાઉન્ટ ધરાવતા ભારત જેવા મોટા અને આંતરિક રીતે મજબૂત દેશ માટે એક સાથે બંને લક્ષ્યો હાંસલ કરવા શક્ય નથી.



ભારતમાં અમલમાં મુકાયેલી ઈન્ફ્લેશન ટાર્ગેટિંગ પ્રણાલીની સફળતાનો ઉલ્લેખ કરતા સાન્યાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ નીતિએ દેશમાં ખુબ જ ઉત્કૃષ્ટ પરિણામો આપ્યા છે. ભૂતકાળમાં એક સમય એવો હતો જ્યારે ભારતમાં મોંઘવારી દર 8 ટકાથી લઈને 12 ટકા સુધીની ઊંચી સપાટીએ રહેતો હતો, પરંતુ છેલ્લા એક દાયકામાં આ કડક નાણાકીય નીતિના કારણે મોંઘવારી સફળતાપૂર્વક ઘટીને 2 ટકાથી 6 ટકાની સુનિશ્ચિત રેન્જમાં આવી ગઈ છે. સાન્યાલે સ્પષ્ટ કર્યું કે રૂપિયાને બજારના ભરોસે છોડવાનો અર્થ એ બિલકુલ નથી કે રિઝર્વ બેંક કે સત્તાધીશો સંપૂર્ણપણે નિષ્ક્રિય થઈ જશે. દેશના ફોરેક્સ રિઝર્વ એટલે કે વિદેશી મુદ્રા ભંડારનો ઉપયોગ ચલણમાં થતા અચાનક કે તીવ્ર ઉતાર-ચઢાવને નિયંત્રિત કરવા અને આર્થિક આંચકાઓને પહોંચી વળવા માટે ચોક્કસ કરી શકાય, પરંતુ તેનો ઉપયોગ રૂપિયાને તેના વાસ્તવિક અને સ્વાભાવિક સ્તરે પહોંચતા અટકાવવા માટે ન થવો જોઈએ.

સામાન્ય રીતે રૂપિયો નબળો પડવો એ અર્થતંત્ર માટે નુકસાનકારક માનવામાં આવે છે, પરંતુ સાન્યાલના મતે જો ઘરેલુ સ્તરે મોંઘવારી અંકુશમાં હોય તો નબળા રૂપિયાથી ભારતીય નિકાસકારોને આંતરરાષ્ટ્રીય બજારમાં મોટો સ્પર્ધાત્મક લાભ મળે છે. દુનિયાભરના દેશોના ચલણમાં સતત ફેરફારો થતા હોય છે, તેથી જો દેશની અંદર વસ્તુઓની કિંમતો સ્થિર રહે તો ચલણનો ઘટાડો આર્થિક વિકાસમાં અવરોધ બનતો નથી. તેમણે ભારત અને ચીનની આર્થિક નીતિઓ વચ્ચેનો તફાવત દર્શાવતા કહ્યું કે ભારત ચીનની જેમ વેપારમાં ફાયદો મેળવવા માટે જાણીજોઈને પોતાના ચલણને નબળું પાડતું નથી. ભારતની આ પ્રક્રિયા સંપૂર્ણપણે કુદરતી અને બજાર આધારિત છે, જેમાં લાંબા ગાળે પર્ચેઝિંગ પાવર પેરિટી એટલે કે ક્રય શક્તિ ક્ષમતા પોતાના સાચા દર નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

અર્થશાસ્ત્રના દૃષ્ટિકોણથી આ સમગ્ર સ્થિતિને સમજવા માટે બે મુખ્ય ખ્યાલોને જાણવા જરૂરી છે. જેમાં પ્રથમ 'ઈન્ફ્લેશન ટાર્ગેટિંગ ફ્રેમવર્ક' છે, જે એક એવી નાણાકીય નીતિ છે જેના હેઠળ દેશની સેન્ટ્રલ બેંક એટલે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા મોંઘવારી દરને 2 ટકાથી 6 ટકાની નિર્ધારિત મર્યાદામાં જાળવી રાખવાનું લક્ષ્ય રાખે છે જેથી ભાવસ્થિરતા બની રહે. બીજો મહત્વનો ખ્યાલ 'પર્ચેઝિંગ પાવર પેરિટી' (PPP) છે, જે બે અલગ-અલગ દેશોના ચલણની ખરીદશક્તિની સરખામણી કરતું એક આર્થિક માપદંડ છે. જો દેશમાં ફુગાવો અંકુશમાં રહે તો ચલણમાં આવતો ઓર્ગેનિક ઘટાડો દેશના અર્થતંત્રને લાંબા ગાળે વધુ મજબૂત અને સ્વતંત્ર બનાવે છે.

# ચાંદી ₹5,772 ઘટીને ₹2.27 લાખ પ્રતિ કિલો પર આવી: 10 ગ્રામ સોનાનો ભાવ ₹1,196 ઘટીને ₹1.53 લાખ થયો

મુંબઈ, તા.19

આજના કારોબારી દિવસે સ્થાનિક બુલિયન બજારમાં કિંમતી ધાતુઓ એટલે કે સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના આંકડા અનુસાર એક જ દિવસમાં પ્રતિ કિલો ચાંદીની કિંમતમાં હજારો રૂપિયાનો કડાકો બોલાઈ ગયો છે, જ્યારે ૨૪ કેરેટ સોનાના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા કેટલાક સમયથી સતત વધી રહેલા ભાવ બાદ બજારમાં અચાનક આવેલી આ મંદી પાછળ મુખ્યત્વે બે મોટા પરિબળો જવાબદાર માનવામાં આવી રહ્યા છે. પ્રથમ કારણ એ છે કે વિતેલા દિવસોમાં સોના-ચાંદીમાં આવેલી મોટી તેજી બાદ વેપારીઓ અને રોકાણકારોએ ઉચ્ચ સ્તરે નફો વસૂલવાનું શરૂ કર્યું હતું, જેના કારણે બજારમાં વેચવાલીનું દબાણ વધી ગયું હતું. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો ઊંચા સ્તરે પહોંચવાના કારણે મોંઘવારી વધવાનો ભય ઊભો થયો છે, જેનાથી અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરો લાંબા સમય સુધી ઊંચા રાખવાની શક્યતાઓ પ્રબળ બની છે. ઊંચા વ્યાજદરની આ સ્થિતિ સોના-ચાંદી જેવા સલામત રોકાણના સાધનો માટે નકારાત્મક માનવામાં આવે છે.



જો ચાલુ વર્ષના એકંદર ટ્રેન્ડ પર નજર કરીએ તો સોના અને ચાંદી બંનેમાં જબરદસ્ત ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં હજારો રૂપિયાનો વધારો નોંધાઈ ચૂક્યો છે, જે તેના અગાઉના વર્ષના અંતિમ બંધ ભાવથી ઘણો ઊંચો છે. બીજી તરફ ચાંદીના ભાવમાં વર્ષની શરૂઆતની સરખામણીએ થોડો ઘટાડો જોવા મળ્યો છે. ચાલુ વર્ષ દરમિયાન જ સોનું અને ચાંદી બંને પોતપોતાના ઓલટાઈમ હાઈ એટલે કે અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પણ પહોંચી ચૂક્યા છે. ભાવમાં આવેલા આ તીવ્ર ઘટાડા વચ્ચે કોમોડિટી ક્ષેત્રના નિષ્ણાતો રોકાણકારોને સલાહ આપી રહ્યા છે કે સોના-ચાંદી પોતાના ઉચ્ચ સ્તરથી નીચે આવ્યા હોવાથી રોકાણ માટે આ યોગ્ય તક બની શકે છે. જોકે, નિષ્ણાતો એકસાથે મોટી રકમનું રોકાણ કરવાને બદલે તબક્કાવાર રોકાણ કરવાની સલાહ આપે છે, કારણ કે વર્ષના અંત સુધીમાં આ કિંમતી ધાતુઓ ફરી એકવાર નવી ઊંચાઈઓ તરફ આગળ વધે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાવની આ વધઘટ વચ્ચે જ્વેલર્સ પાસેથી સોના-ચાંદીની ખરીદી કરતી વખતે ગ્રાહકોએ કેટલીક અત્યંત મહત્વપૂર્ણ સાવચેતીઓ રાખવી જરૂરી છે. સોનું ખરીદતી વખતે હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડનો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ પસંદ કરવું જોઈએ, જેના પર રહેલા વિશિષ્ટ આલ્ફાન્યૂમેરિક કોડથી સોનાની શુદ્ધતા અને કેરેટની ચોક્કસ માહિતી મળે છે. આ ઉપરાંત ખરીદીના દિવસે જ વિવિધ અધિકૃત સ્ત્રોતો પરથી ૨૪, ૨૨ કે ૧૮ કેરેટ પ્રમાણે સોનાનો સાચો ભાવ ક્રોસ ચેક કરી લેવો જોઈએ. જ્વેલર્સ દ્વારા લેવામાં આવતા મેકિંગ ચાર્જ એટલે કે ઘડામણ પર પણ ગ્રાહકો ભાવતાલ કરી શકે છે, કારણ કે આ ચાર્જ નિશ્ચિત હોતો નથી અને મોટી ખરીદી સમયે લેબર કોસ્ટનું બ્રેકઅપ માંગીને વધુ સારી ડીલ મેળવી શકાય છે. તે જ રીતે અસલી ચાંદીની ઓળખ કરવા માટે પણ કેટલીક સરળ ઘરેલું પદ્ધતિઓ છે, જેમાં ચુંબક પ્રત્યે આકર્ષણ ન થવું, બરફ મૂકતા જ ઝડપથી પીગળી જવો, કોઈ વિશેષ ગંધ ન હોવી અને સફેદ કપડાથી ઘસતાં કાળો ડાઘ પડવો જેવા ભૌતિક પરીક્ષણો દ્વારા ચાંદીની અસલિયત સરળતાથી ચકાસી શકાય છે.

# CNGમાં સબ્સિડી આપવા રિક્ષાચાલકોની માગ: સરકારે ભાડામાં વધારો મંજૂર કર્યો

## ઓનલાઈન એપ્લિકેશને વધારો ન આપતા રિક્ષાચાલકોની બહિષ્કારની ચીમકી

**અમદાવાદ, તા.19**

છેલ્લા કેટલાક સમયથી અદાણી CNG દ્વારા ભાવમાં વધારો કરવામાં આવી રહ્યો છે તો ગુજરાત ગેસ દ્વારા CNGના ભાવમાં 3.75 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. સતત CNGના ભાવ વધતા CNG પર સબસિડી આપવામાં આવે તેવી રિક્ષા ચાલકોએ દ્વારા માંગ કરી છે. અમદાવાદ રીક્ષા ચાલક એકતા યુનિયન દ્વારા 20થી 30 રૂપિયા જેટલી રિક્ષા ચાલકોને સબસિડી આપવામાં આવે તેવી સરકાર પાસે માંગ કરી છે. તેમજ સરકારે ભાડું વધાર્યું પરંતુ ઓનલાઈન એપ્લિકેશનમાં ભાડામાં વધારો કરવામાં ન આવતા તેના સામે વિરોધ નોંધાવ્યો છે. ઓનલાઈન એપ્લિકેશન સામે આગામી સમયમાં ઉગ્ર વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.



CNGના ભાવમાં સતત વધારો થતા થોડા દિવસ પહેલા સરકાર દ્વારા મિનિમમ ભાડું 25 રૂપિયા અને રનિંગ ભાડું 20 રૂપિયા કરવામાં આવ્યું હતું. જો કે તે બાદ પણ સરકારના નિયમ પ્રમાણે ઓનલાઈન એપ્લિકેશન દ્વારા ભાડામાં વધારો કરવામાં આવ્યો નથી. જેથી રીક્ષાચાલકોએ ચીમકી ઉચ્ચારી છે કે, 31 ઓગસ્ટ સુધીમાં ઑનલાઇન એપ્લિકેશનમાં ગેરકાયદાર સફેદ નંબર પ્લેટ વગર ચાલતી ટુ વ્હીલર બંધ કરવામાં આવે અને સરકારી નિયમ પ્રમાણે એપ્લિકેશનમાં ઑનલાઇન ભાડું વધારવામાં નહીં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની તૈયારી દર્શાવી છે. તેમજ માંગણી નહીં સ્વીકારે તો અમદાવાદ રીક્ષા ચાલક એકતા યુનિયન સાથે જોડાયેલા 2.50 લાખ અને ગુજરાતની 15 લાખ રિક્ષા ચાલકોએ ઓનલાઇન એપ્લિકેશનનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે.

અમદાવાદ રીક્ષા ચાલક એકતા યુનિયનના પ્રમુખ વિજય મકવાણાએ જણાવ્યું હતું કે, વધતા જતા CNGના ભાવનો અમે સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ. રીક્ષા ચાલકો સીધા CNG સાથે સંકળાયેલા છે એકપણ રૂપિયો ભાવ વધે તો તેની સીધી અસર થતી હોય છે. જ્યારે વધારો કરવામાં આવતો હોય છે ત્યારે તેનો અમે સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ. રિક્ષાના ભાડામાં વધારો કરવામાં આવ્યો છે પરંતુ ઓનલાઈન એપ્લિકેશન દ્વારા ભાડામાં વધારો કરવામાં આવ્યો નથી. ઓનલાઇન એપ્લિકેશન દ્વારા રીક્ષા ચાલકોનું શોષણ કરવામાં આવી રહ્યું છે. જેથી ઓનલાઇન એપ્લિકેશનના વિરોધમાં મોટું આંદોલન કરવામાં આવશે. અમદાવાદ અને ગુજરાતભરના રીક્ષા ચાલકો ઓનલાઈન એપ્લિકેશનનો બહિષ્કાર કરવાના છે. સફેદ નંબર પ્લેટ સાથે જે ટુ વ્હીલર ચાલી રહ્યા છે તેને બંધ કરવા માટે અનેક વખત રજૂઆત કરવામાં આવે છે. પરંતુ હજી સુધી કોઈ પગલા લેવામાં આવ્યા નથી. જેથી તેને બંધ કરવામાં આવે તેવી અમારી માંગ છે.

વધુમાં વિજય મકવાણાએ જણાવ્યું હતું કે, જે પ્રમાણે CNGના ભાવ સતત વધી રહ્યા છે તેને જોતા રિક્ષા ચાલકોને સબસિડી આપવામાં આવે તેવી પણ અમે માંગ કરીએ છીએ. કારણ કે CNG નો ભાવ જે વધે છે તેની અસર રિક્ષા ભાડા પર પડે છે. તેમજ જ્યારે રિક્ષા ભાડું વધતું હોય ત્યારે તેનો બોઝ જનતા પર પડતી હોય છે. જેથી જનતા પર ભાડાના વધારાનો બોઝ પડે તેવું અમે નથી ઈચ્છતા જેના કારણે સરકારને વિનંતી કરીએ છીએ કે CNG પર રિક્ષા ચાલકોને સબસિડી આપવામાં આવે. 20થી 30 રૂપિયા જેટલી સબસિડી આપવામાં આવે તેવી સરકાર પાસે માંગણી કરીએ છીએ. જો સબસિડી આપવામાં આવશે તો ભાડામાં પણ અમે ઘટાડો કરીશું. 6 મહિનામાં જ 12થી 15 રૂપિયા સુધીનો CNGના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. તેમજ ગુજરાત ગેસના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે જેથી અદાણી દ્વારા હજુ પણ CNG ના ભાવમાં વધારો કરવામાં આવી શકે છે. પેટ્રોલ સમકક્ષ ભાવ થઈ જતા રિક્ષા ચલાવવી મુશ્કેલ બની ગઈ છે.

# 24 કલાકમાં રાજ્યના 18 તાલુકામાં વરસાદ: આગામી 7 દિવસ ગાજવીજ સાથે મધ્યમ વરસાદની આગાહી

## રાજ્યમાં 2 ટકા ઓછો વરસાદ, સૌરાષ્ટ્ર-કચ્છમાં 26 ટકા વરસાદની ઘટ

**અમદાવાદ, તા.19**

છેલ્લા 24 કલાકમાં રાજ્યના 18 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ તાપીના નિઝરમાં 11 mm (0.43 ઈંચ) વરસાદ પડ્યો છે. જ્યારે ડાંગના વઘઈમાં 10 mm અને નવસારીના ગણદેવીમાં 8 mm વરસાદ નોંધાયો છે. આજે રાજ્યના કોઈ જિલ્લામાં ભારે વરસાદની શક્યતા નથી, પરંતુ આગામી સાત દિવસ વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. જ્યારે 18 અને 19 ઑગસ્ટે માછીમારો પણ ચેતવણી જાહેર કરવામાં આવી છે. એટલે કે 45થી 55 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.



હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, આગામી 7 દિવસ સામાન્ય વરસાદની કરવામાં આવી છે. અત્યારે કુલ 4 સિસ્ટમ સક્રિય છે. જેમાં ડિપ્રેશન, મોંનસુન ટ્રફ, સાકલોનીક સર્ક્યુલેશન, ટ્રફ સક્રિય છે. રાજ્યમાં સરેરાશ 510.7 mm વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સામાન્ય કરતા 2 ટકા વરસાદની ઘટ જોવા મળી છે. સૌરાષ્ટ્ર કચ્છમાં 26 ટકા વરસાદની ઘટ જોવા મળી છે. આજે 19 ઑગસ્ટથી 23 ઓગસ્ટ દરમિયાન ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં તેમજ દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ કેટલાક સ્થળોએ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. 23 અને 24 ઓગસ્ટે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ થઈ શકે છે. 24થી 25 ઓગસ્ટ દરમિયાન પણ રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી છે. જ્યારે 25થી 27 ઓગસ્ટ દરમિયાન પણ હવામાનમાં મોટા ફેરફારની શક્યતા નથી. અમદાવાદમાં આજે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે એકથી બે વખત ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. અમદાવાદનું મહત્તમ તાપમાન 33 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 25.4 ડિગ્રી નોંધાયું છે. જ્યારે 1 જૂનથી અત્યાર સુધીમાં અમદાવાદમાં 593.1 મિમી (23.35 ઈંચ) વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં 65.6 મિમી (2.58 ઈંચ) વધુ છે.

# ભાવનગરમાં નકલી દારૂના વેચાણથી થયેલા મોતની તપાસ SMCને સોંપાઈ: મોડી રાત્રે એરપોર્ટ પર સંઘવીની ઈમરજન્સી મિટિંગ

## DGP સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા

**અમદાવાદ, તા.19**

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા મોડી રાત્રે અમદાવાદ એરપોર્ટ ખાતે રાજ્ય પોલીસ વડા જી.એસ મલિક અને આઈબીના વડા તેમજ અમદાવાદ પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. ભાવનગરમાં નકલી દારૂના વેચાણથી થયેલા મોત અને લોકોની તબિયત લથડી હોવાના પગલે નાયબ મુખ્યમંત્રીએ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. સૂત્રો મુજબ સમગ્ર મામલે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને તપાસ સોંપવામાં આવી છે. એસપી મયુર ચાવડાને તાત્કાલિક ભાવનગર મોકલી આ ઘટનામાં કડકમાં કડક કાર્યવાહી કરવાની સૂચના આપી છે.



ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાલ મુખ્ય સચિવ એમ.કે. દાસ સહિત ઉચ્ચ IAS અધિકારીઓ સાથે વાયબ્રન્ટ ગુજરાત માટે વિદેશ પ્રવાસે ગયા હતા. દરમિયાનમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દિલ્હી ગયા હતા અને મંગળવારે મોડી રાત્રે અમદાવાદ એરપોર્ટ પર પાછા ફર્યા હતા. તેમના આગમન પહેલાં જ ગુજરાતના પોલીસ વડા જી. એસ.મલિક સહિતના અધિક પોલીસ મહાનિર્દેશક તેમજ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ તથા સરકારના ઉચ્ચ અધિકારીઓ પણ અમદાવાદ એરપોર્ટ પર પહોંચી ગયા હતા.

# અમદાવાદમાં ખાડાઓ પુરવા માટે AI ટેકનોલોજીનો ઉપયોગ થશે

## નાગરિકો ફોટો મોકલીને ફરિયાદ કરતા જ AIથી જગ્યા AMC શોધી લેશે, Before-Afrerના ફોટા મોકલાશે

**અમદાવાદ, તા.19**

અમદાવાદમાં હવે ખાડાઓ પુરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન AI ટેકનોલોજીનો ઉપયોગ કરશે. વિવિધ વિસ્તારોમાં પડતા ખાડાઓ કોર્પોરેશનના ઝોન અને વોર્ડના અધિકારીઓને જે દેખાતા નથી. નાગરિકો ખરાબ રોડ, ભુવા વગેરેની ઓનલાઈન ફરિયાદમાં જગ્યાનો ફોટો મોકલશે, તેમાં AI મારફતે ચોક્કસ જગ્યા પર જે તે વિસ્તારના અધિકારી સુધી પહોંચી જશે. નાગરિકે કરેલી ફરિયાદનો નંબર વોટ્સએપ આપવામાં આવશે. જ્યારે કામગીરી પૂર્ણ થશે ત્યારે before-afterના ફોટા પણ નાગરિકોને મોકલવામાં આવશે.



રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીના ચેરમેન જૈનિક વકીલે કહ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી CCRS System અંતર્ગત AMC Seva App તથા CCRSની APP દ્વારા નાગરીકો રોડની વિવિધ ફરિયાદો જેવી કે ખાડો, સમારકામ, ફૂટપાથ રિપેરિંગના ફક્ત ફોટો અપલોડ કરી ફરિયાદ નોંધાવી શકાશે. જેમાં ફક્ત ફોટો અપલોડ કરવાથી GPS લોકેશનને આધારે ઝોન અને વોર્ડની પરફેક્ટ જગ્યા ઓટોમેટિક મળી જશે.

ફરિયાદ જે તે સંબંધિત ઝોન વોર્ડ અને અધિકારીને ફરિયાદની તેની જાતે જ ફાળવણી કરવામાં આવશે. ફરિયાદની કેટેગરીમાં ઓટોમેટીક AIથી સિલેક્ટ થઈ જશે તેમજ નાગરિકએ કરેલી ફરિયાદનું ટોકન નાગરિકને વોટ્સએપના માધ્યમથી આપવામાં આવશે. તેમની ફરિયાદ સફળતાપૂર્વક બંધ થયા પછી વોટ્સએપથી before / Afterના ફોટો મળી જશે.

નાગરીકોએ એકવાર AMC Seva App અથવા AMC CCRSની એપમાં રજિસ્ટર કરવાનું રહેશે. એક જ લોકેશન અને સમાન પ્રકારની વધારે ફરિયાદોને AI આધારિત ક્લસ્ટરીંગ દ્વારા ભેગી કરી ડુપ્લીકેટ ફરિયાદો ઘટાડીને ઝડપી અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. ટેલીફોનથી થતી ફરિયાદોમાં નાગરિકોને ઝોન અથવા વોર્ડની માહિતી હોતી નથી, તેવા સંજોગોમાં Landmark જગ્યાને આધારે Google ઈન્ટિગ્રેશનથી ફરિયાદનું લોકેશન ઓળખી GIS મેપિંગના આધારે સંબંધિત ઝોન વોર્ડ અને અધિકારીને ફરિયાદની સ્વયં સંચાલિત ફાળવણી કરાશે.

મોબાઈલ એપ્લિકેશન સિવાય whatsapp, ટેલીફોન, ઈમેલ સોશિયલ મીડિયા સહિત વિવિધ માધ્યમોથી ફરિયાદ નોંધાવવાની સુવિધા ઉપલબ્ધ થશે. જેથી નાગરિકો પોતાની અનુકૂળતા મુજબ કોઈપણ માધ્યમથી સરળતાથી ફરિયાદ નોંધાવી શકશે. AI ટેકનોલોજીનો ઉપયોગ કરી કોર્પોરેશનનું ફરિયાદ નિવારણ કરવાની સંપૂર્ણ પદ્ધતિ ઓનલાઇન માધ્યમથી તથા લેટેસ્ટ ટેકનોલોજીના આધારે ફરિયાદ નિવારણ સમયસર કરી શકાય તે મુજબની વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આવનાર સમયમાં અમલીકરણમાં મૂકશે.

# કંપનીના બોસ બની પૈસા પડાવવાનો સાયબર ગઠિયાઓનો ખેલ

## ચાંગોદરની કંપનીના એકાઉન્ટન્ટ પાસે 3 કરોડ ટ્રાન્સફર કરાવી લીધા, બોસ અને ભાગીદાર સાથે કોન્ફરન્સમાં વાત કરતા સ્કેમ સામે આવ્યું

**અમદાવાદ, તા.19**

ચાંગોદરમાં આવેલી એક કંપનીમાં સાયબર ગઠિયાઓએ 3 કરોડ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધાની ફરિયાદ નોંધાઈ છે. સાયબર ઠગોએ ખાનગી કંપનીના ડિરેક્ટરના નામે નકલી વોટ્સએપ પ્રોફાઈલ બનાવીને કંપનીના એકાઉન્ટન્ટ સાથે 3 કરોડની રકમની ઓનલાઈન પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી.ઠગે ડિરેક્ટરનો ફોટો અને નામ વાપરીને વોટ્સએપ પર એકાઉન્ટન્ટને વિશ્વાસમાં લીધા હતા અને એક અજાણ્યા બેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવી લીધા હતા. અસલી ડિરેક્ટર સાથે કોન્ફરન્સ કોલ પર વાત થતાં આ સમગ્ર છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો, જેના પગલે એકાઉન્ટન્ટે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

ગોતામાં રહેતા અને ચાંગોદરમાં ખાનગી કંપનીમાં કામ કરતા એકાઉન્ટન્ટે ફરિયાદ નોંધાવી છે કે 18 ઓગસ્ટએ સવારે એકાઉન્ટન્ટ કંપનીમાં કામ કરતા હતા ત્યારે તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો, જેમના ફોનમાં તે નંબર અચાનક કંપનીના ડિરેક્ટર નામે સેવ થઈ ગયો હતો અને તેમાં તેમનો જ ફોટો પ્રોફાઈલ પિક્ચરમાં હતો. બોસ બનીને વાત કરી રહેલા શખ્સે વોટ્સએપ પર કંપનીના બેંક એકાઉન્ટનું બેલેન્સ પૂછ્યું હતું.




એકાઉન્ટન્ટે 13 કરોડ પ્લસ CC 6 કરોડના બેલેન્સની માહિતી આપતા ઠગે બેંક એકાઉન્ટ નંબરની વિગતો આપી તેમાં 3 કરોડ રૂપિયા ચૂકવવાનો મેસેજ કર્યો હતો. ડિરેક્ટરનો જ મેસેજ હોવાનું માનીને એકાઉન્ટન્ટએ પેમેન્ટ માટે એક્સેલ ફાઈલ બનાવી બેંકના કંપનીના એકાઉન્ટમાંથી આ રકમ ટ્રાન્સફર કરવાની પ્રોસેસ કરી અને કંપનીના અન્ય ભાગીદાર પાસેથી ફોન પર એપ્રુવલ પણ લીધું હતું.

જે બાદ સવારે 11.46 વાગ્યે પેમેન્ટ સક્સેસ થયાનો મેઈલ આવ્યા બાદ 11.47 વાગ્યે અસલી બોસ અને તેમના ભાગીદાર સાથે કોન્ફરન્સ કોલ પર વાત થઈ ત્યારે ભાંડો ફૂટ્યો હતો કે બોસે આવો કોઈ મેસેજ કર્યો જ ન હતો. આખરે 3 કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનું જણાતા એકાઉન્ટન્ટે ગ્રામ્ય સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




